# ડેવિડ બાઉમન

## ગામડાં જગાવનાર મિશનરી



- સુરેન્દ્ર આસ્થાવાદી

108
2BGD2

# ડેવિડ બાઉમન

## (ગામડાં જગાવનાર મિશનરી)

: અર્પણ :

માનનીય શ્રી એમ. એમ. દાસને

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA …012-2103

સુરેન્દ્ર આસ્થાવાદી

• લેખક :
સુરેન્દ્ર દાઉદભાઈ આસ્થાવાદી

• પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬

• પ્રત : ૧,૧૦૦
(એક હજાર સો)

• મૂલ્ય :
રૂ. ૨૦-૦૦ વીસ રૂપિયા

• પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
અમદાવાદ

• મુદ્રક :
જેન્સન કોમ્પ્યુટર્સ
એ-૪, બેથલેહેમ ફ્લેટ, પટેલ વાડી,
મ્યુનિ. સ્નાનાગાર સામે, ખોખરા,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન : ૨૧૪૭૬૪૧

• પ્રાપ્તિસ્થાન :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
ઠે. સાહિત્ય સેવા સદન,
આઈ.પિ. મિશન કમ્પાઉન્ડ
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

# પ્રસ્તાવના

ગુજરાતમાં અમેરિકન મેથોડિસ્ટ મિશનરીઓની સેવાઓ ખૂબ જ પ્રસિદ્ધ છે. રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમન ગુજરાત ખાતે મેથોડિસ્ટ મંડળીમાં પોતાની સેવાઓ પ્રદાન કરનાર સૌથી છેલ્લાં અમેરિકન મિશનરીઓ હતાં. તેમના જીવન અને સેવાકાર્ય વિષે શ્રી આસ્થાવાદીએ જે સુંદર પુસ્તક લખ્યું છે તે ખરેખર આવકારદાયક છે.

મારા અંગત જીવન અને સેવાઓમાં આ મિશનરીઓ એટલે કે બાઉમન દંપતીએ મહત્ત્વનો ફાળો આપેલો છે. તેથી રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમનના જીવન પર લખાયેલા આ પુસ્તકની પ્રસ્તાવના લખવામાં હું અહોભાવ અને ગૌરવ અનુભવું છું.

પંચમહાલ જિલ્લાનું મુખ્ય સ્થળ ગોધરા મારું જન્મસ્થળ છે. ત્યાં આ મિશનરી દંપતીએ વર્ષો સુધી અવિરત મિશન-સેવા કરેલી છે. વળી મારી સેવાવિષયક કાર્યવાહીમાં મિશન અને મિશનરી કાર્ય એ મારા અભ્યાસ અને પ્રાયોગિક શિક્ષણનું મુખ્ય લક્ષ્ય છે. તદુપરાંત શ્રીમતી ફેઈથ બાઉમને મેથોડિસ્ટ બાઈબલ સેમિનરી, વાસદમાં આપેલી શિક્ષણસેવાઓ તથા અહીંની અધ્યાપન સેવામાં આ દંપતી તરફથી યોગદાન પ્રાપ્ત થયેલાં છે. આ પરિબળોએ મને પ્રસ્તાવના લખવાનું પ્રેરક બળ પૂરું પાડેલું છે.

આ જીવનચરિત્રના લેખક શ્રી સુરેન્દ્રભાઈ આસ્થાવાદી આપણા સમાજના એક સારા સાહિત્યકાર છે. તેઓશ્રીએ આ મિશનરી દંપતીના જીવનચરિત્રનું પુસ્તક મનહર અને રસિક શૈલીમાં લખેલું છે. તેમણે રેવ.ડેવિડ તથા શ્રીમતી ફેઈથ બાઉમન એ બંનેનાં કુટુંબોની વિસ્તૃત માહિતી આપી છે. તેમના ઉછેરમાં તેમનાં માતાપિતાએ આપેલા ફળવાન ફાળાની વિગતો વિવિધ પ્રસંગો ટાંકીને રજૂ કરી છે.

આ મિશનરીઓના વ્યક્તિગત જીવનમાં તેમનાં માતાપિતાએ આપેલા ખ્રિસ્તી શિક્ષણની અસર આ પુસ્તકના વાચન દ્વારા અનુભવી શકાય છે. આત્મામાં જાગૃત અને તત્પર એવાં માતાપિતા એ રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથને ઇશ્વર તરફથી મળેલો અજોડ આશીર્વાદ હતો. આ આશીર્વાદ પ્રાપ્ત કરનાર બાળકોને ગરીબી કશી જ રુકાવટ કરી શકી નહિ. પણ તેઓ ઉદ્યોગ કરવામાં તત્પર થયાં અને તેમનાં જીવનોમાં આત્મિક વ્યક્તિત્વનું ઘડતર થયું.

પ્રભુના આ સેવક-સેવિકા પોતાની મિશનરી સેવામાં પગલાં માંડે તે પહેલાંના તેમના જીવનના ચડાવ-ઉતાર લેખકે ખૂબ જ અસરકારક રીતે રજૂ કર્યા છે. તેમાં સમાયેલાં બે સત્યો આપણા ધ્યાનને આકર્ષી જાય છે :

૧. મિશનરી સેવા માટે પ્રભુનું તેડું અને આધીનતા આવશ્યક છે. એ સમય અને સહનશક્તિ માગી લે છે.

૨. ઈશ્વર જ્યારે કોઈ વ્યક્તિને તેડે છે ત્યારે તે સઘળી બાબતોનો પ્રબંધ કરે છે. માર્ગદર્શન અને મદદ પૂરાં પાડે છે અને તમામ માર્ગોને ખુલ્લા કરી દે છે.

પાળક પિતા રેવ.એઝરાએ રેવ. ડેવિડના તેડામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો છે. તેમણે પોતાના પુત્રને હંમેશાં ઉત્તેજન આપેલું છે. એ બાબત હાલની આપણી મંડળીઓમાં માબાપો માટે પડકારરૂપ છે. વળી સેવાક્ષેત્રે શ્રીમતી ફેઈથના તેડામાં પાળકનું ઉત્તેજન અને બોજ મહત્ત્વનો ભાગ ભજવે છે. એ બાબત આજના પાળકવર્ગને તેમની પાળક વિષયક સેવાઓમાં ઉદાહરણરૂપ છે.

ઇશ્વરપિતાએ પોતાની અજાયબ યોજના દ્વારા ડેવિડ અને ફેઇથનો મેળાપ કરી આપ્યો, તેઓને એક બનાવ્યાં અને ગુજરાતમાં સેવા માટે તેઓને સમય, સંજોગો તથા સહાય પૂરાં પાડયાં છે.

મિશનરી સેવાના સંદર્ભમાં લેખક શ્રી આસ્થાવાદીએ તેમના દાંપત્યજીવનનું પાસું પણ વર્ણવેલું છે. રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથનાં મિશનરી તેડાં જુદાં જુદાં હતાં. આદર્શ અને આદરણીય દંપતી તરીકે તેઓએ ૪૦ વર્ષ સુધી ગુજરાતમાં પરસ્પરની સહાય અને સંગતમાં રહીને સેવા કરેલી છે. ઈશ્વરે તેમના દાંપત્યજીવનમાં બે દીકરાઓની ભેટ આપેલી છે.

આ મિશનરી કુટુંબે ગ્રામ્ય તથા આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી કેળવણી, ખેતીવાડી તથા ઈતર પ્રવૃત્તિઓ દ્વારા ગરીબો તેમ જ અનાથો મધ્યે અનેરી સેવા કરેલી છે. પોતાને તેડું આપનાર પ્રભુને વિશ્વાસુ રહીને પોતાનાં સેવાકાર્યોનાં અંતિમ વર્ષો સુધી તેમણે સેવા તત્પરતા જાળવી રાખી હતી.

નિવૃત્તિ પછી તેઓ પોતાના વતનમાં પાછાં ગયાં. પરંતુ તેમના હૃદયમાં ગુજરાતના લોકો પ્રત્યેની સેવાભાવના અને પ્રેમ જરાય ઓછાં થયેલાં ન હતાં. તેથી નિવૃત્તિ બાદ તેમણે ત્રણ ત્રણ વાર ગુજરાતની મુલાકાત લીધી છે. અને ગરીબ ગ્રામજનોને મદદ કરી છે.

ઈ.સ. ૧૯૯૫માં તેમની ગુજરાતની મુલાકાત દરમિયાન રેવ. ડેવિડ બાઉમને ૭૦ ગામડાંની મુલાકાત લીધી હતી. એ વખતે પૂરતા સમયને અભાવે તેમણે ૬ દિવસમાં ઉમરેઠ વિસ્તારનાં ૩૨ ગામોની મુલાકાત કરવામાં થાકની પરવા રાખ્યા સિવાય અવિરત પરિશ્રમ કર્યો હતો :

તેમના જીવન અને સેવાકાર્યનું આ પુસ્તક વાંચ્યા પછી મારે માત્ર આટલું જ કહેવું છે :

સેવામાં પ્રભુની મદદ માર્ગદર્શન લઈ રહીએ,
પ્રાર્થ સહ પંથે સુવાર્તા-બીજ લઈ જઈએ.

પ્રભુને માન ને મહિમા પૂરા મનથી દઈ દઈએ,
નમૂના રૂપ સેવાથી ફસલ મબલક લણી લઈએ.

જણાવતાં આનંદ થાય છે કે ગુજરાત કોન્ફરન્સે મિશનરી ચળવળ શરૂ કરી છે અને કેટલાંક મિશનક્ષેત્રો સ્થાપ્યાં છે.

મારી આશા છે કે આ મિશનક્ષેત્રમાં કામ કરનારા મિશનરીઓ અને પાળકો આ પુસ્તક વાંચીને ઉત્તમ નમૂનો પ્રાપ્ત કરશે અને આપણા જ લોકોની સેવા કરવા માટે બાઉમન કુટુંબની માફક પોતાને તન્મય કરશે.

આ પુસ્તકની હસ્તપ્રત હું સળંગ વાંચી ગયો છું. લેખકની ભાષાથી અને તેમની લેખન શૈલીથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. અને ગુજરાતની મેથોડિસ્ટ મંડળીના છેલ્લા મિશનરી કુટુંબના જીવનચરિત્રનું આવું સુંદર પુસ્તક લખવા બદલ લેખકને બિરદાવું છું. અને ગુજરાત કોન્ફરન્સના સભ્ય તથા પાળકોની તાલીમ શાળાના પ્રિન્સિપાલ તરીકે લેખક શ્રી સુરેન્દ્ર આસ્થાવાદીનો આભાર માનતાં પુનઃ તેમને અભિનંદન આપું છું. વળી તેમની પાસેથી આવાં વધારે પુસ્તકો મળતાં રહે એવી શુભેચ્છા અને પ્રાર્થના વ્યક્ત કરું છું.

વાસદ — રેવ. ડૉ. ડોમનિક ઈઝરાએલ

તા. ૨૯ માર્ચ, ૧૯૯૫

# લેખકનું નિવેદન

મિશનરી રેવ. ડેવિડ બાઉમનના જીવન અને કાર્ય વિષેના આ પુસ્તકના પ્રકાશન અગાઉ રેવ. જે.વી. એસ. ટેલરના જીવનચરિત્રનું મારું લખેલું પુસ્તક 'જોસફ વાન સોમરન ટેલર' ઈ.સ. ૧૯૯૩ના ઑક્ટોબરમાં પ્રસિદ્ધ થયેલું છે.

રેવ. ટેલર મૂળ લંડન મિશનરી સોસાયટીના અને ત્યારબાદ આઈ.પિ. મિશનના એક અદના મિશનરી હતા. તેમના જીવન વિષેની માહિતી મેળવવા માટે વિવિધ સંદર્ભ સાહિત્યનો અભ્યાસ અને સંશોધન કરતાં, સ્વદેશ છોડીને ગુજરાતમાં આવી ગયેલા મિશનરીઓ પ્રત્યે મને અદકેરા આદરની અનુભૂતિ થઈ આવી.

મિશનરી એટલે મિશનરી. પછી ભલે તે ગમે તે મિશન કે સંસ્થાના હોય. અહીંના લોકોને પોતીકા કે પરાયા માનવાની પળોજણમાં પડયા વિના તેમણે ગુજરાતની ભૂમિને પ્રભુની દ્રાક્ષાવાડી બનાવવા માટે અથાક પરિશ્રમ કરેલો છે. તેમનો જોટો જડવો મુશ્કેલ છે.

રેવ. ટેલર સાહેબનું પુસ્તક લખાતું હતું ત્યારે મેથોડિસ્ટ મંડળીના એક પાળક રેવ. એસ. યુ. પરમારે મારી સમક્ષ મિશનરી રેવ. ડેવિડ બાઉમનના જીવન-કાર્યનું આલેખન કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

તેમનો એ પ્રસ્તાવ મને સ્પર્શી ગયો હતો. કેમ કે મારાં પત્ની શ્રીમતી રૂથબહેન આસ્થાવાદીના પિયર સાસ્તાપુરની નાનકડી મેથોડિસ્ટ મંડળીમાં તથા આજુબાજુનાં ગામોના ખ્રિસ્તીઓમાં રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમનની સેવાની સુવાસ મેં અનુભવી હતી. મેં તેમને જોયાં હતાં અને પિછાણ્યાં હતા. એટલે પ્રભુના કામ પ્રત્યે અલગારી એવા આદરણીય મિશનરી રેવ. બાઉમન દંપતીના જીવનનું આલેખન કરવાનું મેં નક્કી કર્યું.

ટેલર સાહેબનું પુસ્તક પ્રકાશિત થઈ ગયા પછી મારા વડીલ જેવા આત્મીયજન માનનીય શ્રી એમ.એમ.દાસ સાથેના મારા પત્રવ્યવહારમાં મેં રેવ. ડેવિડ બાઉમન વિષેના સૂચિત પુસ્તકનો અછળતો ઉલ્લેખ કર્યો. તેઓ અમેરિકામાં રહે છે. સદરહુ પુસ્તક અંગે મારા પત્રમાં દર્શાવેલી વિગતો વાંચીને શ્રી દાસ સાહેબે ખુશી વ્યક્ત કરી હતી અને ઈ.સ. ૧૯૯૪ના ફેબ્રુઆરી માસમાં તેમના તરફથી પ્રાપ્ત થયેલા પત્રમાં તેઓશ્રીએ નીચે દર્શાવ્યા મુજબનો પ્રેરક પ્રતિભાવ પ્રદર્શિત કર્યો હતો.

**પ્રતિભાવ :**

રેવ. ડેવિડ અને ફેઇથ મારાં મિત્રો છે. તેમણે ગુજરાતમાં ૩૬ વર્ષ સુધી અજાયબ જેવી મિશનરી સેવા મુખ્યત્વે ગામડાંઓમાં કરેલી છે.

તેઓના જેવાં સાદાં અને સાચા દિલથી પ્રભુની સેવા કરનારાં અન્ય મિશનરીઓ મેં જોયાં નથી.

રેવ. ડેવિડ અને ફેઈથ બાઉમન એ બંને ખૂબ જ પ્રેમાળ, હસમુખાં અને અતિશય મહેનતુ હતાં. તેમનામાં જરાપણ અભિમાન ન હતું. ગામડાંઓમાં આપણા લોકોની સાથે તેઓ રહેતાં હતાં. અને તેમનો સાદો ખોરાક ખાતાં હતાં.

ઈશ્વરકૃપાએ મને તેઓની સાથે યુવાનોમાં અને સન્ડે સ્કૂલના કાર્યમાં સેવા કરવાની તક મળી હતી.

ઈશ્વર તમને પ્રભુનાં આ સેવકોની સુંદર વાર્તા તૈયાર કરવા અને એનું આલેખન કરવા માટે જ્ઞાન આપે એ જ પ્રાર્થના.

લિ. સ્નેહથી એમ. એમ. દાસ.

ઉપરોક્ત પત્ર અને વિશેષ કરીને પ્રેરણાસભર પ્રતિભાવને પરિણામે મને ખૂબ જ ઉત્તેજન મળ્યું. ત્યાર બાદ શ્રી દાસ સાહેબે યુ.એસ.એ.થી મોકલેલી કેટલીક સંદર્ભ માહિતી મળવાથી પુસ્તક

માટેનો મારો ઉત્સાહ વિશેષ વધી ગયો. અને લેખનની કામગીરીને વેગ મળ્યો. તેથી મુરબ્બી શ્રી એમ.એમ. દાસનો હું ઘણો જ આભાર માનું છું.

રેવ. ડેવિડ અને ફેઇથ બાઉમન સાચે જ માયાળુ મિશનરીઓ હતાં. સાંપ્રત સમયમાં ગુજરાતમાં આવી ગયેલા એમના જેવા કેટલાક અન્ય મિશનરીઓનાં પણ સ્મરણ થઈ આવે છે.

રેવ. બાઉમનની માફક નીચે નિર્દિષ્ટ કરેલા અન્ય આદરણીય મિશનરીઓ પણ ખ્રિસ્તી અને બિનખ્રિસ્તી ગુજરાતી લોકોમાં દૂધમાં સાકરની માફક ભળી ગયા હતા. તેઓ પોતાની ખેલદિલી, સેવાભાવના, નિખાલસતા, નમ્રતા, સાદગી અને નિરાડંબરતા જેવા તેમના સ્વાભાવિક સદ્‌ગુણોને લીધે લોકોમાં આદરપાત્ર થયેલા હતા.

આ મિશનરીઓની હારમાળામાં બોરસદની આઈ.પિ.મિશનની રોબર્ટ હૉસ્પીટલના ડૉ. બ્રીજ અને ડૉ. મિસ વિલ્યમસન, આણંદમાં રાયણવાળા દવાખાનાના નામે જાણીતી સાલવેશન આર્મીની હૉસ્પીટલના ગોરા ગુજરાતી તરીકે ઓળખાતા અને લોકચાહના મેળવી ગયેલા વિખ્યાત ડૉ. બ્રામવેલ કૂક, નડિયાદ મિશન રોડ પર આવેલી પ્રખ્યાત મેથોડિસ્ટ મિશન હૉસ્પીટલના ડૉ. ઓલ્ડ્રીચ, વડોદરાની મેથોડિસ્ટ ટેકનિકલ ઇન્સ્ટીટયૂટના રેવ. જે. ડબલ્યૂ. ફિની, અમદાવાદની અતિ પ્રાચીન આઈ.પિ.મિશન હાઈસ્કૂલના અતિશય વિનમ્ર અને ઓલિયા જેવા આચાર્ય શ્રી ઓલિવર એન. બ્રાઉન, પંચમહાલના ઝાલોદ-દાહોદ વિસ્તારમાં આદિવાસીઓની વચ્ચે પ્રભુના કામ માટે ખોરડે ખોરડે અને ઘરેઘરમાં ઘૂમી વળનાર રેવ. હાવર્ડ પી. ક્રોમી, અમદાવાદ આઈ.પિ.મિશન હૉસ્ટેલના સુપરિન્ટેન્ડેન્ટના સ્થાને રહીને વિદ્યાર્થીઓ પર વહાલ વરસાવનાર રેવ. ટી.એચ. લાયલ, રાજકોટ

આઈ.પિ. મિશન ગર્લ્સ હાઈસ્કૂલનાં અજોડ આચાર્યા કુ. ઓનિલ, ખંભાત મંડળી પર લાંબા સમય સુધી રહી ગયેલા પિતા તુલ્ય પાળક રેવ. જોન એચ. ડેવી, અલાયન્સના આદરણીય રેવ. એલમોર એન્ટ્રુઝ અને બોરસદ તાલુકાના મહીકાંઠા વિસ્તારમાં ગામડે ગામડે ઘૂમીને કામ કરી ગયેલા રોમન કેથોલિક ચર્ચના મહંત સમા પ્રતિભાશાળી ફાધર સૂર્યા જેવા મિશનરીઓ માનવસેવાનાં કાર્યો અને શુભસંદેશની તેમની સેવાઓને લીધે તેમના ક્ષેત્રસ્થળોમાં તથા અન્યત્ર અતિશય આદરપાત્ર થયેલા હતા. એમનાં જીવનોનાં આલેખન કરવા જેવાં છે.

મિશનરીઓ રૂપી આ રૂડી હારમાળામાં રેવ. અને મિસિસ બાઉમન મહત્ત્વના મણકા જેવાં છે. મૂલ્યવાન મણકાવાળી આ હારમાળામાં તેઓ પોતે શોભી રહ્યાં છે અને સમગ્ર માળાને શોભાવી રહ્યાં છે. આવા મિશનરી વિષે આ પુસ્તક 'ડેવિડ બાઉમન - ગામડાં જગાવનાર મિશનરી' લખાવાને લીધે મને ખૂબ જ આનંદનો અહેસાસ થાય છે.

ઈ.સ. ૧૯૯૩ના ઑક્ટોબરથી શરૂ કરેલું આ પુસ્તક લખવાનું કામ ફેબ્રુઆરી ૧૯૯૫માં પૂરું થવાને લીધે હું ખૂબ જ સંતોષ અનુભવું છું. અને હૃદયના ઊંડાણથી ઈશ્વરપિતાનો આભાર માનું છું.

આ પુસ્તકના લેખનની કાર્યવાહી ચાલુ હતી તે જ સમયે જોગાનુજોગ રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમન ગુજરાતમાં આવેલાં હતાં. અને વિવિધ સ્થળે મુલાકાત માટે ફરી રહ્યાં હતાં. ત્યારે તેમણે અમારે ઘેર આવવાની સહૃદયતા દર્શાવી હતી. વળી વાસદ મેથોડિસ્ટ બાઈબલ સેમિનરીમાં તેમના મુકામે મને નિમંત્રણ આપ્યું હતું. આ સ્થળોએ પુસ્તકનાં આ બંને મુખ્ય નાયકોએ મારી સાથે ચર્ચા કરી હતી, પરામર્શ કર્યો હતો અને પુસ્તકને આખરી

ઓપ આપવામાં સહકાર આપ્યો હતો. વળી આનંદ અને ઉમળકા સાથે તેમણે આ પુસ્તકના લખાણનો આવકાર અને સ્વીકાર કર્યો હતો. તેને લીધે રેવ. બાઉમન દંપતીની કદર કરતાં તેઓશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ પુસ્તકની પ્રસ્તાવના રેવ. ડૉ. ડોમનિક ઈઝરાએલે લખેલી છે. તેઓશ્રી મેથોડિસ્ટ બાઈબલ સેમિનરીના પ્રિન્સિપાલશ્રી છે. વિશેષમાં તેઓ ઈશ્વરવિદ્યાક્ષેત્રના તથા મિશનરીકાર્યના અભ્યાસશીલ તજજ્ઞ છે. આ પુસ્તક 'ડેવિડ બાઉમન'ની પ્રસ્તાવના લખી આપવાનું સૌજન્ય આવા યુવાન અને આશાસ્પદ પ્રિન્સિપાલ રેવ. ડૉ. ડોમનિક તરફથી પ્રાપ્ત થયેલું છે. એની નોંધ લેતાં તેઓશ્રી પ્રત્યે હું ઊંડા આભારની લાગણી વ્યક્ત કરું છું.

આ પુસ્તક લખવામાં એક યા બીજી રીતે સહાયભૂત થનાર રેવ. આર.એમ. રાઠોડ, રેવ. જે. આઈ. ચૌહાન, શ્રી બેન્ઝામીન સુવાર્તિક, રેવ.એસ.યુ. પરમાર, ડિ.સુ. રેવ. આર. ડી. પરમાર અને નિવૃત્ત પાળક રેવ. થિયોફિલ જી. ગોહિલનો આભાર માનું છું.

સદરહુ સાહિત્યકૃતિ દ્વારા મિશનરી રેવ. બાઉમન દંપતી તથા અન્ય મિશનરીશ્રીઓના કામની કદર કરવાનો મારો આશય સફળ થાય અને ગુજરાતની સાહિત્ય અને શુભસંદેશપ્રેમી ખ્રિસ્તી અને બિનખ્રિસ્તી જનતા તરફથી એને ઉષ્માભર્યો આવકાર પ્રાપ્ત થાય એવી ઊંડી અપેક્ષા ધરાવું છું. એમાં જ આ પુસ્તક લખવાના મારા પરિશ્રમની સાર્થકતા સમજું છું.

પુસ્તકના પ્રકાશન માટે મારા સાહિત્ય-શિક્ષા ગુરુ પ્રિન્સિપાલ શ્રી ભગવતપ્રસાદ ચૌહાણનો તથા ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનો હું આભાર માનું છું. પુસ્તકના પ્રકાશન પરત્વે ઊંડી

દિલચશ્પી દર્શાવવા બદલ સેક્રેટરી શ્રી ઈમાનુએલ સી. ક્રિસ્ટી પ્રત્યે ઊંડો આભારીભાવ દર્શાવું છું.

રહી ગયેલી ક્ષતિઓ તથા હકીકતદોષ નભાવી લેવાની ઉદારતા દર્શાવવા માટે સુજ્ઞ વાચકોને નમ્રભાવે વિનંતી કરું છું.

અંતે આ પુસ્તકના પ્રકાશનનાં શુભ પ્રસંગે અમારા સ્નેહી સ્વજન જેવા વત્સલ વડીલ માનનીય શ્રી એમ.એમ. દાસને અહોભાવ સાથે યાદ કરું છું. તેઓશ્રીના સૌજન્યસભર સહકારથી જ આ પુસ્તકને શબ્દ દેહ આપી શકાયો છે. એનો સ્વીકાર કરતાં કૃતકૃત્યતા અનુભવું છું. તેઓશ્રીએ આ પુસ્તકના પ્રકાશનનો આર્થિક બોજ ઉઠાવેલો છે, પુસ્તકની પ્રસિદ્ધિ થાય માટે આતુરતા બતાવેલી છે, લેખન માટે લેખકને પીઠબળ પૂરું પાડેલું છે અને પુસ્તકની કથાનાં મુખ્ય પાત્રો રેવ. ડેવિડ બાઉમન તથા શ્રીમતી ફેઈથ બાઉમન સાથે લેખકને પરામર્શ, સંગત અને સંકલન કરાવી આપવાની મૂલ્યવાન મધ્યસ્થી કરેલી છે.

આવી ઉમદા સેવાઓનું સ્મરણ કરતાં આ પુસ્તક સુજ્ઞ શ્રી એમ.એમ. દાસ સાહેબને પૂરા આદરભાવ સાથે અર્પણ કરતાં નિવેદન સમાપ્ત કરું છું.

**નડિયાદ,**
**તા. ૧-૪-૯૫**

**સુરેન્દ્ર આસ્થાવાદી**



શ્રી અને શ્રીમતી એમ.એમ. દાસ

છેલ્લા ૫ વર્ષમાં ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને આર્થિક રીતે સદ્ધર બનાવવામાં જો કોઈએ અગત્યનો ભાગ ભજવ્યો હોય તો તે શ્રી એમ.એમ. દાસ સાહેબ છે. તેમણે અત્યાર સુધીમાં જુદા જુદા ફંડોમાં વ્યક્તિગત રૂ. ૨,૫૬,૧૫૦/-નું ઉદાર દાન આપ્યું છે. આ પળે શ્રી દાસ સાહેબનો અંતરના ઉમળકાથી આભાર માનું છું.

આ પુસ્તક છપાવવા તેમણે તેમનાં મરહૂમ ધર્મપત્ની મિસિસ એમ.એમ.દાસની યાદગીરીમાં રૂ. ૧૦,૦૦૦/-નું ઉદાર દાન આપ્યું છે.

ફરીથી આ દાન માટે શ્રી દાસ સાહેબનો આભાર.

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ નં. |
|---|---|---|
| | પ્રસ્તાવના ................................ | III |
| | લેખકનું નિવેદન ........................ | VII |
| ૧. | ગુજરાતમાં મિશનરી કાર્ય - પ્રારંભ અને પ્રગતિ .................. | ૧ |
| ૨. | ડેવિડના પૂર્વજો......................... | ૮ |
| ૩. | રેવ. ડેવિડ બાઉમન ..................... | ૨૧ |
| ૪. | ફેઈથ બાઉમન ......................... | ૩૮ |
| ૫. | દાંપત્યજીવન અને ભારત-ગુજરાતમાં મિશનરી સેવા.......................... | ૬૧ |
| ૬. | બાઉમનની બિરાદરી...................... | ૮૪ |
| ૭. | સફળ નિવૃત્તિ અને સ્વદેશગમન......... | ૯૧ |

# ૧
# ગુજરાતમાં મિશનરી કાર્ય
## - પ્રારંભ અને પ્રગતિ

**જોન વેસ્લી :**

ગુજરાતમાં સ્થપાયેલી મેથોડિસ્ટ મંડળીના ઇતિહાસનું મૂળ ઓક્સફર્ડમાં મળી આવે છે. ઈ.સ. ૧૭૨૯માં વિદ્યાનગરી ઓક્સફર્ડમાં સ્થાપવામાં આવેલી પવિત્ર મંડળ (Holly Club) નામની સંસ્થા દ્વારા મેથોડિઝમની ઉષાનાં ચમકતાં કિરણો ઝળકી ઊઠયાં. આ મંડળને લોકોએ મશ્કરીમાં મેથોડિસ્ટ નામ આપ્યું. ચાર્લ્સ વેસ્લીના સહયોગે પ્રખર સુવાર્તિક જોન વેસ્લી એના આદ્યસ્થાપક હતા. તેઓ ઓક્સફર્ડમાં અભ્યાસ કરતા હતા.

ચાર્લ્સ વેસ્લી અને જોન વેસ્લી એ બંને સગા ભાઈઓ હતા. તેમના પિતા શ્રી સેમ્યૂઅલ વેસ્લી (૧૬૬૨-૧૭૩૫) એપવર્થ નામના એક ગામમાં અંગ્રેજી મંડળીના પાળક હતા. ઈ.સ. ૧૬૯૫થી મૃત્યુ પર્યંત તેઓ પાળકસેવામાં પ્રવૃત્ત રહ્યા હતા. તેમના દીકરા જોનનો જન્મ ઈ. સ. ૧૭૦૩માં અને ચાર્લ્સનો જન્મ ઈ.સ. ૧૭૦૭માં થયો હતો.

આ નવા સ્થપાયેલા મંડળનો પ્રકાશ કાળાંતરે પ્રભુ ઈસુના સંદેશવાહકોની મારફતે અમેરિકામાં પહોંચી ગયો અને પ્રસરી ગયો. એને પરિણામે ઇ.સ. ૧૮૭૪માં ઇસુજયંતીના પુણ્યપર્વના પ્રસંગે બાલ્ટીમોર ખાતે મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળી પ્રસ્થાપિત થઈ.

**મિશનરી ડૉ. બટલર ભારતમાં :**

આ પ્રસ્થાપનાના બોંતેર વર્ષ બાદ અમેરિકામાંથી તારનાર પ્રભુ ઈસુનો શુભ સંદેશ લઈને ઈ.સ. ૧૮૫૬માં ડૉ. વિલ્યમ બટલર ભારતમાં પધાર્યા. તેઓ ભારતના પ્રથમ મેથોડિસ્ટ મિશનરી

હતા. તેમનો જન્મ આયર્લેન્ડમાં થયો હતો. તેમણે ઈશ્વરવિદ્યાનો અભ્યાસ ઈંગ્લેન્ડમાં કર્યો હતો. શુભ સંદેશ માટે પ્રભુના આદેશને આધીન થઈને તેઓ આયર્લેન્ડથી અમેરિકા આવ્યા હતા. ભારતમાં મિશનરી સેવા માટે તેમણે ઈ.સ. ૧૮૫૫માં પ્રભુને તેમના જીવનનું સમર્પણ કર્યું હતું. તેમણે પોતાના કુટુંબ સાથે ઈ.સ. ૧૮૫૬ના એપ્રિલની ૯મી તારીખે અમેરિકાથી ભારત આવવા માટે મુસાફરી શરૂ કરી. ૧૭૦ દિવસની દરિયાઈ સફર પૂરી કરીને તા. ૨૫મી સપ્ટેમ્બરે તેઓ કલકત્તા બંદરે ઊતર્યા. વધામણીની વાત કહેનારનાં શોભાયમાન પગલાંથી બંગાળના ઉપસાગરમાં હુગલી નદીનું મુખ મલકાઈ ઊઠયું. અને ભારતની ભવ્ય ભૂમિએ સંત સમા મિશનરી પરિવારનું સ્વાગત કર્યું. એમના આગમન સમયે હિંદુસ્તાનના રાજકીય વાતાવરણમાં વિપ્લવનો ભારેલો અગ્નિ ધૂંધવાઈ રહ્યો હતો. અને દેશ ગુલામીની પકડમાંથી છૂટવા ઝઝૂમી રહ્યો હતો.

કલકત્તાથી ડૉ. બટલર નવેમ્બરની ૨૯મી તારીખે લખનૌ શહેરમાં આવ્યા. અહીં અશાંતિ અને અસલામતી પ્રસરેલાં હોવાથી તેમને બરેલી જવું પડયું. આ અગાઉ બરેલીમાં આવેલા અમેરિકન પ્રેસબિટેરિયન મિશનના મિશનરીઓએ રેવ. ડો. બટલરનો પરિચય અને સંપર્ક એક ઉત્સાહી ખ્રિસ્તી ઉપદેશકની સાથે કરાવ્યો. તેમનું નામ શ્રી જોયેલ જાનવીર હતું. તેમણે બટલરને પ્રભુના કામમાં સંનિષ્ઠ સહયોગ આપ્યો. આગળ ઉપર આ જાગૃત જોયેલ જાનવીરનું નામ ભારતની મેથોડિસ્ટ મંડળીમાં પ્રથમ ભારતીય ઉપદેશક તરીકે અંકિત થઈ ગયું.

**ડૉ. બટલર બરેલીમાં :**

ડૉ. બટલરે ઈ.સ. ૧૮૫૬ના ડિસેમ્બરની ૭મી તારીખે ભારતમાં સૌ પ્રથમ બરેલી મુકામે મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીના કામનો પાયો નાખ્યો. તેમણે જમીન સંપાદન કરી મિશન હાઉસનું

બાંધકામ કર્યું અને ઈ.સ. ૧૮૫૭ના માર્ચમાં તેઓ મિશનના નવા બંધાયેલા ઘરમાં રહેવા ગયા. એટલામાં સિપાઈઓના બળવા તરીકે જાણીતો ૧૮૫૭નો મહાન વિપ્લવ ફાટી નીકળ્યો. મંગલ પાંડે દ્વારા મીરત શહેરથી શરૂ થયેલા આ ભડકાની આગ ભભૂકી ઊઠી. એમાં બરેલી બાકાત રહી શક્યું નહીં. એ વિપ્લવની આગમાં ઝડપાઈ ગયું. તેથી ડૉ. બટલરને ત્યાંથી જતા રહેવું પડયું. કિંમતી વસ્તુઓ, માહિતીના કાગળો અને અગત્યના દસ્તાવેજો પોતાની સાથે લઈને તેઓ નૈનિતાલમાં ગયા. અહીંથી નીચેના ભાગે તળેટી પર મેદાનમાં ખુનામરકી, હિંસા, સંગ્રામ અને દાવાનળ ચાલતાં હતાં, પરંતુ અહિંયા ઊંચે પહાડ પર શાંતિ સૌંદર્ય અને સલામતી હતાં. ઈશ્વર પોતે જીવતા ખડક છે અને એ ખડક પર આવનારને તે શાંતિ તથા રક્ષણ આપે છે. આવા ખડક રૂપી પ્રભુએ ડૉ. બટલરને પોતાની આડ પાછળ આશ્રય આપીને હિમાલયની હરિયાળી ગોદમાં લીલાં બીડોમાં સુવાડયા અને શાંત પાણીની પાસે સંભાળી રાખ્યા.

વાતાવરણમાં થોડી શાંતિ સ્થપાઈ ત્યારે ડૉ. બટલરે અમેરિકા બોર્ડ પર પત્ર લખ્યો. એમાં ૨૫ મિશનરીઓની માગણી કરી. તેના સમર્થનમાં જેમ્સ થોબર્ન સહિત સાત મિશનરીઓને મોકલવામાં આવ્યા. ભારતમાં આવવા માટે બોસ્ટન બંદરેથી તેમણે વહાલાંઓની વિદાય લીધી. પાંચ માસનો પ્રવાસ પૂરો કર્યા પછી તેઓ કલકત્તા બંદરે ઊતર્યાં. ત્યાં ડૉ. બટલરે ઉમળકાભેર એમનો આવકાર કર્યો.

સેવાકાર્યના વિકાસ અને સુવાર્તાપ્રચાર માટે ડૉ. બટલરને પ્રેસની જરૂર પડી. પ્રભુએ એ જરૂરિયાત પૂરી પાડી. બળવા વખતે જે તોપો અને શસ્ત્રો જીતીને જપ્ત કરી લેવાયાં હતાં તેના ભંગારમાંથી રૂરકીના સરકારી કારખાનામાં પ્રેસની સામગ્રી તૈયાર કરવામાં આવી

અને પ્રેસની શરૂઆત થઈ. યુદ્ધના વિનાશક સરંજામનો કેવો સર્જનાત્મક ઉપયોગ ! નકામાં પાત્રોને પ્રભુ કેવા કામમાં લે છે !!

આ ઉપરાંત તેમણે બરેલીમાં કન્યાશાળા શરૂ કરી એ જમાનામાં કન્યાકેળવણીની તો કલ્પનાય કરી શકાય એમ ન હતું. એક મિશનરી ડૉ. એલેકઝાન્ડર ડફના કહેવા પ્રમાણે નવી કન્યાશાળા ઉઘાડવાનું કામ તો હિમાલયના સૌથી ઊંચા શિખરને ઊંચકીને બંગાળના ઉપસાગરમાં નાંખી દેવા જેવું મહાભારત કામ હતું. પરંતુ આવા વિકટ અને વિપરિત વાતાવરણ વચ્ચે શ્રીમતી બટલર કન્યાશાળા શરૂ કરીને જ જંપ્યાં.

આગળ જતાં ભારતમાં મિશનરી સેવાની વિશેષ વૃદ્ધિ થાય તે માટે ડૉ. જેમ્સ થોબર્ને અન્ય મિશનરીઓ સાથે પરામર્શ કર્યો. તેના ફલસ્વરૂપે પ્રખર સુવાર્તિક ડૉ. વિલ્યમ ટેલરને આમંત્રણ આપવામાં આવ્યું.

**ડૉ. વિલ્યમ ટેલર - મુંબઈ અને વડોદરામાં મિશનકાર્ય :**

ભારતમાં મંડળીની સ્થાપના પછી ૧૪ વર્ષ બાદ ઈ.સ. ૧૮૭૦ના નવેમ્બર માસમાં મેથોડિસ્ટ એપિસ્કોપલ ચર્ચ મિશનના એક અદના આગેવાન, આંતરરાષ્ટ્રીય ઉપદેશક ડૉ. વિલ્યમ ટેલર આપણા દેશમાં આવ્યા. તેઓ મુંબઈ બંદરે ઊતર્યા. એમનું આગમન ગુજરાત માટે ખૂબ જ આશીર્વાદિત નીવડયું. ગુજરાતની ભૂમિમાં વડોદરામાં સૌ પ્રથમ ખેડાણ કરવાનું અને તેમાં પ્રભુ ઈસુને નામે સુવાર્તા રૂપી બી વાવવાનું ઉત્તમ કર્તવ્ય તેમણે કર્યું.

મુંબઈથી તેઓ લખનૌ ગયા હતા. પછી પરત મુંબઈમાં આવ્યા હતા. ત્યાં તેમની સફળતાપૂર્વકની ધર્મસેવાને લીધે ઘણાં માણસો પરિવર્તન પામ્યાં. તેમના અથાક પરિશ્રમ, જોશીલી સાક્ષી અને અસરકારક ઉપદેશને પરિણામે ઈ.સ. ૧૮૭૨ના ફેબ્રુઆરીની ૧૪મી તારીખે મુંબઈમાં મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળી સ્થાપવામાં

આવી . તેમાં મુખ્યત્વે એન્ગ્લો ઇન્ડિયન સભ્યો હતા. આ મંડળીના પાયાનો પથ્થર રેવ. ડો બટલર સાહેબ પોતે હતા. તેમનું વતન કેલિફોર્નિયા હતું. તેઓ કેલિફોર્નિયાના સુવાર્તિક તરીકે જાણીતા હતા. એમના જીવનના ઉત્તરકાળમાં તેઓ મિશનરી તરીકે આફ્રિકામાં ગયા હતા. ત્યાં આફ્રિકાના બિશપ પદે તેમનો અભિષેક કરવામાં આવ્યો હતો.

વડોદરાના ગાયકવાડ સરકારના આર્મી ઓફિસરોના આમંત્રણથી રેવ. ડૉ. ટેલર એ જ વર્ષમાં એટલે કે ઈ.સ. ૧૮૭૨માં વડોદરામાં આવ્યા હતા. ત્યાં અંગ્રેજીભાષી સભાસદોની એક નાની મંડળી તેમણે સ્થાપી હતી. આ મંડળીમાં યુરોપિયનો, એન્ગ્લો ઇન્ડિયનો અને હિંદીઓના નાનકડા સમૂહનો સમાવેશ થયેલો હતો. આમ વડોદરામાં ગુજરાતની મંડળીઓનું પારણું બંધાયું. આ અરસામાં અહીં વડોદરા વિસ્તારમાં તથા ચરોતરમાં બોરસદ અને આજુબાજુના પ્રદેશમાં લંડન મિશનરી સોસાયટીનું કામ ચાલતું હતું. આ LMS સંસ્થાએ પોતાનું કામ આટોપી લેવાનો નિર્ણય કર્યો. અને એ કામ ઈ.સ. ૧૮૪૧માં ગુજરાતમાં આવેલા આઈ.પિ.મિશને સ્વીકારી લીધું. એના તત્કાલીન મિશનરી રેવ. જે.વી.એસ. ટેલર એ વખતે અહીં વડોદરામાં આવ્યા હતા. તેઓ એક તજજ્ઞ સાહિત્યકાર હતા. તેમણે ગુજરાતી ભાષાનું સૌ પ્રથમ વ્યાકરણ લખેલું છે. તેથી તેમને ગુજરાતી વ્યાકરણના પિતા કહેવામાં આવે છે.

અહીં મેથોડિસ્ટના ટેલર અને આઈ.પિ.મિશનના ટેલર એમ બંને ટેલર મિશનરીઓ વચ્ચે મૈત્રીપૂર્ણ ખેલદિલીભરી વાટાઘાટો થઈ. તેઓએ બંનેએ એકમતના થઈને નિર્ણય કર્યો કે હવે વડોદરા વિભાગમાં મેથોડિસ્ટ મિશન કામ કરે. ટેલર સાહેબોએ પ્રભુના કામ માટે બરાબર માપ લીધા. કાર્યપ્રદેશની સીમા નક્કી કરવા

માટે મહીસાગર નદીને હદ્દરેખા તરીકે સ્વીકારવામાં આવી. મહી નદીની ઉત્તરે આઈ.પિ.મિશન કામ કરે અને દક્ષિણે મેથોડિસ્ટ મિશન કામ કરે એવો સંમતિસૂચક નિર્ણય બંને ટેલર સાહેબ વચ્ચે શુભનિષ્ઠાંપૂર્વક લેવામાં આવ્યો.

**ગુજરાતમાં મિશનરી કાર્ય :**

ઈ.સ. ૧૮૭૨થી ૧૮૮૮ સુધીના ગાળામાં ઘણા મેથોડિસ્ટ મિશનરીઓ ભારતના વિવિધ ભાગોમાંથી વડોદરા આવતા હતા. તેઓ વડોદરાની નાનકડી અને નવી મંડળીની મુલાકાત લેતા હતા, ઉત્તેજન આપતા હતા અને તેને ટકાવી રાખતા હતા. આ મિશનરીઓમાં ૧ જી. કે. ગીલ્ડર અને ૨ ફાવસેટ ઈ.એન.શો મુખ્ય હતા.

ઈ.સ. ૧૮૮૦માં વડોદરામાં પ્રભુમંદિર બાંધવામાં આવ્યું. ઈ.સ. ૧૮૮૮થી ગુજરાતી લોકોમાં આયોજનપૂર્વક પદ્ધતિસરના સુવાર્તિક કામની શરૂઆત કરવામાં આવી.

ઈ.સ. ૧૮૮૮માં વડોદરા માટે સૌ પ્રથમ અલાયદા મિશનરી મૂકવામાં આવ્યા. અને ગુજરાતના એ પ્રથમ મિશનરી રેવ. ડબલ્યૂ. એ. ડેલમાટરનું આગમન થયું. તેઓ ગુજરાતમાં મેથોડિસ્ટ મંડળીના પ્રથમ મિશનરી હતા. તેમની તંદુરસ્તી સારી ન રહેવાના કારણે તેમને વડોદરા છોડવું પડયું. તેમના અનુગામી ડૉ. એડવીન એફ. ફ્રીઝ ગુજરાતના દ્વિતીય મિશનરી તરીકે ઈ.સ. ૧૮૮૯ના ફેબ્રુઆરીમાં વડોદરામાં આવ્યા.

સુવાર્તિક અને મેડિકલ ક્ષેત્રે પ્રથમ મહિલા મિશનરી તરીકેનો યશ ડૉ. મિસ આઈ. અર્નસબર્ગરને પ્રાપ્ત થયો હતો. તેમના પછી અન્ય મિશનરીઓનાં આગમન અને પરત સ્વદેશ ગમનની પરંપરા ચાલી. એ મિશનરીઓએ ગુજરાતમાં શિક્ષણ, આરોગ્ય અને સુવાર્તિક ક્ષેત્રે કામ કરીને પ્રભુની દ્રાક્ષાવાડીમાં સેવાકાર્ય કર્યાં.

ભારતમાં પધારેલા આ મિશનરીઓમાંથી સૌથી છેલ્લે વિદાય થવાનું સન્માન મિશનરી રેવ. ડેવિડ બાઉમન અને શ્રીમતી ફેઈથ બાઉમનને ફાળે જાય છે. આ પુસ્તકમાં તેમના જીવન અને કાર્યનું આલેખન કરવામાં આવ્યું છે.

□

# ૨
# ડેવિડના પૂર્વજો

**સ્વીટ્ઝરલેન્ડથી અમેરિકા :**

રેવ. ડેવિડ બેન્જામીન બાઉમનના મૂળ પૂર્વજોનું વતન વિશ્વના રમણીય દેશ તરીકે જાણીતા સ્વીટ્ઝરલેન્ડમાં આવેલું હતું. ત્યાં કેન્ટોનબર્ગ જિલ્લાના હેરબ્લેગન નામના એક નાનકડા ગામમાં તેઓ રહેતા હતા. તેમના વડદાદાનું નામ નિકલાઉસ બાઉમન હતું.

શ્રી નિકલાઉસ બાઉમનને ઈશ્વરપિતાએ ત્રણ દીકરાઓનાં દાન આપ્યાં હતાં. તેમાંના સૌથી મોટા પુત્રનું નામ નિકલાઉસ (એ પ્રદેશમાં પિતાનું નામ પુત્રને આપવું હોય તો આપી શકાય એવી પ્રથા હતી), વચેટ પુત્રનું નામ ક્રિશ્ચિયન અને સૌથી નાના દીકરાનું નામ જોન હતું.

વડદાદા નિકલાઉસ બાઉમનને ધાર્મિક વાતાવરણ પ્રિય હતું. તેઓ ધાર્મિક પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા હતા. તેઓ સારા વાતાવરણવાળા વિસ્તારમાં ખેતીવાડી માટેની જમીન પ્રાપ્ત કરવાની તકો શોધતા રહેતા હતા. એવામાં એમના એક ખાસ મિત્ર અહીંથી અમેરિકા જઈને વસ્યા હતા. તેમણે પોતાનો સ્થાયી વસવાટ ત્યાં જ કરી દીધો હતો. આ બંને મિત્રો વચ્ચે અરસપરસ પત્રવ્યવહાર ચાલતો હતો. તેઓ એ રીતે એકબીજાના સંપર્કમાં રહેતા હતા.

એક તબક્કે નિકલાઉસને પણ પરદેશ જવાનું અને ત્યાં સ્થાયી થઈ જવાનું મન થયું. ત્યાં પોતાની પસંદગી પ્રમાણે ખેતીવાડીની પરિસ્થિતિ અને ધાર્મિક વાતાવરણની અનુકૂળતા મળી શકે એમ હોય તો પોતાના મિત્રની માફક પોતે પણે અમેરિકા જઈને ત્યાં કાયમી વસવાટ કરે એવો વિચાર તેમણે કર્યો. અને પોતાની એ વિચારણા અમલમાં આવી શકે એમ છે કે નહિ એ અંગે તેમણે

પત્ર દ્વારા પોતાના મિત્રને પૂછી જોયું. ત્યાંથી આવકારદાયક સાનુકૂળ પ્રતિભાવ પ્રાપ્ત થવાને લીધે એવું નક્કી કરવામાં આવ્યું કે કુટુંબના વચેટ પુત્ર ક્રિશ્ચિયનને અમેરિકા મોકલવામાં આવે.

પછી કુટુંબના નિર્ણય અનુસાર શ્રી ક્રિશ્ચિયને સૌંદર્યભૂમિ સમા પોતાના વતન સ્વીટ્ઝરલેન્ડમાંથી વિદાય લીધી. ઈ.સ. ૧૮૬૭માં તેઓ અમેરિકામાં આવ્યા. અને તેમણે આ નવા દેશમાં નવી જગ્યાએ વસવાટ કર્યો. અહીં ઓહાયો રાજ્યના રેગર્સવીલમાં પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. કુટુંબના સંસ્થાપન અને ગુજરાન ચલાવવાના હેતુસર સ્વીસ પનીર બનાવવાનો ઔદ્યોગિક વ્યવસાય શરૂ કર્યો. તેમને અહીં ફાવી ગયું એટલે પિતાશ્રી તથા ભાઈઓને અમેરિકાનું આકર્ષણ થાય એવો સવિસ્તર અહેવાલ તેમણે મોકલી આપ્યો. તેથી તેમના પિતાશ્રી અને બંને ભાઈઓ પણ કુટુંબ સહિત અહીં અમેરિકામાં ઓહાયો સ્ટેટના રેગર્સવીલ ગામમાં આવી ગયા. થોડા સમય સુધી અહીં રહ્યા પછી ત્રણેય ભાઈઓએ અહીંથી સ્થળાંતર કરીને લોરેન શહેરથી ૧૫ કિલોમિટર જેટલે દૂર હેનરીએટા ગામમાં આવીને વસવાટ કર્યો. આ સ્થળે ખેતીવાડી માટે તથા મકાન બાંધવા માટે વિશાળ જમીન (FARM)ની ખરીદી કરી. આગળ જતાં ઈ.સ. ૧૮૭૮માં આ ત્રણેય ભાઈઓએ અમેરિકાનું નાગરિકત્વ પ્રાપ્ત કર્યું.

**પૂર્વજોનો પ્રેરક સંસ્કારવારસો :**

ઊંડી ધર્મભાવના અને સંનિષ્ઠ સેવાપરાયણતા એ તો આ કુટુંબનાં ખાસ લક્ષણો હતાં. આવાં લક્ષણો ગમે તે સ્થળે પ્રગટ થતાં જ હોય છે. આગવી પ્રણાલિકા પ્રમાણે આ કુટુંબ હેનરીએટાના તેમના વસવાટની નજીકમાં આવેલી મેથોડિસ્ટ મંડળીમાં સક્રિય રીતે જોડાઈ ગયું. અને મંડળીની વિવિધ સેવાક્રિય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થઈ ગયું.

મંડળીમાં દાખલ થઈ જવાની આ ઘટના આ કુટુંબ માટે ખૂબ જ આશીર્વાદિત અને સાર્થક નીવડી. એને લીધે કુટુંબના સભ્યોના જીવનમાં આત્મિક જાગૃતિનાં મૂળ વધારે ઊંડાં ઊતર્યાં. પરિણામ સ્વરૂપે બાઉમન પરિવારના વંશજોમાંથી કુલ દસ વ્યક્તિઓએ પ્રભુના કામ માટે પૂર્ણસમયી ધર્મસેવાક્ષેત્રમાં તેમ જ મિશનરી સેવાક્ષેત્રમાં જોડાઈ જઈને પોતાનાં જીવનોનું પ્રભુને સમર્પણ કરેલું છે. આ સેવકોના આદરપાત્ર સ્મરણાર્થે તેમનાં ખુલ્લાં મુકાયેલાં ચિત્રો સંયુક્ત મેથોડિસ્ટ ચર્ચ, હેનરીએટામાં આજે પણ જોવા મળે છે. એમાં ગુજરાતના મિશનરી રેવ . ડેવિડ બાઉમનના પિતાશ્રી રેવ. એઝરા બાઉમનના ચિત્રને પણ આવરી લેવામાં આવ્યું છે. મૂળ વડદાદા નિકલાઉસ અને તેમના ત્રણેય દીકરાઓના મૃતદેહને અહીં પ્રભુમંદિરની બાજુમાં આવેલા કબ્રસ્તાનમાં દફનાવવામાં આવેલા છે. પુનઃઉત્થાનની પ્રભાતે ઊઠવા માટે તેઓ પ્રભુના સાન્નિધ્યમાં ઉત્થાનની ધન્ય આશા સાથે સાર્વકાલિક વિસામામાં નિરાંતે પોઢી રહેલા છે.

નિકલાઉસના સૌથી નાના દીકરા જોનને આ કુટુંબની માલિકીના ફાર્મનો વારસો પ્રાપ્ત થયો હતો. તેમનાં પત્નીનું નામ કેથેરાઈન મિલર હતું. આ દંપતીને ચાર દીકરાઓ અને બે દીકરીઓ હતાં. તેમના નામ અનુક્રમે સમૂએલ, વિલ્યમ, કેથેરાઈન, એઝરા, બેન્જામીન અને એમેલ્યા હતાં. તેમાંથી સૌથી નાની દીકરી એમેલ્યા નાનપણમાં મરણ પામી હતી.

**એઝરાની આધીનતા :**

જોન એક આદર્શ ખેડૂત તરીકે કામ કરવાની ખ્વાહિશ ધરાવતા હતા. તેમની આગ્રહી પ્રાર્થના હતી કે તેમનાં સંતાનોમાંથી કોઈએક સંતાન ખ્રિસ્તી સેવા માટે પ્રભુના તેડાનો સ્વીકાર કરે. આ પ્રાર્થનાના પરિણામ રૂપે તેમના ત્રીજા દીકરા એઝરાએ પોતાના જીવનનું

સ્વાર્પણ કર્યું. તેઓ પ્રભુના તેડાને આધીન થઈ ગયા. તેમની સાથે તેમના પિતરાઈ ભાઈ અર્નેસ્ટ બાઉમને પણ ઈશ્વરના તેડાનો સ્વીકાર કર્યો. આ બંને ભાઈઓ કોલેજનું શિક્ષણ પૂરું કર્યાં પછી ઈશ્વરવિદ્યા શાળામાં દાખલ થયા હતા. એનો અભ્યાસ તેમણે અંતરની આતુરતા સાથે પૂરો કર્યો. ત્યારબાદ આ બંને બાઉમન બંધુઓએ મેથોડિસ્ટ ચર્ચના બોર્ડ ઓફ મિશનને એક અરજી કરી. એ અરજી દ્વારા તેમણે મિશનરી સેવામાં જોડાવા માટેની પોતાની ઉત્કટ ઈચ્છા અને તત્પરતા દર્શાવી. તે વખતે જોગાનુજોગ બોર્ડ ઓફ મિશનમાં બે કાર્યક્ષેત્રો મિશનરી વગર ખાલી હતાં. એ બે જગ્યા પર મિશનરીઓની જરૂરિયાત હતી. તેમાંથી એક જગ્યા આર્જેન્ટિનામાં અને બીજી જગા ચીલીમાં ખાલી હતી. આર્જેન્ટિનામાં પરિણીત મિશનરીની અને ચીલીમાં અપરિણીત મિશનરીની આવશ્યકતા હતી. મિશન બોર્ડે બંને ભાઈઓની અરજીઓનો સ્વીકાર કર્યો. પરિણીત અર્નેસ્ટને આર્જેન્ટિનામાં અને કુંવારા એઝરાને ચીલીમાં મિશનરી સેવામાં જવા માટે નિમણૂક આપી.

ચીલીમાં ગયેલા કુંવારા મિશનરી એ જ આપણા ગુજરાતના મિશનરી ડેવિડ બાઉમનના પિતાશ્રી હતા. પિતાને પગલે પુત્ર ડેવિડ પણ પોતાના દેશમાંથી અહીં ભારતમાં ગુજરાતના મિશનરી તરીકે પધાર્યા ત્યારે તેઓ અપરિણીત હતા.

**યુવાન એઝરા-ચીલીના મિશનરી :**

અમેરિકાથી પ્રસ્થાન કરીને ૧૯૦૭માં આ આશાસ્પદ અને સ્ફૂર્તિશીલ યુવાન મિશનરી એઝરાએ ચીલીમાં પ્રવેશ કર્યો. ત્યારે તેઓ સત્તાવીશ વરસની વયના હતા. પ્રભુને નામે તેમણે પોતાના આયુષ્યનાં મૂલ્યવાન ૧૮ વર્ષોનો ઉપયોગ ચીલીમાં સુવાર્તાની સેવામાં કર્યો. આ સમય દરમિયાન તેઓ સતત મિશનરી કાર્યમાં મશગૂલ રહ્યા.

અહીંના સેવાકાળ દરમિયાન પોતાના એક મિશનરી મિત્ર વૉલ્ટરના ટેબલ પર એક કન્યાનો ફોટો એઝરાના જોવામાં આવ્યો. એ ફોટામાં તેમણે સૌંદર્ય જોયું. એટલું જ નહિ પરંતુ ફોટાવાળી એ કન્યાના ચહેરા ઉપર સેવાભાવના અને નિખાલસતા હોવાનાં ભાવ પણ એમણે નિહાળ્યા. એ ફોટો એમને ગમી ગયો અને એ કન્યાને તેમણે પસંદ કરી લીધી.

આ ફોટો એમના મિશનરી મિત્ર વૉલ્ટરની સગી બહેનનો હતો. તેમનું નામ ફલોરેન્સ હતું. નજીકના ભવિષ્યમાં ફલોરેન્સ અહીં ચીલીમાં આવવાનાં હતાં. એટલે એઝરાને વધારે પ્રતીક્ષા કરવી પડે એમ ન હતું.

**એઝરા - ફલોરેન્સનાં લગ્ન :**

થોડા સમય પછી ફલોરેન્સનું શુભાગમન ચીલીમાં થયું. એઝરા એમની રાહ જોઈ રહ્યા હતા. ચીલીના વેલપોરાઈસો બંદરે એઝરા સાથે તેમની મુલાકાત ગોઠવવામાં આવી. જાણે એ ઈશ્વરની યોજના હોય એમ તેઓએ એકબીજાને પસંદ કર્યાં. અને લગ્ન માટે પરસ્પર સંમત થયાં. તે જ વખતે વૉલ્ટર પણ પોતાની વાગ્દતા એથેલની પ્રતીક્ષા કરી રહ્યા હતા. તેમનું પણ શુભાગમન થયું અને બંનેનું મિલન થયું.

ઈ.સ. ૧૯૧૦ના નવા વર્ષે એટલે કે જાન્યુઆરીની પહેલી તારીખે બંને મિશનરીઓનાં લગ્ન થયાં. પ્રભુનું સેવાકાર્ય કરતાં કરતાં એક સૂચક સ્મરણીય દિવસે બે મિશનરી યુગલોએ સંસારયાત્રાની શરૂઆત કરી. મિશનરી વૉલ્ટર અને એથેલ તથા મિશનરી એઝરા અને ફલોરેન્સ પ્રભુની પૂર્વયોજના પ્રમાણે પરદેશમાં લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં.

આ ફલોરેન્સ એ જ ડેવિડ બાઉમનનાં માતા. લગ્ન બાબતની માતાપિતાએ પાડેલી પ્રણાલી જાણે ડેવિડે પણ જાળવી રાખી હોય

એમ એમનાં અને ફેઈથનાં લગ્ન પણ વિદેશમાં એટલે કે ભારતમાં તેમની મિશનરી સેવા દરમિયાન થયાં હતાં.

**બાળકો રૂપી કૃપાદાન :**

એઝરા અને ફલોરેન્સના દાંપત્યજીવનમાં ઈશ્વરપિતાએ ચાર દીકરાઓ અને ચાર દીકરીઓનાં કૃપાદાન આપ્યાં હતાં. એમની સૌથી નાની દીકરી બાલ્યાવસ્થામાં જ મરણ પામી હતી. બાકીનાં સંતાનોએ પોતાના જીવનોને જ્યોતિની જેમ જીવી જાણ્યાં હતાં. તેમના સૌથી મોટા દીકરાનું નામ મેલવીન વૉલ્ટર પાડવામાં આવ્યું. બાકીના દીકરા-દીકરીઓનાં નામ તેમના કાકા અને ફોઈનાં નામ પ્રમાણે પાડવામાં આવ્યા હતાં. તે આ મુજબ છે : મેલવીન પછી વિકટર વિલ્યમ, માર્ગારિટ કેથેરાઈન, જોન એઝરા, ડેવિડ બેન્જામીન અને ડૉરોથી એમેલ્યા. એમાંના ડેવિડ બેન્જામીન એ જ આપણા વહાલા મિશનરી રેવ. ડેવિડ બાઉમન.

**કૃષિકાર્યક્રમો દ્વારા મિશનરી સેવા :**

એઝરાએ પોતાનું મુખ્ય કર્તવ્ય પ્રભુ ઈસુના સંદેશવાહક તરીકે બજાવ્યું હતું. સાથે સાથે લોકોની આર્થિક ક્ષમતાને ઊંચી લાવવા માટે અને ખેતીવાડીમાંથી ઓછા ખર્ચે વધારે ઉત્પાદન મેળવવા માટેના સમાજ ઉત્થાનના કાર્યક્રમમાં પણ તેઓ રસ ધરાવતા હતા. તેમના આ સંસ્કારો, રસ અને વલણ સંપૂર્ણ રીતે તેમના મિશનરી પુત્ર ડેવિડ બાઉમનના જીવનમાં વારસાગત ઊતરી આવ્યા હતા.

એઝરાએ ખેતીવાડીના વિકાસલક્ષી કાર્યક્રમોમાં ઊંડી દિલચશ્પી રાખેલી હતી. આ દિશામાં તેમને બોર્ડ ઓફ મિશન્સ તરફથી સારું એવું ઉત્તેજન મળ્યું હતું. એમાં આગળ વધવા માટે રજાઓ લઈને એક વર્ષ માટે તેઓ અમેરિકા ગયા હતા. ત્યાંથી ખાસ કરીને ખેતીવાડીના પ્રોજેક્ટ માટે તેમણે ફંડ એકત્ર કર્યું હતું. એ દાનનાં નાણાંથી દક્ષિણ ચીલીમાં ૩,૮૦૦ એકરનું એક વિશાળ ફાર્મ



ડેવિડ. માર્ગારેટ. જેક. વિક્ટર

ખરીદવામાં આવ્યું હતું. અને સમાજોત્થાનના કાર્ય માટે કૃષિસેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

કૃષિક્ષેત્રના એ પ્રોજેક્ટમાં આ ફાર્મમાં ખેતીવાડી માટેની એક શિક્ષણસંસ્થા શરૂ કરવામાં આવી. સ્વર્ગ-ઉદ્યાન નામની એ સંસ્થા એના સફળ સંચાલન, સંગીન શિક્ષણકાર્ય અને સેવાભાવનાની સુવાસને લીધે ખૂબ જ ખ્યાતનામ થઈ. દક્ષિણ ચીલીના સમગ્ર વિસ્તારના ખેડૂતો માટે એ પ્રેરક અને આદર્શ સંસ્થા ગણાવા લાગી. એ સંસ્થા યુનાઈટેડ મેથોડિસ્ટ મિશનના કેટલાક મહત્ત્વના પ્રોજેક્ટસમાંના એક વિશિષ્ટ પ્રોજેક્ટ તરીકે સક્રિય અને વિખ્યાત છે. સ્વર્ગ-ઉદ્યાનના આ સુંદર સ્થળે દક્ષિણ ચીલીના આન્ગોલ ગામમાં આપણા મિશનરી ડેવિડ બાઉમનનો જન્મ થયો હતો.

**ફ્લોરેન્સની માંદગી :**

પછીનાં વરસોમાં એઝરા અને એમના કુટુંબને મિશનરી સેવા માટે ઉજ્જડ એવા એટેકામાના રણ પ્રદેશમાં રહેવા જવાનું થયું હતું. ઉત્તર ચીલીના ઈક્કીક્કેમાં આ પ્રદેશ આવેલો છે. અહીં એઝરાને શિરે ચર્ચના વહીવટની તમામ જવાબદારીઓ હતી. તેમની કૌટુંબિક જવાબદારી પણ વિશેષ હતી. બાળકોના શાળાકીય શિક્ષણ અને ધાર્મિક શિક્ષણ પરત્વે તેઓ સાવચેત રહેતા હતા. તેમનાં છ બાળકોમાંથી પ્રથમ પાંચનો જન્મ બબ્બે વર્ષને અંતરે થયો હતો. મેલવીન ઈ.સ. ૧૯૧૧માં, વિક્ટર ૧૯૧૩માં, માર્ગરિટ ૧૯૧૫માં, જોન ૧૯૧૭માં અને આપણા મિશનરી રેવ. ડેવિડ બાઉમન ઈ.સ. ૧૯૧૯ના ઑગસ્ટ માસની ૨૮મી તારીખે જન્મ્યા હતા. ત્યાર પછી પાંચમા વર્ષે ઈ.સ. ૧૯૨૪માં દીકરી એમેલ્યાનો જન્મ થયો હતો. ડોરોથી એમેલ્યાનો જન્મ થાય એ સમયગાળામાં માતા ફ્લોરેન્સને ક્ષય રોગ લાગુ પડયો હતો. પરિણામે નાની બાળકી સખત નબળાઈ અને માંદગીમાં પટકાઈ પડી હતી. અને બાલ્યાવસ્થામાં જ મરણ પામી હતી.

પત્ની ફ્લોરેન્સની માંદગી અને નબળાઈને કારણે એઝરા અને કુટુંબને પાછા અમેરિકા જવું પડે એવા સંજોગો આવી પડવાને લીધે તેઓ અમેરિકા ગયાં. એક વર્ષ સુધી કેલિફોર્નિયાના મોનરોવિયામાં રહ્યાં. આટલા સમય બાદ પણ તેઓ ચીલીમાં પાછા જઈ શકે એવી સ્થિતિ ઊભી થઈ શકી નહિ. તેથી એ સંજોગોને લીધે હોમ મિશનના બોર્ડે એઝરાને કોલોરેડોના ઈશાન વિસ્તારમાં એક નવું મિશનક્ષેત્ર શરૂ કરવા માટે નિમણૂક આપી. એટલે કુટુંબને ફરી એક વાર સ્થળાંતર કરવાનું થયું. તેમણે કોલોરેડો સ્ટેટના ફોર્ટ મોરગનમાં આવીને વસવાટ કર્યો. આ વખતે ડેવિડની ઉંમર સાત વર્ષની હતી.

**કોલોરેડોમાં :**

અહીં કોલોરેડો રાજ્યના વિસ્તારમાં તેમને મેક્સિકન ખેત મજૂરોમાં સુવાર્તાપ્રચારની ફરજ બજાવવાની હતી. એ કામ એમણે ઉત્સાહપૂર્વક શરૂ કર્યું. એમની સતત કાર્યશીલતાને કારણે એમની સરકટ (ધર્મસેવા ક્ષેત્ર)ની સરહદો વિસ્તૃત થતી ગઈ અને સરકટના એક બાજુના છેડાથી સામેની બાજુના છેડા સુધીના વિસ્તારની લંબાઈ ૨૨૫ કિલો મીટર્સ જેટલી થઈ. ગજબ ગણાય ! સુવાર્તાપ્રચાર તો આનું નામ ! એઝરાના નેતૃત્વ નીચે સરકટના વ્યાપ, વિશાળતા અને જાગૃતિમાં ઘણો વધારો થયો. રેવ ડેવિડ બાઉમનને પિતાશ્રી તરફથી મળેલા સંસ્કારોમાં આ બાબત પણ સીમાચિહ્ન સમાન હતી.

રેવ. એઝરા પોતાની સમગ્ર સરકટના પાળકો અને પ્રતિનિધિઓને વર્ષમાં એક અથવા બે વખત એક સ્થળે એકઠા કરીને સંગત, સભા, શાસ્ત્રશિક્ષણ અને ચર્ચા વિચારણાના કાર્યક્રમોનું આયોજન કરતા હતા. અને દર રવિવારે જુદી જુદી મંડળીઓમાં ચાર જગ્યાએ તેઓ ભક્તિસભા ચલાવતા હતા. રેવ એઝરાનો આ પરિશ્રમ પુષ્કળ ધન્યવાદને પાત્ર હતો. જવા આવવાની મુશ્કેલીઓનો પાર ન હતો એવી પરિસ્થિતિમાં પ્રભુના સેવક એઝરાએ પ્રભુનું કામ પૂરી ધગશથી કર્યે રાખ્યું હતું.

**સંનિષ્ઠ સરકટ પાળક :**

સરકટ પાળક તરીકે રેવ. એઝરાને અભિવ્યક્ત કરવાના આ તબક્કે ગુજરાતની એક ગ્રામ્યમંડળી સાસ્તાપુરના એક પ્રેમાળ અને પ્રતિષ્ઠિત પાળક રેવ. વીરજીભાઈ ક્રિશ્ચિયનનાં સુખદ સ્મરણો થઈ આવતાં ધન્યતા અનુભવાય છે. તેમના પાળક સેવાના સમય દરમિયાન આ પુસ્તકના લેખકને સાસ્તાપુરમાં રહેવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું હતું.

રેવ. વીરજીભાઈ સરકટ પાળક હતા. ખાસ પ્રસંગો અને પર્વો નિમિત્તે તેઓ સાસ્તાપુર ઉપરાંત તેમની સરકટનાં કૈયજ, કડી, અલીણા, શેરી, વાસણા, પોરડા અને મહિસા ગામોનાં કુટુંબોની મુલાકાત લેતા હતા અને એ ગામોમાં ભક્તિસભા ચલાવવા જતા હતા. બસની અપૂરતી સુવિધાઓ અને સારા રસ્તાઓના અભાવવાળા એ સમયમાં તેઓ પગે ચાલીને અથવા સાયકલ દ્વારા પોતાના સરકટ વિસ્તારનો પ્રવાસ કરતા હતા. ઉનાળાનો ધગધગતો બપોર હોય, શિયાળાની કડકડતી સવાર કે સાંજ હોય અગર ચોમાસામાં ધોધમાર વરસતો વરસાદ હોય એની કશી જ પરવા કર્યા સિવાય પ્રભુના આ ભક્ત ધર્મસેવક વીરજીભાઈ પ્રભુના કામને અગ્રીમતા આપતા હતા. વીસ કિલોમિટર જેટલા ક્ષેત્રમાં પથરાયેલા પોતાના સરકટ ક્ષેત્રનાં સેવાકાર્યો પૂરાં કરીને ઘેર આવતાં ઘણી વખત રસ્તામાં જ અંધારું થઈ જતું હતું.

રેવ. વીરજીભાઈની આ ધર્મસેવા પુષ્કળ પરિશ્રમપૂર્વકની અને સ્વાર્પણની ભાવનાથી ભરપૂર હતી. મિશનરી તરીકેના ગુજરાતમાંના સેવા સમય દરમિયાન રેવ. ડેવિડ બાઉમન આ સરકટનાં ગામોમાં વિશેષ કરીને સાસ્તાપુરમાં અવારનવાર આવતા હતા. તેઓ વેકેશન બાઈબલ સ્કૂલ, ફિલ્મ શો, સેમિનાર અને કૃષિ વિષયક કાર્યક્રમો અહીં સાસ્તાપુરમાં ચલાવતા હતા. ત્યારે બાળકો બાઉમન સાહેબને ઘેરી વળતાં હતા અને મંડળીના લોકો તેમને ઉમળકાસહિત આવકારવા માટે એકત્ર થઈ જતા હતા. રેવ. બાઉમનના સંચાલન હેઠળના આ કાર્યક્રમોના યજમાન અને વ્યવસ્થાપક તરીકેની જવાબદારી સરકટ પાળક રેવ. વીરજીભાઈ પૂરા ઉત્સાહથી હસતા મુખે સંભાળતા હતા.

આના કરતાં વધારે વિશાળ સરકટમાં રેવ. એઝરાએ ઉમદા સેવાકાર્ય કર્યું હતું. કેટલું બધું કામ ? કેવું કપરું સેવાકાર્ય ! સમર્પણ

એટલે સમર્પણ ! એઝરાનો આવો ઉમદા સંસ્કાર વારસો તેમના પુત્ર રેવ. ડેવિડમાં સીધેસીધો ઊતરી આવેલો હતો. ઊતરે જ ને ?

રેવ. એઝરા પોતાની ભક્તિસભા સ્પેનિશ ભાષામાં ચલાવતા હતા. વિશાળ વિસ્તરેલા વટવૃક્ષની માફક તેઓ પોતાના સભાસદોને આત્મિક આચ્છાદાનથી ઢાંકી દેતા હતા. એક પીઢ અને પાકટ પાળક તરીકે ભલા ભરવાડની માફક સરકટ વિસ્તારનાં ઘેટાં રૂપી સભાજનોની આત્મિક સારસંભાળ તેઓ રાખતા હતા. તદુપરાંત આ મેક્સિકન લોકોની ભૌતિક મુશ્કેલીઓ, અછત, સમસ્યાઓ અને નિરાશાના સંજોગોમાં તેઓ તેમની પડખે આવીને ખડા રહેતા હતા અને તેઓને રાહત ઉપરાંત આર્થિક મદદ મળે તે માટેનું વ્યવસ્થાતંત્ર ગોઠવતા હતા.

**ફ્લોરેન્સનું મૃત્યુ :**

આ બધાં કામોની સાથે સાથે રેવ. એઝરાને સરકટ વિસ્તારની મંડળીઓ સંભાળવાની હતી. તદુપરાંત બીમાર રહેતાં પત્ની ફ્લોરેન્સની સારવાર કરવી, તેમના માટે દવાદારુની વ્યવસ્થા કરવી, અવારનવાર તેમને દવાખાને લઈ જવા એવી કપરી કામગીરી પણ કરવાની રહેતી હતી. આવા સંજોગો વચ્ચે શ્રીમતી ફ્લોરેન્સને ડેનવારની હૉસ્પીટલમાં દાખલ કર્યાં હતાં. પછી ત્યાં તેમની તબિયતમાં સુધારો થયેલો જણાવાથી તેમને પાછાં ઘેર ફોર્ટ મોરગનમાં લાવવામાં આવ્યાં. આટલા બધા ઉપચારો, સારવાર અને કાળજી લેવા છતાં તેઓ ક્ષયરોગમાંથી સાજાં ના થયાં તે ના જ થયાં. ઈશ્વરની ઈચ્છા અનુસાર ઈ.સ. ૧૯૨૯ના જુલાઈ માસની ૧૧મી તારીખે તેમણે આ પૃથ્વી પરનો પોતાનો પ્રવાસ પૂરો કર્યો.

એક વર્ષ પછી રેવ. એઝરાએ એક મિશનરી મહિલા સાથે પુનઃ લગ્ન કર્યાં. તેમનું નામ યુરેટા મેરેડીથ હતું. તેમણે આ પહેલાં

ચીલીમાં ૬ વર્ષ સુધી અને પેરુમાં ૬ વર્ષ સુધી એમ કુલ ૧૨ વર્ષ સુધી મિશનરી કાર્ય કર્યું હતું.

**સંતાનોમાં ઊતરેલી સેવાભાવના :**

એઝરાનાં તમામ દીકરા-દીકરીઓએ પોતાનું હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ ફોર્ટ મોરગનમાં લીધું હતું.

મેલવીન અને વિક્ટરે દક્ષિણ ડાકોટામાં મિચેલ શહેરની ડાકોટા વેસ્લિયન યુનિવર્સિટીમાં આગળનું શિક્ષણ લીધું હતું. ત્યાર પછી થોડો સમય તેમણે શાળામાં શિક્ષણ આપવાનું કામ કર્યું. પછી મેલવીન પણ એ જ ડાકોટા વેસ્લિયન યુનિવર્સિટીમાં સર્વિસમાં જોડાયા અને વહીવટી અધિકારી તરીકે ડીનની જવાબદારીવાળા સ્થાન સુધી બઢતી પામ્યા. તેઓ એકાએક ઈ.સ. ૧૯૬૦માં મરણ પામ્યા.

રેવ. એઝરાના બીજા એક દીકરા વિક્ટરે તેમની સેવા કારકિર્દીની શરૂઆતે યુધ્ધના સમય દરમિયાન યુ. એસ.ના નૌકા સૈન્યમાં સર્વિસ કરી. ત્યાર પછી તેમણે કોલોરેડો સ્કૂલ ઓફ માઈન્સની શિક્ષણ સંસ્થામાં સર્વિસ સ્વીકારી અને ત્યાં મેથેમેટિક્સના પ્રોફેસર તરીકે શિક્ષણકાર્ય કર્યું. આ સંસ્થા કોલોરેડોના ગોલ્ડન શહેરમાં આવેલી છે. તેમણે વસવાટ માટેનું પોતાનું ઘર ગોલ્ડનમાં બાંધ્યું. માતાપિતા યુરેટા અને એઝરા જ્યારે મિશનરી તરીકેની પોતાના મિશનક્ષેત્રની સેવામાંથી નિવૃત્ત થયાં ત્યાર પછી તેઓ પણ અહીં ગોલ્ડનમાં જ આવીને વસ્યાં હતાં. પછી એઝરાની દીકરી માર્ગરિટ અને જમાઈએ પણ નિવૃત્તિ બાદ અહીં જ આવીને સ્થાયી વસવાટ કર્યો હતો.

અહીં એક બાબત રસપ્રદ છે કે એઝરાએ ચીલી અને કોલોરેડોમાં કરેલી મિશનરી સેવાના વર્ષો ચીલીમાં ૧૮ વર્ષ અને કોલોરેડોમાં ૧૮ વર્ષ ગણતાં કુલ ૩૬ વર્ષો થાય. ત્યાર બાદ ફરીથી

બીજાં ૫ વર્ષ માટે તેઓ ચીલી ગયા હતા. એમ કુલ ૪૧ જેટલાં વર્ષો તેમણે પ્રભુના કામમાં પસાર કર્યાં હતાં. તો તેમના પુત્ર રેવ. ડેવિડ બાઉમનની ભારતમાંની મિશનરી સેવાઓ ૩૬ વર્ષની તથા નિવૃત્તિ પછી સિયોન મેથોડિસ્ટ ચર્ચ, લોરેનના પાસ્ટર તરીકેની ૫ વર્ષની સેવા ગણતાં પ્રભુના કામમાં તેમણે પસાર કરેલાં વર્ષો પણ ૪૧ થયાં હતાં. કેવો યોગાનુયોગ ! પિતાને પગલે પુત્ર પણ પિતાની માફક ચાલ્યા હતા.

રેવ. એઝરા પોતાની ૪૧ વર્ષની મિશનરી સેવા પૂરી કર્યા પછી પૂરા સંતોષ સાથે નિવૃત્ત થયા હતા. ત્યાર બાદ તેઓ પણ તેમના પુત્ર-પુત્રીના વસવાટના સ્થળે ગોલ્ડન શહેરમાં જ આવીને વસ્યા હતા. જીવનની ઉત્તરાવસ્થાના દિવસો તેમણે અહીં પસાર કર્યા હતા.

□

# ૩
# રેવ. ડેવિડ બાઉમન

**પિતાને પગલે ડેવિડ :**

સ્વદેશ તજીને પ્રભુને નામે મિશનરી સેવા માટે ભારતમાં આવનારા રેવ. ડેવિડ બાઉમન સમર્પિત પ્રભુભક્ત હતા. ખાસ કરીને ગુજરાતના ખેડા, વડોદરા અને પંચમહાલ જિલ્લાના વિસ્તારોમાં આવેલી ગ્રામ્યમંડળીઓમાં રેવ. બાઉમન ખૂબ જાણીતા થયેલા હતા. વૃધ્ધો, યુવાનો અને બાળકો સુધ્ધાંનો ખૂબ જ આદર તેમણે પ્રાપ્ત કર્યો હતો. મિશનરી પિતા એઝરાનાં છ સંતાનોમાં ઉંમરની દષ્ટિએ ગણીએ તો તેમનો ક્રમ પાંચમો હતો.

ડેવિડનો જન્મ ચીલી દેશમાં આવેલા એન્ગોલ નામના ગામમાં ઈ.સ. ૧૯૧૯ના ઑગસ્ટ માસની ૨૮મી તારીખે થયો હતો. પિતાનું નામ એઝરા હતું. પિતાશ્રીએ પ્રભુને સમર્પિત થઈને વિદેશમાં અપરિચિત લોકોને આત્માથી તથા સચ્ચાઈથી પ્રભુની સુવાર્તા સંભળાવી હતી અને ૪૧ વર્ષો સુધી મિશનરી કાર્ય કર્યું હતું.

પત્ની ફલોરેન્સની માંદગી, પાંચ સંતાનોની જવાબદારી અને અજાણ્યા વિસ્તારો વચ્ચે એઝરાએ પ્રભુના કામને પ્રથમ અગ્રીમતા આપી હતી. પરિણામ સ્વરૂપે તેમનાં સંતાનો જ્ઞાનમાં અને કદમાં તથા માણસોની અને પ્રભુની પ્રસન્નતામાં વૃધ્ધિ પામતાં ગયાં. એમાં રેવ. ડેવિડ બાઉમન એક આદર્શ ઉદાહરણ રૂપ છે.

**શિક્ષણ અને સેવાભાવના :**

ડેવિડે પોતાનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ફોર્ટ મોરગનમાં પૂરું કર્યું હતું. આ સમય દરમિયાન પિતાની મિશનરી સેવાઓ, પ્રવૃત્તિઓ અને તેમના ધાર્મિક, નીતિમાન જીવનની ઊંડી છાપ

ડેવિડના જીવન પર પડતી રહેલી હતી. વળી પિતાએ પોતાના પુત્રના જીવનને પ્રભુના પગલે ચલાવવામાં સતત સાવધાની રાખી હતી.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પછી ઈ.સ. ૧૯૩૭માં ડેવિડ અને તેમના ભાઈ જોન ઉચ્ચ શિક્ષણ માટે ડેનવર યુનિવર્સિટીની કૉલેજમાં દાખલ થયા. અહીં ઉચ્ચ શિક્ષણના અભ્યાસની સાથે સાથે તેઓ વિદ્યાર્થીઓની ખ્રિસ્તી ચળવળમાં ખૂબ જ રસપૂર્વક સામેલ થઈ ગયા. આ ક્ષેત્રની વિવિધ પ્રવૃત્તિઓ કરવાને લીધે તેમના જીવનમાં સેવાની ભાવનાનો જુદો જ વળાંક આવ્યો અને તેઓ ખ્રિસ્તી યુવકસેવા પ્રવૃત્તિઓ તરફ ઉત્સાહપૂર્વક આકર્ષાયા.

મોટાભાઈ જોને પોતે ડોક્ટર થવાનો નિર્ણય કરી દીધો હતો. ડેવિડે કૉલેજના પ્રથમ વર્ષનો અભ્યાસ પૂરો કર્યો ત્યારે ગુરુબંધુ જોન ડીગ્રી પરીક્ષામાં પાસ થઈ ગયા હતા. પછી તેઓ કોલોરેડો યુનિવર્સિટીમાં સ્કૂલ ઓફ મેડિસિન્સમાં દાખલ થયા હતા. આ સંસ્થા આ જ શહેરમાં આવેલી હતી. તેથી બંને ભાઈઓને એક જ સ્થળે રહેવાની સાનુકૂળતા પ્રાપ્ત થઈ હતી. તેને લીધે બંને ભાઈઓ અવારનવાર એકબીજાને મળી શકતા હતા.

આ સમયગાળામાં પિતાશ્રી રેવ. એઝરા અને માતા તથા તેમનાં સંતાનોના પરિવારે બાઉમન કુટુંબના સમગ્ર સાથી કુટુંબીજનો સાથે કેલિફોર્નિયામાં અને ત્યાર પછી પૂર્વજોના વતન હેનરીએટામાં એમ બે સ્થળે બે વખત યોજાયેલા પરિવાર મિલન સમારંભમાં કૌટુંબિક સંગતનો આનંદ માણ્યો હતો.

**લોરેન - નિવૃત્તિ પછીનું નિવાસસ્થાન :**

ક્ષયના અસાધ્ય રોગના હુમલાને લીધે માતા ફલોરેન્સ પ્રભુ પાસે પહોંચી ગયાં. પછી ડેવિડના પિતાએ એક વર્ષ બાદ ફરીથી લગ્ન કર્યાં હતાં અને ડેવિડને નવાં માતા યુરેટા મેરેડીથ મળ્યાં

હતાં. તેઓ ડેવિડને તેમના નવા મોસાળમાં લઈ ગયાં હતાં. ત્યાં જવા માટે તેમને રેલવેની લાંબી મુસાફરી કરવાની થઈ હતી. તેમના નવાં માતાનું પિયર ઉત્તર ઓહાયોના યલ્લો સ્પ્રીંગ્સમાં આવેલું હતું. કેટલાંક અઠવાડિયાં સુધી ડેવિડ ત્યાં રહ્યા હતા. એ દરમિયાન તેમને તેમના નવા મામાનાં દીકરા-દીકરીઓ એટલે કે ભાઈબહેનો સાથે પરિચય થયો હતો.

ત્યાર પછી ડેવિડે હેનરીએટામાં વસતાં બાઉમન કુટુંબનાં પોતાનાં પિતરાઈ ભાઈબહેનો તથા પોતાનાં ફોઈ કેથેરાઈન અને ફુઆ વીલ શ્મીટકન્સના પરિવાર સાથે લોરેનનો પ્રવાસ કર્યો હતો. કૉલેજના પ્રથમ વર્ષના અભ્યાસને અંતે રજાઓ ગાળવા માટે ઉનાળાના સમયમાં ડેવિડ અહીં લોરેનમાં પોતાનાં ફોઈ-ફુઆને ઘેર આવીને રહ્યા હતા. તેમના ફુઆનું એક વિશાળ ફાર્મ હતું. ત્યાં ફળની વાડીઓ પણ હતી. એમાંથી ડેવિડ બેરીનાં ફળ તોડવામાં ખૂબ જ આનંદ માનતા હતા. વળી એ સમયે તેમના ફુઆની માલિકીની સફરજનની એક મોટી વાડી હતી. લોરેન વિસ્તારમાં આ વાડી સૌથી વધારે પ્રખ્યાત હતી. સમય જતાં આ વિશાળ વાડીની વચ્ચે થઈને જાહેર માર્ગનું આયોજન થવાને લીધે બે વિભાગમાં તેનું વિભાજન થયું. આ વિસ્તાર હેનરીએટા શહેરથી પંદર કિલોમિટર જેટલે દૂરના અંતરે આવેલો હતો. આવા રમણીય અને હરિયાળા પ્રદેશમાં ડેવિડ પોતાની યુવાવસ્થામાં ખૂબ રમ્યા હતા અને હર્યાફર્યા હતા. વળી આ વાડીમાં તેમણે ખૂબ કામ પણ કર્યું હતું. ત્યારે તેમને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે ભારતમાં ૩૬ વર્ષોનું મિશનરી સેવાકાર્ય પૂરું કર્યા પછી નિવૃત્તિના સમયે જીવનની ઉત્તરાવસ્થામાં તેમના નિવાસ માટે ઈશ્વરપિતાએ અહીં આ જગ્યાનું નિર્માણ કરેલું છે.

આ એક રસપ્રદ બાબત જાણવા જેવી છે કે રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમન એમના નિવૃત્તજીવનમાં હાલ આ સુંદર અને વિશાળ ફાર્મમાં વસવાટ કરી રહેલાં છે અને ભૂતકાળમાં તેમના પર ઈશ્વરપિતાએ કરેલા ઉપકારો, દર્શાવેલો પ્રેમ અને આપેલા અનેક આશીર્વાદો યાદ કરીને આભાર માની રહેલાં છે.

તેઓની પોતાની માલિકીનું બીજું એક વધારાનું ઘર પણ આ ફાર્મમાં છે. આ ઘર તેમણે તેમના ફુઆ વીલ્સના દ્વિતીય પુત્ર આર્થર પાસેથી ખરીદેલું છે. પહેલાં આર્થર અને તેમનાં પત્ની આ મકાનમાં રહેતાં હતાં. તેઓને કોઈ સંતાન ન હતું. આર્થરનાં પત્ની મરણ પામ્યા પછી થોડાં વર્ષો સુધી તેમણે વિધુર અવસ્થામાં જીવન ગાળ્યું હતું. પછી તેમણે વિલ્યમ બાઉમનની દત્તક પુત્રી રૂથ સાથે પુનઃ લગ્ન કર્યા હતાં. આ લગ્ન બાદ તેઓ કેલિફોર્નિયાના લોન્ગ બીચમાં રહેવા ગયાં હતાં. તેથી લોરેનમાં આવેલું આ નિવાસસ્થાન રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમન નિવૃત્ત થવાની તૈયારીમાં હતાં તે જ વખતે તેમને પ્રાપ્ય થઈ શક્યું હતું. તેઓ જ્યારે ભારતમાં તેમની મિશનરી સેવામાં ચાલુ હતાં ત્યારથી જ આ મકાનની કિંમતની ચૂકવણી પેટે તેઓ હપ્તે હપ્તે નાણાં ભરપાઈ કરતાં હતાં. નિવૃત્ત થઈને તેમણે અહીં આવ્યા પછી આ ઘરમાં રહેવાનું શરૂ કર્યું. ત્યાર પછી એની પૂરેપૂરી રકમ ચૂકવાઈ શકી હતી. રેવ. ડેવિડના ભાઈ જોને આ ઘર ખરીદવાનાં નાણાંમાં સારી એવી આર્થિક મદદ કરી હતી.

**પધ્ધતિસરની પ્રગતિશીલ પ્રવૃત્તિઓ :**

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે આપણા મિશનરી રેવ. ડેવિડ બાઉમન પોતાના કૉલેજના અભ્યાસ દરમિયાન તેમની યુવાવસ્થામાં સ્ટૂડન્ટ ક્રિશ્ચિયન મૂવમેન્ટ સંસ્થાની પ્રવૃત્તિઓમાં ખૂબ જ ઓતપ્રોત રહેતા હતા. આ ચળવળની જે સારી પ્રતિષ્ઠા હતી

તેની તથા તેના કાર્યક્રમોની ઊંડી અસર તેમના જીવન પર પડી હતી. આ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં સુવાર્તા દ્વારા સામાજિક ઉત્થાનના ઉપાયો, શાંતિની સ્થાપના, વિવિધ સંપ્રદાયો વચ્ચે સમભાવ, આર્થિક ન્યાય અને સમાનતા જેવા ઉમદા મુદ્દાઓનો સમાવેશ થયેલો હતો. આ અનુભવો અને તાલીમ રેવ. ડેવિડને આગળ ઉપર વિવિધ પધ્ધતિ અને પ્રવૃત્તિઓ દ્વારા પ્રભુની સેવા કરવામાં ખૂબ જ કામ લાગ્યાં હતાં.

આ સમયે વિશ્વમાં બીજું વિશ્વયુદ્ધ પ્રસરી રહ્યું હતું. લશ્કરી સમશ્યાઓ ઊભી થયેલી હતી. અને અશાંતિએ પોતાનો પડછંદ પંજો પ્રસારેલો હતો. અમેરિકામાં લશ્કરની ટુકડીઓમાં ભરતીનો સિલસિલો શરૂ થઈ ગયો હતો. આવાં યુધ્ધોની સામે શાંતિ અને સમાધાનના વિચારો ડેવિડના મનમાં ઘૂમ્યા કરતા હતા. પ્રભુ જે શાંતિ આપે છે અને તેમની મારફતે જે સમાધાન કરાવવામાં આવે છે એ વડે જ અજંપા દૂર થાય છે અને માનવ માનવ વચ્ચે સમાનતા, પ્રેમ અને બંધુતાનું સામ્રાજ્ય સ્થપાય છે. એવા વિચારોમાં અને માન્યતામાં રેવ. ડેવિડ દૃઢ હતા. પ્રશ્નો અને સમશ્યાઓના નિવારણ અર્થે લડાઈને બદલે ભાઈચારાની જે ભાવના તેમના મનમાં દૃઢ થયેલી હતી તેને લીધે આવાં યુધ્ધો પ્રતિ વિરોધની લાગણી તેમણે વ્યકત કરી. વળી તેમની સાથે આવી વિચારશરણી વાળા તેમના કેટલાક યુવાન સાથી મિત્રો પણ યુધ્ધ સામે વિરોધ વ્યક્ત કરવાની ચળવળમાં જોડાયા હતા.

**બેકાર અને ગરીબોની વચ્ચે :**

ડેવિડે કૉલેજનો બીજા વર્ષનો અભ્યાસ પૂરો કર્યો. ત્યારે ઈ.સ. ૧૯૩૯ના ઉનાળાની રજાઓમાં તેમણે એક કાર્યશિબિરમાં ભાગ લીધો હતો. એ કાર્યશિબિરની વ્યવસ્થા મિસ્સીસિપ્પીમાં કરવામાં આવી હતી. એનું આયોજન અને સંચાલન અમેરિકન મિત્ર

સેવામંડળ (American Friends Service Committee) નામની મંડળી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યશિબિર મિસ્સીસિપ્પી નદીની સામે પારના પ્રદેશ પાસેના એક વિશાળ ફાર્મમાં યોજવામાં આવ્યો હતો. એની કાર્યવાહી દરમિયાન ફાર્મ પર કૃષિવિષયક પ્રયોગ-પ્રવૃત્તિઓ કરવાનો અને દેશના એક સૌથી વધારે પછાત વિસ્તારની ગરીબી, સાંપ્રદાયિકતા તથા શોષણ બાબતનો અભ્યાસ કરવાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. અહીં શ્રમકાર્ય કરતાં કરતાં રેવ. ડેવિડને પોતાના ભાવિ સેવાકાર્ય માટે એક ચોક્કસ સ્વરૂપના દર્શનમાં આગળ વધવાની પ્રેરણા અને શિક્ષણ મળ્યાં હતાં.

રજાઓ પૂરી થઈ એટલે ડેવિડ આગળના સત્રના અભ્યાસ માટે ફરી પાછા કૉલેજમાં ગયા. આ વખતે ત્યાં તેઓ ડેનવાર શહેરના ગ્રેઈસ મેથોડિસ્ટ ચર્ચમાં ભક્તિસભામાં તથા મંડળીની અન્ય સેવાવિષયક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હતા. રેવ. એડગર વ્હેલબર્ગ આ ચર્ચના પાળક હતા. તેઓ શહેરના અંતરિયાળ વિસ્તારમાં વસતા લોકોના પ્રશ્નો અને મુશ્કેલીઓમાં રસ લેતા હતા. વળી તેઓ ગરીબી તથા બેકારીની ભીંસમાં જકડાયેલાં કુટુંબોની મુલાકાત અને અન્ય વિવિધ સેવાકાર્યમાં સતત સંકળાયેલા રહેતા હતા. આવાં કાર્યોમાં ડેવિડ પણ સહભાગી થતા હતા.

**સન્ડે સ્કૂલ અને ભક્તિસભાના સંચાલનમાં પગરણ :**

આ ગ્રેઈસ મેથોડિસ્ટ ચર્ચ તરફથી ઉનાળાની રજાઓમાં રૉકી પર્વતના પ્રદેશમાં એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડેનવાર શહેરના અંતરિયાળ વિસ્તારમાં ખાસ કરીને બાળકો માટે યોજવામાં આવેલા આ કેમ્પમાં ડેવિડ બાઉમને કાર્યકર્તા તરીકે ભાગ લીધો હતો અને સ્વયંસેવક તથા શિક્ષક તરીકે ઉમદા ફરજ અદા કરી હતી. આ બાળકેમ્પની સફળતાપૂર્વકની સમાપ્તિ પછી પાળક

રેવ. વ્હેલબર્ગને પોતાને એવું લાગ્યું કે ઉનાળાના દિવસો પછી પણ આ નાનકડા પ્રભુમંદિરનો ઉપયોગ થવો જોઈએ. તેથી તેમણે ડેવિડની આગળ પોતાના આ વિચારો વ્યક્ત કર્યા. કેમ કે કેમ્પમાં ડેવિડે કરેલી બાળવિષયક અસરકારક સેવાઓથી તેઓ પ્રભાવિત થયા હતા. આ વાતચીત દરમિયાન રેવ. વ્હેલબર્ગે નક્કી કર્યું કે દર રવિવારે ભક્તિસભા પૂરી થયા પછી બપોરે કોનીફરના આ પ્રભુમંદિરમાં સન્ડે સ્કૂલ ચલાવવામાં આવે અને આ વિસ્તારના વાલીઓ પોતાનાં બાળકોને એ સ્કૂલમાં મોકલે તે માટે તેમનો સંપર્ક કરવામાં આવે. કોનીફરનું આ નાનકડું પ્રભુમંદિર ડુંગરોની વચ્ચે આવેલું છે.

આ નિર્ણયનો અમલ કરવા માટે અને સન્ડે સ્કૂલના એ સેવાકાર્યમાં જોડાવા માટે તેમણે ડેવિડને વિનંતી કરી. ડેવિડે રાજીખુશીથી એ નિમંત્રણનો સ્વીકાર કર્યો અને દર રવિવારે સન્ડે સ્કૂલમાં શિક્ષણ આપવાની સેવા શરૂ કરી. આ કામ માટે દર અઠવાડિયે કોઈ વખત બસ દ્વારા અને કોઈ વખત ગ્રેસ ચર્ચે ભાડે કરેલી ટ્રક દ્વારા મુસાફરી કરીને તેઓ પોતાની ફરજ બજાવવા માટે જતા હતા. તેઓ ત્યાં જઈને એ વિસ્તારમાં વસતાં કુટુંબોની મુલાકાત લેતા હતા અને રવિવારે બપોર પછી સન્ડે સ્કૂલમાં શિક્ષણ લેવા માટે આવવાનું નિમંત્રણ તેમને આપતા હતા. એ ગામનું નામ કોનીફર હતું.

ડેવિડની આ સેવાવિષયક પ્રવૃત્તિઓની વાત એ વિસ્તારના ડેનવાર ડિસ્ટ્રીક્ટના ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટના કાને આવી. તેમના જાણવામાં આવ્યું કે ડેવિડ બાઉમન દર રવિવારે કોનીફરમાં જાય છે અને તે ત્યાં સન્ડે સ્કૂલ ચલાવે છે. એ જાણીને તેમને ખૂબ આનંદ થયો. પોતાની ડિસ્ટ્રીક્ટમાં કરવામાં આવતા ડેવિડના આ કામથી તેઓ પ્રસન્ન થયા.

તે વખતે સદરહુ ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડન્ટની આ ડિસ્ટ્રીક્ટમાં ત્યાંથી દસેક કિલોમિટર જેટલે દૂર પ્લૅટ નદીની દક્ષિણે પાઈન નામના એક ગામમાં એક મેથોડિસ્ટ મંડળી આવેલી હતી. ત્યાં પ્રભુમંદિર હતું. પરંતુ આ મંડળીની સારસંભાળ માટે તે વખતે ત્યાં કોઈ પાળક ન હતા. તેથી ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડન્ટશ્રીએ આ વિસ્તારમાં સન્ડે સ્કૂલ ચલાવવા માટે તથા અન્ય સેવાકાર્યો કરવા માટે ડેવિડને વિનંતી કરી.

ડેવિડને તો આવાં કામો ઝડપી લેવામાં રસ હતો. તેમણે એ નિમંત્રણનો તરત જ સ્વીકાર કર્યો અને દર શનિવારે કોનીફર ગામમાં જવાનું શરૂ કર્યું. ત્યાં તેઓ સાંજના સમયે દરેક ઘરની મુલાકાત લેતા હતા અને રવિવારે સવારે કોનીફરથી પાઈનમાં જઈને ત્યાં સન્ડે સ્કૂલ ચલાવતા હતા. પછી તે જ દિવસે બપોર પછી પાછા આવીને કોનીફરમાં સન્ડે સ્કૂલ ચલાવતા હતા. વળી થોડા સમય અગાઉ પાઈનમાં સ્થાપવામાં આવેલી એક નાનકડી મંડળી પણ તેમના પ્રયાસોથી સક્રિય અવસ્થામાં આવી. ત્યાં અવારનવાર ભક્તિસભા ચલાવવાની અને સંદેશો આપવાની જવાબદારી પણ તેમના શિરે આવતી હતી. ડેવિડને ભક્તિસભાનું પધ્ધતિસર સંચાલન કરવાનો અને સંદેશો આપવાનો સૌ પ્રથમ અનુભવ કોનીફર અને પાઈનની આ મંડળીઓમાં મળ્યો હતો.

**મનોમંથન :**

હવે તેમનો કૉલેજનો અભ્યાસ પૂરો થઈ ગયો. આ સમય સુધી પ્રભુના તેડાનું કે અન્ય વ્યવસાયની પસંદગી કરવાનું કોઈ ચિત્ર, આકર્ષણ અથવા સ્પષ્ટ દર્શન એમના મનમાં આવેલું ન હતું. એ વખતે એમને એમનું જીવન જાણે કેટલાક વિવિધ, વિપરિત અને વિરોધાભાષી વલણ વચ્ચે ઘેરાયેલું હોય એવું લાગતું હતું. એક તરફ તેમણે ઈશ્વરવિદ્યાના શિક્ષણ માટે થિયોલોજી કૉલેજમાં

દાખલ થવાનો નિર્ણય કર્યો. તો વળી બીજી તરફ પાળક સેવા માટેનું તેડું કે ખેંચાણ હોવાની કોઈ લાગણી તેમને પોતાના મનમાં જણાતી ન હતી. પછી ઊંડી વિચારણા અને મનોમંથનને અંતે મંડળીની કોઈ પાળક વિષયક સેવામાં જોડાવું નહિ એવો નિર્ણય તેમણે કરી લીધો. આ સાથે તેમના મનમાં ઈશ્વરવિદ્યા વિષેના પ્રશ્નો અને મૂંઝવણોની જે ગડમથલ ચાલતી હતી તેનો ઉકેલ અને જવાબો મેળવવાના આશયથી તેમને ઈશ્વરવિદ્યાની કૉલેજમાં દાખલ થઈને અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો.

ડેવિડે આ મક્કમ મનસૂબો કર્યો એના સંદર્ભમાં તેમણે બોસ્ટન યુનિવર્સિટીની જ એક કૉલેજમાં દાખલ થવાનો આગ્રહ રાખ્યો હતો. એ કૉલેજના શિક્ષણની અસરકારકતા અને પ્રતિષ્ઠા વિષે તેમના એક ભાઈબંધે તેમને સારી માહિતી આપીને પ્રભાવિત કર્યા હતા. તેથી તેમણે બોસ્ટનમાં જ ભણવાનો દઢ સંકલ્પ કર્યો હતો.

ડેનવાર યુનિવર્સિટીની આઈલીફ ઈશ્વરવિદ્યાશાળા ડેવિડના રહેવાના સ્થળથી તદન નજીક હતી અને તેમાં સારી સગવડ પણ હતી. પરંતુ તેમને તો બોસ્ટન સિવાયની અન્ય કોઈ પણ કૉલેજમાં દાખલ થવું ન હતું. તેથી તે કૉલેજ દૂર હોવા છતાં પણ તેઓ બોસ્ટનની ઈશ્વરવિદ્યા કૉલેજમાં દાખલ થયા.

આપણે જોઈ ગયા છીએ કે રેવ. ડેવિડ બાઉમનનો જન્મ એક મિશનરી કુટુંબમાં થયો હતો. તેઓ પોતાના પિતાશ્રીની સાથે મિશનરી સેવા-ઝુંબેશ માટેના પ્રવાસમાં ઘણી વખત જોડાયા હતા. એ કામમાં એમને રસ પડતો હતો એ વાત સાચી, પરંતુ તે વખતે તેમણે પોતે પૂર્ણસમયી મિશનરી સેવામાં જોડાવા માટેની કશી જ યોજના વિચારી ન હતી. ઘણી વખત કેટલાક લોકો એ વિષે તેમને પૂછતા હતા ત્યારે તેઓ એવું જણાવતા હતા કે આ મિશનરી સેવાકાર્ય એ કંઈ મારું કામ નથી.

**પિતાની પ્રતિભાનો પ્રભાવ અને પ્રેરણા :**

આમ હોવા છતાં એમના પિતાશ્રી રેવ. એઝરાના મિશનરી કાર્ય અને સેવાભાવનાની ઊંડી અસર અને આદર્શો ડેવિડના જીવનમાં ઊતર્યા હતા. તેને ભારતમાં મિશનરી સેવાકાર્ય માટે રસ પડે, ઉત્તેજન મળે અને આ ક્ષેત્રે તેઓ પોતાનું સમર્પણ કરે તે માટે તેમને તૈયાર કરવાનું શ્રેય તેના પિતાશ્રીને ફાળે જાય છે.

ડેવિડ જ્યારે કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમના પિતાશ્રી રેવ. એઝરા તેમને હૉસ્ટેલમાં મળવા માટે અવારનવાર આવતા હતા. એક મુલાકાત વખતે એઝરાએ પોતાના આ પુત્ર ડેવિડની સાથે એક પુસ્તક વિષે ચર્ચા કરી હતી. આ પુસ્તક એઝરાએ તાજેતરમાં વાંચ્યું હતું. તેમાં અસ્પૃશ્યતાને લીધે ઊભા થયેલા પ્રશ્નો અને અસ્પૃશ્ય મનાતા લોકોની શોચનીય તથા દયનીય દશાનું કરુણ વિવેચન કરાયેલું હતું. એઝરા આ પુસ્તકના પ્રભાવ હેઠળ હતા. તરછોડાયેલાઓ અને દલિત જનોની સેવા કરવાની પ્રબળ વૃત્તિ તે વખતે એઝરાના મનમાં ઊભી થઈ હતી. આવા દીન અને દુર્બળ વર્ગોની સેવા કરવા વિષેની ચર્ચા તે વખતે એઝરાએ પોતાના પુત્ર ડેવિડ સાથે પેલા પુસ્તકની અસરમાં રહીને કરી હતી. તેમણે કરેલી આ ચર્ચા, વાતચીત અને વિવેચને તેમના યુવાન પુત્ર ડેવિડનું હૈયું હલાવી નાખ્યું હતું.

**પિતાએ આપેલા પુસ્તકનો પ્રભાવ :**

વખત જતાં પિતાશ્રીએ વર્ણવેલી વિગતોવાળા એ પુસ્તકના લેખકનું નામ, શીર્ષકનો ગુહ્યાર્થ અને પુસ્તકના વિષયવસ્તુ અંગેની વિશેષ જાણકારી ડેવિડને યાદ રહી ન હતી. પરંતુ એ પુસ્તક હિંદુસ્તાનના ૬ કરોડ અસ્પૃશ્ય ગણાતા લોકો વિષેનું હતું. તેમને માટે તેમના ધર્મમાં ભવિષ્ય માટેની કોઈ આશાઓ રહેલી ન હતી.

આ સંજોગોમાં જો કોઈ તેઓની આગળ આવીને તેમને સમજાવે તો ખ્રિસ્તી સુવાર્તા એ જ તેઓને માટે વાસ્તવિક જવાબ હતો.

ઈ.સ. ૧૯૪૦માં ડેવિડને તેમના પિતાશ્રીએ આ પુસ્તકની એક પ્રત આપી હતી. ત્યારે તેમણે ડેવિડને કહ્યું હતું કે કચડાયેલા લોકો વચ્ચે કામ કરવા અને તેઓને સુવાર્તા સંભળાવવા માટે આપણે આપણાં ઉત્તમ યુવકો અને યુવતીઓને મોકલીએ એ અમેરિકા માટે કેવું મહાન અને ઉમદા કાર્ય ગણાય !

આ પુસ્તકના વિવેચન અને તેમાં કરેલા વર્ણન વિષે ડેવિડને બીજું તો કશું ખાસ યાદ રહ્યું ન હતું. પરંતુ પિતાશ્રીએ ઉચ્ચારેલી વધામણીની વાત જેવા ઉપરોક્ત શબ્દોએ ડેવિડના મનમાં ઘર કરી દીધું હતું. એ પડકારને ઝીલી રાખવાની જાગૃતિ સાથે પિતાશ્રીનાં એ વચનોનું સ્મરણ તેમને અવારનવાર થઈ આવતું હતું.

**સામાજિક સમશ્યાઓનો ઉત્તર-સુવાર્તા :**

ત્યાર પછીના ઉનાળાની રજાઓમાં બીજો એક આવકારદાયક અને યાદગાર અનુભવ ડેવિડને મળ્યો. તે વખતે તેમણે ન્યૂયોર્ક શહેરમાં કૉલેજના ગ્રીષ્મ સેવા જૂથના એક સેમિનારમાં ભાગ લીધો હતો. આ સેમિનારમાં સામાજિક સમશ્યાઓનું નિરાકરણ સુવાર્તા દ્વારા લાવવાનું શિક્ષણ તેમણે મેળવ્યું. આવો જ અનુભવ અને શિક્ષણ તેમને આ અગાઉ બે વર્ષ પહેલાં મિસ્સીસિપ્પીના કાર્યશિબિરમાં મળ્યાં હતાં. એ અનુભવો ગ્રામ્ય વિસ્તારના હતા અને અહીં ૧૯૪૧માં ન્યૂયોર્કના સેમિનારમાં મળેલા અનુભવો અને તાલીમ શહેરી વિસ્તારનાં હતાં. આમ ડેવિડને હવે શહેરના અંતરિયાળ વિસ્તારના અનુભવો વધારે પ્રમાણમાં મળતા રહ્યા અને તે લોકોની સમશ્યાઓ અને મુશ્કેલીઓમાં રસ લેતા રહ્યા. આ રજાઓમાં તેઓ પૂર્વ કિનારાના પ્રદેશમાં પ્રવાસમાં જઈ આવ્યા. ત્યાંથી પાછા આવ્યા બાદ તેઓ કોલોરેડોમાં ગયા હતા. તે વખતે

તેમના જન્મદિવસે જ એટલે કે ઑગસ્ટની ૨૮મી તારીખે તેમનાં બહેનનો લગ્નપ્રસંગ હતો. એક જ દિવસે વર્ષગાંઠ અને બહેનના લગ્નના માંગલિક પ્રસંગોની યાદગાર ઉજવણી પૂરી કરીને તેઓ ત્યાંથી બોસ્ટનમાં પાછા આવ્યા હતા. બોસ્ટનથી ન્યૂયોર્કનું અંતર ૨,૫૦૦ કિલોમિટર કરતાં વધારે હતું. જતાં આવતાં તેમને ખૂબ લાંબી મુસાફરી કરવી પડી હતી.

**ડૉ. મેલ સાથેની મહત્ત્વની મુલાકાત :**

ઈ.સ. ૧૯૪૧ની સાલના અંત ભાગમાં રેવ. ડેવિડ બાઉમન બોસ્ટન યુનિવર્સિટીની ઈશ્વરવિદ્યા પાઠશાળામાં દાખલ થયા હતા. તેઓ અહીં બોસ્ટનમાં પોતાનાં સ્મરણો બાબતે જણાવે છે કે બોસ્ટનમાં તેમના નિવાસ દરમિયાન મેથોડિસ્ટ ચર્ચના બોર્ડ ઓફ મિશન્સના પરસોનલ સેક્રેટરી ડૉ. મેલ વિલ્યમ્સ સાથે તેમની મુલાકાતો થતી હતી. આ સ્મરણીય તથા મૂલ્યવાન મુલાકાતો તેમના જીવનની એક મહત્ત્વની અને રસપ્રદ બાબત હતી. જે જે વિદ્યાર્થીઓ આ મિશનરી સેવાકાર્યમાં રસ ધરાવતા હતા એ વિદ્યાર્થીઓના વ્યક્તિગત વિકાસ અને જીવનમાં ડૉ. મેલ વિલ્યમ્સ ખાસ ધ્યાન રાખતા હતા. આવી સેવાઓ પ્રત્યે ડેવિડ અનહદ ઉત્સાહ અને ઊંડી દિલચશ્પી ધરાવે છે એ હકીકત ડૉ. મેલના ધ્યાન પર ખાસ આવી હતી. એની તેમણે નોંધ લીધી હતી. તેઓ ડેવિડને આ દિશામાં વ્યક્તિગત માર્ગદર્શન અને ઉત્તેજન આપતા હતા.

**મિશનરી સેવા માટેની મક્કમતા :**

અગાઉ આપણે જોયું કે અસ્પૃશ્યતાની સમશ્યા અંગે ભારત વિષેની એક નાનકડી પુસ્તિકા ડેવિડને તેમના પિતાશ્રીએ આપેલી હતી. એ પુસ્તિકા પર પિતાશ્રીએ ચર્ચા અને વિવેચન પણ કર્યાં હતાં. ત્યારબાદ એનું રસપૂર્વકનું વાચન ડેવિડે કર્યું હતું. શાંત પળોમાં તેના પર તેઓ ઊંડી વિચારણા કરતા હતા. વળી જ્યારે જ્યારે તક મળે ત્યારે ત્યારે બોસ્ટનમાં ડૉ. વિલ્યમ્સ સાથે આ

વિષયના સંદર્ભમાં વાતચીત કરતા હતા, તેમની પાસેથી દોરવણી મેળવતા હતા અને ધર્મસેવા માટે ભારતમાં જવાના દર્શનમાં દૃઢ થતા જતા હતા. બોસ્ટનની આ વિખ્યાત ઈશ્વરવિદ્યાશાળામાં ડેવિડે ત્રણ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો.

એક તરફ આ અભ્યાસક્રમ પૂરો થયો તો બીજી તરફ આ વર્ષો દરમિયાન તેમણે મેળવેલા શિક્ષણ, કરેલી ચર્ચા વિચારણા તથા મનનના ફલ સ્વરૂપે તેમના મનમાં મિશનરી સેવા માટે સ્વાર્પણ કરવાનો સંકલ્પ દૃઢ થઈ ગયો હતો. મિશનરી સેવાકાર્ય માટે ભારતમાં જવાના મક્કમ મનસૂબા અને નિશ્ચિત ધ્યેય સાથે તેમણે થિયોલોજીનું શિક્ષણ સફળતાપૂર્વક પૂરું કર્યું.

**મેક્સિકન મંડળીમાંથી મળેલું માર્ગદર્શન :**

થિયોલોજી કૉલેજના એ અભ્યાસકાળ દરમિયાન ડેવિડ 'દસ ભાઈઓનું મંડળ' નામના એક જૂથના સંપર્કમાં આવ્યા હતા. સેવાનાં ક્ષેત્રોમાં સક્રિય રહેવામાં ખૂબ જ લગાવ ધરાવનારા યુવાનોનું આ મંડળ હતું. તેના સભ્યો તેમના કાર્યક્રમના એક ભાગ તરીકે ઉનાળાની રજાઓમાં મેક્સિકોની મંડળીઓમાં જતા હતા અને ત્યાં મંડળીની વિવિધ સેવાઓ અને પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હતા. તેઓ બબ્બે સભ્યોની પાંચ ટુકડીઓમાં વહેંચાઈ જતા હતા. બે વિદ્યાર્થીઓની આ દરેક ટુકડી જુદી જુદી મંડળીઓમાં જતી હતી અને દરેક ટુકડીના એ સભ્યો એ મંડળીના પાળક સાથે મળીને તેમના કાર્યક્રમ અને આયોજન અનુસાર કામ કરતા હતા. વળી તેઓ વિશેષ કરીને મેક્સિકો શહેર અને મોન્ટેરી શહેરની મંડળીઓનાં કુટુંબોની મુલાકાત લેતા હતા. ત્યાં પાળકો તથા મંડળીના આગેવાનો પાસેથી મંડળીનાં સેવાકાર્યો સંબંધી માહિતી અને માર્ગદર્શન મેળવતા હતા. પછી એ વિદ્યાર્થી સભ્યો અન્ય

વિદ્યાર્થીઓની સાથે મળીને પોતાને થયેલા સંપર્કો અને અનુભવોની આપલે કરતા હતા.

એની પછીના એક ઉનાળાની રજાઓમાં આવાં સેવાક્ષેત્રોમાં જવા માટે ૧૫ વિદ્યાર્થીઓ તૈયાર થયા હતા. એમાંના એક સભ્ય વિદ્યાર્થી તરીકે ડેવિડ બાઉમન જોડાઈ ગયા હતા. વાસ્તવિક રીતે જોઈએ તો આગામી વર્ષોમાં તેઓ ભારતમાં સેવા માટે આવવાના હતા તેની પૂર્વભૂમિકા તરીકે મિશનરી સેવાક્ષેત્રમાં પગરણ કરવામાં તેમનો આ પ્રાથમિક પ્રવેશ અને પ્રયાસ હતો. કેટલાક સમય પછી તેઓ વિશાળ વસતીવાળા દેશ ભારતમાં આ પ્રકારની સેવા માટે આવ્યા ત્યારે તેમને આ માર્ગદર્શન, અનુભવો, સંપર્કો અને સેવા પ્રવૃત્તિઓનાં સ્મરણો થઈ આવતાં હતાં. આ બધી તાલીમ એમને ભારતમાં ખૂબ કામમાં આવી હતી.

ઈ.સ. ૧૯૪૪માં તેઓ થિયોલોજીના ગ્રેજ્યૂએટ થયા.

**ભારતમાં આગમન પૂર્વેનું પ્રાયોગિક શિક્ષણ :**

હવે રેવ. ડેવિડ બાઉમન ભારતમાં જવાના પોતાના મક્કમતાપૂર્વકના નિર્ણયમાં આગેકૂચ કરી રહ્યા હતા. આ મિશનરી સેવાક્ષેત્રમાં પ્રવેશ મેળવવા અને ભારતમાં જવા માટે બોર્ડ તરફથી માન્યતા અને પરવાનગીની ખાસ આવશ્યકતા હતી. તેના જવાબમાં બોર્ડ તરફથી ડેવિડને જણાવવામાં આવ્યું કે તેમને મિશનરી ક્ષેત્રમાં મોકલવામાં આવે તે પહેલાં તેમણે કેટલાક પ્રત્યક્ષ અનુભવો કરવા જોઈએ. અને પ્રાયોગિક શિક્ષણ લેવું જોઈએ. ડેવિડને એ બાબત વાજબી અને જરૂરી જણાઈ. તેમને એવી આશા હતી કે નેશનલ ડિવિઝન તરફથી તેમને આવો મહાવરો અને તાલીમ મળી રહે એવું કોઈ કામ બે કે ત્રણ વર્ષ માટે તેમને મળશે અને એટલા સમયમાં તેઓ પૂરતા પ્રમાણમાં અનુભવ મેળવી શકશે. પરંતુ કામ

અને સમયની દૃષ્ટિએ આવી અનુકૂળતાવાળી કોઈ જગ્યા તેમને મળી નહિ.

એટલે પછી તેમણે પોતાની આતુરતા વેળાસર સંતોષાય એ રીતે આગળ વધવાનું દ્વાર ખૂલ્લું થાય તે માટે ડેનવરના બિશપની મુલાકાત કરી. એ વખતે ડેવિડને એવી આશા હતી કે બિશપ તરફથી કોલોરેડોના મેક્સિકન લોકોમાં મિશનરી કાર્ય માટે કોઈ સહકાર અને સંમતિ મળશે. પરંતુ તેમના તરફથી આવું કોઈ ઉત્તેજન કે વ્યવસ્થા મળી શક્યાં નહિ. એવામાં ડેવિડને તેમના એક ભૂતપૂર્વ પ્રાધ્યાપકનો ભેટો થયો. તેમણે જણાવ્યું કે ઓરેગન રાજ્યના પોર્ટલેન્ડ ડિસ્ટ્રીક્ટના ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડન્ટશ્રીના કાર્યક્ષેત્રમાં ખાસ કરીને ઓરેગન વિભાગમાં આવા મિશનરી સેવાકાર્ય માટેની ઘણી જ જરૂરિયાત છે. તેથી એ ક્ષેત્રે ત્યાં ઓરેગનમાં ખાસ તક ઉપલબ્ધ થઈ શકે એમ છે એ જાણીને ડેવિડે પોર્ટલેન્ડના ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટને પત્ર દ્વારા આવાં સેવાકાર્ય બાબતે પૃચ્છા કરી. એ પત્રનો સાનુકૂળ પ્રતિભાવ દર્શાવતો જવાબ મળ્યો. એ વાંચીને ડેવિડના આનંદનો પાર રહ્યો નહિ. તેમની અપેક્ષા ફળીભૂત થઈ. ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટે તેમને તરત જ તેડું આપ્યું અને ભારતમાં સેવાકાર્ય માટે પ્રવેશવાના પ્રથમ સોપાન તરીકે ઓરેગન કોન્ફરન્સની આ પોર્ટલેન્ડ ડિસ્ટ્રીક્ટમાં અહીં પોર્ટલેન્ડ શહેરમાં તેઓ પ્રભુના કામ માટે હાજર થઈ ગયા.

અહીં સેવાકાર્યની પૂર્વ તાલીમ માટે તેઓ જોડાયા ત્યારે ડેવિડે એવું ધાર્યું હતું કે તેમના આ કામનો સમયગાળો બેથી ત્રણ વર્ષનો થશે. પરંતુ તાલીમની એ મુદ્દત એમની ધારણા કરતાં વધારે લાંબી થઈ. સેવાના આ પ્રારંભિક મહાવરા માટે એમને સાડા ચાર વર્ષોનો સમય પસાર કરવાનો થયો. આ સેવા સમય દરમિયાન તેઓ ડીકન અને એલ્ડરના આદરણીય પદે અભિષિક્ત થયા અને ઓરેગનની

વાર્ષિક કોન્ફરન્સમાં તેમણે પૂર્ણસભાસદપદ પ્રાપ્ત કર્યું. તેઓ પાળકપદની દીક્ષા પામ્યા.

મંડળીની વિવિધ પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે યુવક સેમિનાર અને બાળકોના શિક્ષણના કાર્યક્રમોના આયોજન અને સંચાલનમાં તેમણે ભાગ લીધો. તથા જે મંડળીઓનાં કામ સાથે તેઓ સંકળાયેલા હતા તે મંડળીઓની વેકેશન બાઈબલ સ્કૂલ અને યુવકોની વિવિધ પ્રવૃત્તિઓમાં તેમણે ઉત્સાહપૂર્વક ફરજો બજાવી.

**કૃષિવિષયક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનો અભ્યાસ :**

ડેવિડનો મુખ્ય ઈરાદો તો ખેતીવાડીના કામ સાથે સંકળાયેલા મિશનરી સેવાકાર્યમાં જોડાવાનો હતો. એટલે મિશન બોર્ડે તેમને એક વર્ષના અભ્યાસ માટે ન્યૂયોર્ક સ્ટેટના ઈટાકા શહેરમાં આવેલી કર્નલ યુનિવર્સિટીમાં મોકલ્યા. કેમ કે આ યુનિવર્સિટીમાં કૃષિવિષયક પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો વિષે શિક્ષણ આપવામાં આવતું હતું.

અહીં આ વિષયના અભ્યાસ દરમિયાન ડેવિડને અડધો પગાર આપવામાં આવતો હતો. પગારના બાકીના અડધા ભાગનાં નાણાં ઊભાં કરવા માટે તેમણે એક મંડળીમાં મદદનીશ પાળક તરીકે કામ કરવાનું સ્વીકાર્યું. ઓડેસા સરકટના ગ્રામ્યવિસ્તારમાં આવેલી એ મંડળીનું પાળકક્ષેત્ર ચાર ગામમાં વિસ્તરેલું હતું. તેથી રેવ. ડેવિડને ચાર મંડળીઓમાં કામ કરવાનું થતું હતું. આ મંડળીઓ ઈટાકા શહેરથી લગભગ પચીસ કિલોમિટર જેટલે દૂરના અંદરે આવેલી હતી.

દર રવિવારે બે મંડળીઓની ભક્તિસભામાં સંદેશો આપવાની અને સંચાલન કરવાની જવાબદારી પાળક સંભાળતા હતા અને બાકીની બે મંડળીઓમાં ભક્તિસભાની ફરજ ડેવિડ અદા કરતા હતા. પછીના રવિવારે તેઓ અરસપરસ અન્ય બે પ્રભુમંદિરોમાં આ સેવા સંભાળતા હતા. તેથી તેમને બંનેને બે અઠવાડિયામાં એક

બોધભાષણ તૈયાર કરવાનું રહેતું હતું. એ પાળક રેવ. પીટરસન પોતે સ્ટેટના સેનેટર પણ હતા. તેઓ સેનેટરની જવાબદારી ઉપરાંત લેટવિયન નિર્વાસિતોને અમેરિકામાં વસાવવાની ઝુંબેશની કાર્યવાહીમાં ઘણા વ્યસ્ત રહેતા હતા.

**ખુલ્લાં થયેલાં દ્વાર :**

બોર્ડે ડેવિડના અભ્યાસ અને અનુભવ માટેની એમની તાલીમની મુદ્દતમાં એક સત્રનો વધારો કર્યો. એ દરમિયાન તેમને કનેકટીક વિસ્તારના હાર્ટફોર્ડ શહેરમાં આવેલી કેનેડી સ્કૂલ ઓફ મિશન્સમાં શિક્ષણ લેવાનું નક્કી કરાયું. આ સમયે તેમને પૂરેપૂરો પગાર આપવાનું ઠરાવવામાં આવ્યું. આ સત્ર સમાપ્ત થયું. ત્યારે મિશનરી થવા માટેની તાલીમનો ડેવિડનો સમય પૂરો થઈ ગયો. તેમના આનંદની કોઈ સીમા રહી નહીં. હવે ઈચ્છેલા બંદરે એટલે કે ભારતમાં જવા માટે તેમનું જીવનરૂપી નાવ તૈયાર થઈ ગયું. ભારતમાં જવા માટેના તેમના તમામ માર્ગો મોકળા થઈ ગયા હોવાથી તેમના ઉત્સાહનો પાર રહ્યો નહીં.

આખરે અમેરિકાથી ભારત આવવા માટે ડેવિડ ઈ.સ. ૧૯૫૧ના ફેબ્રુઆરીની ૧૭મી તારીખે ન્યૂયોર્ક બંદરેથી ક્વિન ઈલિઝાબેથ નામની સ્ટીમરમાં બેઠા. એક માસની દરિયાઈ સફર પછી એ વહાણ મુંબઈ બંદરે આવી પહોંચ્યું. સેવાની અપૂર્વ ઝંખના અને ઊંડા સંતોષની અનુભૂતિ સાથે માર્ચ માસની ૧૭મી તારીખે ભર્યા ભર્યા હૈયે તેમણે ભારતની ભૂમિ પર સેવાકાર્યનાં પગરણ માંડયાં.

□

# ૪
# ફેઈથ બાઉમન

**ડેવિડનાં સહાયકારી ફેઈથ :**

ડેવિડ બાઉમનના મિશનરી સેવાકાર્યમાં અજોડ સહકાર આપવાનો ભગીરથ પ્રયાસ કરવાનું શ્રેય તેમનાં સહાયકારી પત્ની શ્રીમતી ફેઈથ બાઉમનને ફાળે જાય છે. આ મહાન સેવામાં તેઓ હંમેશા પતિની પડખે રહેલાં છે. ડેવિડ બાઉમનની શુભસંદેશની સેવાઓ પુષ્કળ પ્રમાણમાં સફળ થઈ અને પ્રભુને માન, મહિમા મળ્યાં એમાં ફેઈથનો મૂલ્યવાન ફાળો નોંધપાત્ર છે.

ફેઈથનો જન્મ કેનેડામાં આવેલા પ્રીસ્ટનના ગ્રામ વિસ્તારમાં ઈ.સ. ૧૯૨૨માં ઓક્ટોબર માસની બીજી તારીખે થયો હતો. હાલમાં એ વિસ્તાર કેમ્બ્રિજના નામે ઓળખાય છે.

**ગૌરવભરી ગરીબી :**

ફેઈથનાં માતાપિતાની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. પરંતુ ધાર્મિકતા અને નીતિમતાની દષ્ટિએ તેઓ શ્રીમંત હતાં. કુટુંબનો મૂળ વ્યવસાય વણાટકામનો હતો. તેમના પિતાશ્રીએ નાનપણથી પીંજણ, કાંતણ અને વણાટનું શિક્ષણ લીધું હતું. આવી આર્થિક પરિસ્થિતિને પરિણામે તેઓ પ્રાથમિક શિક્ષણથી આગળના શિક્ષણથી વંચિત રહ્યા હતા. તેઓ એક ફેક્ટરીમાં કામ કરતા હતા. ત્યાં દૈનિક વેતન દરરોજ મળતું હતું. આ ફેક્ટરી એકાએક બંધ થઈ ગઈ ત્યારે તેમને કોઈ વળતર કે ફંડ મળ્યું નહિ. તેમની આવક અને કામ અટકી પડયાં. એટલે અન્યત્ર બીજું કામ શોધવાની ફરજ પડી. તેથી તેમણે પાર્ટ ટાઈમ પગી અને માળી તરીકે કામ સ્વીકાર્યું. ગૌરવભરી ગરીબી સાથે સંસ્કારી અને આદરપાત્ર આધ્યાત્મિકતાવાળું આયુષ્ય પૂરું કરીને ફેઈથના પિતાશ્રી ૭૫ વર્ષની વયે ઈ.સ. ૧૯૬૨ની સાલમાં પ્રભુના સદાકાળના વિસામામાં પોઢી ગયા.

ઈ.સ. ૧૯૩૦ના સમયમાં એમના કુટુંબમાં વધારે ભારે આર્થિક સંકડામણો અને મુશ્કેલીઓ આવી હતી. ફેઈથનાં માતુશ્રી ટાઈપકામ જાણતાં હતાં. પરંતુ એમને કોઈ કાયમી સર્વિસ મળી ન હતી. તેથી તેઓ પાડોશીઓને ત્યાં આયા તરીકે તથા અન્ય ઘરકામ કરીને કુટુંબનું ગુજરાન ચલાવતાં હતાં. ફેક્ટરીમાં કામ કરવા માટે પણ તેમને જવું પડતું હતું.

**બાર વર્ષની વયે સમર્પણ :**

આ કુટુંબમાં ત્રણ સંતાનો હતાં. ફેઈથ, એમનાં જોડિયા બહેન હોપ અને તેમના મોટા ભાઈ જ્યોર્જ. ઘણો ભોગ આપીને તથા વિટંબણાઓ વેઠીને માતાપિતાએ પોતાનાં આ સંતાનોને હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ અપાવ્યું હતું. આર્થિક મર્યાદાઓને લીધે એથી આગળનું શિક્ષણ તેઓ પોતાનાં સંતાનોને અપાવી શક્યાં ન હતાં. પરંતુ પ્રભુના જ્ઞાનમાં અને શિક્ષણમાં બાળકોને ઉછેરવાની ખૂબ જ કાળજી તેમણે રાખી હતી. તેને પરિણામે ફેઈથ અને તેમનાં બહેન હોપ એ બંને દીકરીઓએ ૧૨ વર્ષની ઉંમરે પોતાનાં જીવનોનું સમર્પણ પ્રભુ ઈસુને કર્યું હતું. માબાપના સંસ્કારોનું એ સુંદર પરિણામ હતું.

**માતાનો સંસ્કાર વારસો :**

ફેઈથનાં માતાપિતા પોતાની સ્થાનિક મંડળીમાં વફાદાર અને વિશ્વાસુ સભ્યો હતાં. તેઓ નિયમિત રીતે સમયસર દેવળમાં જતાં હતાં અને તેમની ક્ષમતા પ્રમાણે નિયમિત દાન આપતાં હતાં. માતાપિતાની સામાન્ય આર્થિક સ્થિતિને લીધે તેમનાં બાળકોને તેમની પાસેથી ખિસ્સાખર્ચીના પૈસા મળતા ન હતા. પરંતુ પ્રભુને આપવા માટેનું ખાસ શિક્ષણ આ માતાપિતાએ તેમનાં સંતાનોને આપ્યું હતું. ઘણી વખત શાળા સમય પછી અથવા વેકેશનના સમયમાં ફેઈથ અને તેમનાં ભાઈબહેન ખેતરોમાં અને નજીકના

બગીચામાં કામ કરીને તથા પાડોશીઓનાં બાળકોને સંભાળવાની જવાબદારી બજાવીને થોડી ઘણી કમાણી કરી લેતાં હતાં. કમાણીનાં એ નાણાંમાંથી તેઓ સન્ડે સ્કૂલમાં અને પ્રભુમંદિરમાં દાન આપતાં હતાં.

**મિશનરી બનવાની ઝંખના :**

ફેઈથ અને એમનું કુટુંબ જે મંડળીનાં સભ્યો હતાં એ યુનાઈટેડ ચર્ચ ઓફ કેનેડાની મંડળી હતી. પ્રીસ્ટન ગામની એ સ્થાનિક મંડળી મિશનરી સેવામાં ઊંડો રસ લેનારી મંડળી હતી. એ મંડળીમાં સંદેશો આપવા માટે અવારનવાર જુદા જુદા મિશનરી વક્તાઓ આવતા હતા. મિશનરી સેવાના આ વિશાળ ક્ષેત્ર અને તેનાં વિવિધ સેવાકાર્યોમાં ફેઈથનાં માતા ખાસ દિલચશ્પી ધરાવતાં હતાં. તેઓ આગંતુક મિશનરી સંદેશવાહકોના સંદેશા સાંભળવા માટે દેવળમાં કે સભાના અન્ય સ્થળે હાજર રહેવાનું કદી ચૂકતાં ન હતાં. સ્વદેશમાં રજા ગાળવા આવેલા આવા મિશનરીઓના સંદેશાના કાર્યક્રમ ઘણી વખત એમની મંડળીની મહિલાસંગતની મિટીંગમાં રાખવામાં આવતા હતા. ત્યારે ફેઈથનાં માતુશ્રી પોતાનાં બાળકોને એ મિટીંગમાં લઈ જવાની ખાસ કાળજી રાખતાં હતાં. એને પરિણામે ફેઈથને નાનપણથી જ તેમના ચર્ચના મિશનરી સેવાકાર્ય પ્રત્યે ઊંડા લગાવનો કિંમતી વારસો મળેલો હતો. તેમણે કોરિયા, ભારત, ચીન, આફ્રિકા અને અન્ય દેશો વિષે સાંભળ્યું હતું. તથા મિશનના કાર્ય અને સેવાક્ષેત્ર વિષેનાં ઘણાં પુસ્તકો તેમણે વાંચ્યા હતાં. તેમને મિશનરી સેવા માટે પોતાનું સ્વાર્પણ કરવું જોઈએ એ માટે પ્રભુ તરફથી તેમને તેડું હોવાનો અહેસાસ થયેલો હતો. થોડાં વરસો પછી ફેઈથ અને તેમનાં બહેન હાઈસ્કૂલમાં ભણતાં હતાં ત્યારે પ્રભુના એ તેડાનો તીવ્ર અવાજ તેમને વારંવાર સંભળાતો હતો. આખરે આ તેડું એમને માટે ઈશ્વર તરફથી નક્કી થયેલી યોજના

છે એવી સમજ અને લાગણી સાથે તેમણે એ તેડાનો સ્વીકાર કરી લીધો અને તેઓ આધીન થઈ ગયાં હતાં.

**કરવતના કારખાનામાં :**

હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યા પછી આગળ અભ્યાસ કરવાની આર્થિક સ્થિતિ સારી ન હોવાને લીધે કોઈ પણ સ્થળે નોકરી શોધી કાઢ્યા સિવાય તેમને માટે અન્ય કોઈ વિકલ્પ ન હતો. બીજા વિશ્વયુદ્ધનો એ સમય હતો. માત્ર કારખાનામાં જ કામ મળી શકે એમ હતું. તેથી તેઓ તેમના પિતાશ્રીની માફક કરવત બનાવવાના એક કારખાનામાં કામદાર તરીકે જોડાઈ ગયાં. આ કારખાનું તેમના રહેવાના સ્થળથી છ કિલોમિટર જેટલે દૂર આવેલું હતું. તેથી તેમણે ખરીદેલી જૂની સાઈકલ પર તેઓ આવજા કરતાં હતાં. બરફવર્ષાના સમયમાં તેમને બસમાં આવજા કરવી પડતી હતી.

**આગળ વધવામાં અવરોધ :**

ફેઈથ અને તેમનાં બહેન હોપને એવું સમજાયું કે જો તેમણે મિશનરી સેવામાં જવું હોય તો તેમણે આરોગ્યક્ષેત્રે પરિચારિકા થવું જોઈએ. તેથી લાંબા સમયની પ્રતીક્ષા અને પ્રયત્નો પછી એક દિવસે એમણે એક મોટી હૉસ્પીટલમાં નર્સની તાલીમ માટે માંડ માંડ પ્રવેશ મેળવ્યો. પરંતુ થોડા મહિનામાં તો નર્સ થવાનું તેમનું સોનેરી સ્વપ્ન ધૂળધાણી થઈ ગયું. કેમ કે બંને બહેનો નર્સીંગની પ્રાયોગિક પરીક્ષામાં નાપાસ થયાં. તેમણે ભારે આઘાત અનુભવ્યો. એમનાં અરમાન ભાગી પડયાં અને ઘોર નિરાશા છવાઈ ગઈ. એમની અપેક્ષાઓ ઉપર પાણી ફરી વળ્યાં. હવે જાણે એમને માટે દ્વાર બંધ થઈ ગયું ! કોઈ બીજો રસ્તો રહ્યો નહિ. એમને શરમિંદગી આવી ગઈ. તેમને થયું કે અમે લોકો આગળ શું મોં બતાવી શકીશું ? કારણ કે ગામલોકો તેમની મહત્ત્વાકાંક્ષાઓ અને તેમણે સેવેલાં સ્વપ્નો વિષે સારી રીતે જાણતા હતા.

**યુધ્ધ સરંજામની ફેક્ટરીમાં :**

હવે તો કમાવા માટે તેમણે બીજું કશું કરવું પડે તેમ હતું. કારણ કે કૉલેજનો અભ્યાસ કરવા માટે તેમની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી.

ફરી પાછું બંને બહેનોને એક નવી ફેક્ટરીમાં કામે લાગી જવાનું થયું. આ ફેક્ટરી યુધ્ધ માટે શસ્ત્ર સરંજામ બનાવતી હતી. આ ફેક્ટરીમાં ફેઈથને તોપના ગોળા બનાવવા માટે ધાતુનાં પતરાં તૈયાર કરવાની જવાબદારી હતી.

આ કેવું કહેવાય ! અહીં ફેઈથ યુધ્ધનો સરંજામ બનાવવાના કામમાં કાર્યરત હતાં. ત્યારે પેલી બાજુ ડેવિડ બાઉમન યુધ્ધની સામે શાંતિની જેહાદ ચલાવતા હતા. એ બીજા વિશ્વયુધ્ધનો જમાનો હતો.

**શોર્ટ હેન્ડ ટાઈપનું શિક્ષણ :**

આવા વિપરિત સંજોગો વચ્ચે આ કામની સાથે સાથે ફેઈથ અને એમનાં બહેન હોપને એક સારી તક પ્રાપ્ત થઈ. એમની હાઈસ્કૂલમાં રાત્રિવર્ગોમાં શોર્ટ હેન્ડ ટાઈપ શીખવા માટે તેમને પ્રવેશ મળી શક્યો. એની શિક્ષણ ફી સરકાર પોતે ચૂકવતી હતી. તદ્દુપરાંત તેમને થોડી શિષ્યવૃત્તિ પણ મળવા લાગી. વળી સોનામાં સુગંધ ભળે એવી એક સારી બાબત એ હતી કે આ શિક્ષણ પૂરું થયા પછી તેમને માટે સેન્ટ્રલ ગવર્નમેન્ટમાં સરકારી સર્વિસ મળી શકવાની ઊજળી તક ઊભી થઈ હતી. યુધ્ધ કાળનાં એ વર્ષો દરમિયાન નવાં નવાં વહીવટી ક્ષેત્રો ઊઘડતાં જતાં હતાં. એમાં હજારો યુવાનોની ભરતી કરવામાં આવતી હતી.

**ઓટાવામાં આગમન અને મંડળીની સંગત :**

ફેઈથ અને તેમનાં બહેન હોપે ચાર માસ સુધી એકાગ્ર ચિત્તે ખંતપૂર્વક અભ્યાસ કર્યો. એને પરિણામે બંને બહેનો શોર્ટ હેન્ડ

ટાઈપની પરીક્ષામાં સારી રીતે પાસ થઈ ગયાં. ત્યાર પછી તેઓ ઓટાવા શહેરમાં ગયાં. એ કેનેડાની રાજધાની હતી. તેમના ઘર-ગામથી આ શહેર પ૨પ કિલોમિટર્સ જેટલું દૂર હતું. ત્યાં તરત જ તેમને સરકારી સર્વિસમાં નિમણૂક મળી ગઈ. ત્યાં હજારો યુવક-યુવતીઓની માફક તેમને છાત્રાલયમાં રહેવાનું હતું. હવે તેઓ નવી સાયકલો ખરીદી શક્યાં. અને તેઓ પોતાના જીવનમાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયાં. બંને બહેનો એકસાથે રહેતાં હતાં. પણ તેમનાં કાર્યક્ષેત્રો જુદાં જુદાં હતાં. તેમણે સરકારના અલગઅલગ વિભાગમાં ફરજ બજાવવાની રહેતી હતી.

હવે ફેઈથ અને તેમનાં બહેન હોપે પોતાનાં મંડળીનાં સભાસદપણાં અહીં ઓટાવા મંડળીમાં મંગાવી લીધાં હતાં. અહીં એમના જેવી જુવાન અને અપરિણીત ઘણી બહેનો હતી. તેમની સાથે તેઓ યુવક મંડળની સારી સંગત પ્રાપ્ત કરી શક્યાં.

તેમનો પગાર સામાન્ય રીતે ઓછો હતો. પરંતુ કરકસર કરીને દર માસે તેઓ ઓછામાં ઓછા દસ ડોલરની બચત કરતાં હતાં. એ બચતને બેંકમાં મૂકતાં હતાં. તેમને માટે એ દિવસો મુશ્કેલીભર્યા હતા. મંડળીમાં પોતાની આવકનો દશાંશ આપવાનું કામ તેમને માટે અઘરું હતું. પરંતુ તેમણે પ્રભુને વચન આપેલું હતું કે જ્યારે તેઓ પોતે સર્વિસમાં જોડાશે ત્યારે પગારનો પૂરેપૂરો દશાંશ આપશે. એ વચન યાદ રાખીને પગારના દિવસે પગારમાંથી દસમો ભાગ તેઓ એક પેટીમાં મૂકતાં હતાં. ઘણી વખત માસ દરમિયાન આર્થિક સંકડામણને લીધે એમને એ દાનમાંથી ઉછીનાં નાણાં લેવાં પડતાં હતાં. એ નાણાં તેઓ પછીના પગારના દિવસે પાછાં મૂકી દેતાં હતાં અને ચાલુ માસના પગારમાંથી દશાંશની પૂરેપૂરી રકમનું દાન પેટીમાં મૂકતાં હતાં.

પ્રાથમિક જરૂરિયાતોમાં તેમને કોઈ ભારે અછત અનુભવવી પડી ન હતી. અલબત્ત ઓફિસના કામે પહેરવાનાં કપડાં ખરીદવાની મુશ્કેલી તો નડતી હતી. બંને બહેનો સમજતાં હતાં કે તેમની એ સર્વિસ કંઈ કાયમી સર્વિસ નથી. એમને એમ હતું કે હજુ એમના માટેના ઈશ્વરના ઈરાદા પૂરા થવાની વાર છે અને સમય આવ્યેથી પ્રભુ તેમને માટે મિશનરીસેવાનાં દ્વારો ઉઘાડશે. જો કે એ ઈરાદા પૂરા થાય એવાં કોઈ આશાનાં કિરણો તે વખતે દેખાવાનાં શરૂ થયાં ન હતાં. તેથી મિશનરી બનવા માટે તેમને જે આકાંક્ષા હતી તેની વાત તેમણે અહીં કોઈની આગળ જણાવી ન હતી. તેમના પાળક સુધ્ધાંને પણ તેમણે આ વિષે વાત કરેલી ન હતી.

**પાળકનો પ્રેરક પ્રતિભાવ :**

એમના પાળક રેવ. કલગસ્ટન પોતે દયાળુ અને હમદર્દીયુક્ત સ્વભાવ ધરાવતા હતા. તેમની મંડળીમાં જે યુવકયુવતીઓ દૂરદૂરથી પોતાનાં વતન છોડીને અહીં સર્વિસ માટે આવેલાં હતાં તેઓની જરૂરિયાતો અને મુલાકાત માટે તેઓ ખૂબ કાળજી રાખતા હતા. વળી તેઓ પ્રાર્થનાવાદી અને ઈશ્વરની દોરવણીને આધીન રહેનારા હતા. એક દિવસે આ પાળકે ફેઈથ અને તેમનાં બહેનને તેમના અભ્યાસખંડમાં બોલાવ્યાં. ત્યાં બંને બહેનોના આશ્ચર્ય વચ્ચે પાળકે પોતે આ બહેનોને માટે પોતાને ઈશ્વરના પવિત્ર આત્મા તરફથી થયેલી પ્રેરણા અંગેની વાત કરી. આ તો તેમને માટે અજાયબ જેવી ઘટના હતી ! જાણે એમના અંતરની ઉમદા અપેક્ષાઓ પ્રભુએ પાળકની આગળ પ્રગટ કરી હોય અને તેનો પડઘો આ વાતચીતમાં પડતો હોય એવું બંને બહેનોને લાગ્યું. પછી બંને બહેનોએ એમની અભિલાષાઓ, લાગણીઓ અને પ્રભુના તેડા અંગેની વિસ્તૃત વાત પાળક સમક્ષ કરી. એનાથી આ બાબતમાં સાચે જ ઈશ્વરના ઈરાદા અને દોરવણી હોવાની સ્પષ્ટ ખાતરી પાળકને થઈ આવી.

મહત્ત્વની આ વાતને આગળ ચલાવતાં ફેઈથ અને હોપ એ બંને બહેનોએ જણાવ્યું કે તેમણે બે વર્ષથી તેમના પગારમાંથી કરકસરયુક્ત કરેલી બચત બેંકમાં મૂકેલી છે. પરંતુ એટલી બચત કૉલેજના અભ્યાસના ખર્ચને પહોંચી વળવા માટે પર્યાપ્ત નથી. પાળકે એમની વાતમાં દિલચશ્પી ધરાવતાં એમની બચતની એકંદર રકમની માહિતી માગી.

બંને બહેનોએ હિસાબ કર્યો. જીવન વિમાની પોલિસી બંધ કરે તો તેમાંથી મળનારી રકમ, બચતનિધિની રકમ અને બેંકમાંની તેમની જમા રહેલી રકમનો સરવાળો કર્યો. એટલાં નાણાંમાંથી વિનયનના અભ્યાસ માટે કૉલેજના એક વર્ષના સમયગાળાનો તેમનો ખર્ચ માંડ માંડ પૂરો કરી શકાય એમ હતું. એનાથી આગળના અભ્યાસ માટે કશી જ જોગવાઈની શક્યતાઓ ન હતી. આ બાબત તેમણે પાળકની સમક્ષ રજૂ કરી. સાથે સાથે તેમણે એ પણ જણાવ્યું કે તેમનાં માતાપિતાની આર્થિક સ્થિતિ સારી નથી. તેઓ ખિસ્સાખર્ચી કે પુસ્તકો ખરીદવા માટે પણ કશું જ આપી શકે તેમ નથી.

**વિખેરાયેલાં વાદળો :**

આવા વિકટ વાતાવરણ વચ્ચેથી અવરોધનાં વાદળ વિખેરી નાખવાનું કામ પાળકે કર્યું. તેમણે હિંમત આપતાં બંને બહેનોને કહ્યું કે તમે તમારી સર્વિસમાંથી છૂટા થઈ જાઓ અને વિના વિલંબે કૉલેજમાં દાખલ થઈ જાઓ. વળી સાથે સાથે પોતાની મંડળી તરફથી આપવામાં આવનારી આર્થિક સહાય અને અન્ય સહકારની વાત પણ પાળકે તેમને જણાવી. આવું ઉમદા ઉત્તેજન તેમને ઑગસ્ટ માસમાં મળ્યું.

હવે સેવાના કામમાં જોડાવા માટેનો માર્ગ મોકળો થઈ ગયો હોવાથી બંને બહેનો ખુશખુશાલ થઈ ગયાં. આવતા મહિનામાં એટલે કે સપ્ટેમ્બરમાં કૉલેજ શરૂ થવાની હતી એમાં નવા પ્રવેશ

માટેની નિયમાનુસારની કાર્યવાહી પૂરી થઈ ગયેલી હતી. આ બહેનોને પ્રવેશ માટેની તમામ પ્રવિધિ કરવાની હજી બાકી હતી.

પોતાને પ્રવેશ મળશે એવા પૂરા વિશ્વાસ સાથે બંને બહેનોએ પ્રવેશ માટે એક નાની ક્રિશ્ચિયન કૉલેજને અરજી કરી. આ કૉલેજ એમના વતનના સ્થળથી ૨૦ કિલોમિટર જેટલા દૂરના અંતરે આવેલી હતી. આ બધી માહિતી તેમણે તેમનાં માતાપિતાને જણાવી.

**આર્ટસ કૉલેજમાં એડમિશન :**

બંને બહેનો માટે કૉલેજ પ્રવેશનો દરવાજો પ્રભુએ ખુલ્લો રાખેલો હતો. વોટર લૂ કૉલેજમાં બે ત્રણ જગ્યાઓ ખાલી હતી. તેથી આખરે એમને પ્રવેશ મળી ગયો. તેમના હૃદયમાં ખુશી સમાતી ન હતી. જાણે પ્રભુએ એક ચમત્કાર સરજ્યો હોય એવું એમને લાગ્યું. તેમનાં માતાપિતાને આશ્ચર્ય થયું. હવે તેમના ઉજ્જ્વળ અને અપેક્ષિત ભવિષ્ય માટે કોઈ સંદેહ રહ્યો નહિ.

એ સમયે કૉલેજની પોતાની કોઈ હોસ્ટેલ હતી નહિ. ફક્ત બીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે એક મકાન હતું. તેથી પ્રથમ વર્ષના અભ્યાસ દરમિયાન ફેઈથ અને એમનાં બહેને કૉલેજની નજદીકમાં એક નાનકડું મકાન ભાડે રાખ્યું હતું. તેમાં એ બંને બહેનો એકસાથે રહેતાં હતાં. જમવા માટે તેઓ પાસે આવેલા એક ઉપાહારગૃહમાં જતાં હતાં. એક દિવસના ભોજન ખર્ચ માટે એમણે ૮૦ સેન્ટની મર્યાદા નક્કી કરી હતી. આ રકમ નજીવી હતી. પરંતુ એટલા ખર્ચથી મળતા ભોજનથી તેઓને સંતોષ થતો હતો. પ્રથમ વર્ષના અભ્યાસ દરમિયાન ભોજન ખર્ચની એ મર્યાદા એમણે જાળવી રાખી હતી. એ વર્ષે એમને ઘણો અભ્યાસ કરવો પડયો. કારણ કે છેલ્લાં પાંચ વર્ષથી એમને અભ્યાસનો જરા સરખોય મહાવરો રહ્યો ન હતો. ભોજનગૃહમાં તેઓ પોતાનાં પુસ્તકો સાથે લઈને જતાં હતાં અને ભોજન તૈયાર થઈને તેમને પીરસવામાં આવે એટલા સમયનો સદુપયોગ તેઓ અભ્યાસ માટે કરી લેતાં હતાં. ઈશ્વરપિતા તેમની એ

મહેનત સફળ કરતા હતા. કૉલેજની કસોટીઓ અને પરીક્ષામાં બંને બહેનો પાસ થતાં હતાં. તેમનું ઘર કૉલેજથી નજદીકના અંતરે આવેલું હતું. તેથી તેઓ અઠવાડિયાની એક રજાનો દિવસ પોતાના ઘેર જઈને તેમનાં માતાપિતા સાથે ગાળી શકતાં હતાં. જવા આવવાનો પ્રવાસ ખર્ચ વધારે પડતો હોવાને લીધે એમનાથી એટલો બધો ખર્ચ કરી શકાય એમ ન હતું. તેથી તેઓ વિના ખર્ચે મુસાફરી કરવાની સગવડનો ઉપયોગ કરતાં હતાં. હાઈ-વે પર જતાં આવતાં વાહનોમાં વિના ખર્ચે મુસાફરી કરી શકાતી હતી. એમાં તેઓ આવજા કરતાં હતાં. એ દિવસોમાં કૉલેજના ઘણા વિદ્યાર્થીઓ પછી તે યુવક હોય કે યુવતી હોય, પણ તેઓ આ રીતે મુસાફરી કરી લેતાં હતાં. દર અઠવાડિયે એમના ભોજનખર્ચમાં તથા અન્ય રીતે મદદરૂપ થવા સારુ તેઓ ઘેર તેમના માતાપિતાને બે ડોલર આપતાં હતાં.

**શિક્ષણ સાથે સર્વિસની સાનુકૂળતા :**

કૉલેજકાળના એ સોનેરી સમય દરમિયાન તેમને માટે ઈશ્વરપિતા જાણે ચમત્કારો જ કર્યે જતા હતા. પ્રભુકૃપાથી એ દિવસોમાં એમની દૈનિક જરૂરિયાતોમાં કદી કશી અછત અનુભવવી પડી ન હતી. કૉલેજમાં પ્રવેશ મળ્યા પછી તેમને માફક આવી ગયું ત્યારે તેઓ પ્રિન્સિપાલશ્રીને તેમના કાર્યાલયમાં એક દિવસ મળવા ગયાં હતાં અને કૉલેજની નજીકમાં અથવા આજુબાજુના પાસેના વિસ્તારમાં એમને અંશકાલીન સમયની કોઈ સર્વિસ મળી શકે એમ હોય તો તેની તપાસ કરીને મદદરૂપ થવા માટે બંને બહેનોએ પ્રિન્સિપાલને વિનંતી કરી હતી. તેમણે તરત જ તેને પૂછયું કે શું તમે શોર્ટ હેન્ડ ટાઈપીંગ જાણો છો ? કેવું અજાયબ ! એ કામ માટે તો બંને બહેનોને અગાઉથી પ્રભુએ તૈયાર કરેલાં હતાં. એ તો ઈશ્વરનું સમયપત્રક હતું ! બહેનોએ પોતે ટાઈપીસ્ટ તરીકે મેળવેલા અનુભવ અને સરકારી ઓફિસમાં ટાઈપીસ્ટ તરીકે કરેલી સર્વિસની વાત કરી.

જોગાનુજોગ તે વખતે પ્રિન્સિપાલની ઓફિસમાં સેક્રેટરીની જગ્યા ખાલી હતી. બંને બહેનોના આશ્ચર્ય વચ્ચે તેમને બંનેને તાત્કાલિક સેક્રેટરી તરીકેની નિમણૂક આપી દેવામાં આવી. અને બંને બહેનોએ વારાફરતી કૉલેજના કાર્યાલયમાં સેક્રેટરી તરીકે કામ કર્યું. આ કામગીરી કરવાનો પગાર તેમને મળતો હતો. એ ઉપરાંત એ જ કામ કરતાં કરતાં ઘણા વિદ્યાર્થીઓએ પોતાના હસ્તાક્ષરોમાં જે લાંબા નિબંધો લખેલા હોય એને ટાઈપ કરવાનું કામ પણ તેમને મળી રહેતું હતું. એમાંથી પણ સારી આવક થતી હતી. આ ઘટના અને અનુભવ દ્વારા એમને ખાતરી થઈ આવી કે ભૂતકાળના શિક્ષણ દ્વારા અત્યારે ઈશ્વરપિતા તેમને પોતાના માર્ગોમાં દોરી રહ્યા હતા. એ દિવસોમાં અધ્યાપકશ્રીઓના શિક્ષણ અને પ્રવચનોની નોંધ લેવા માટે શોર્ટ હેન્ડનું શિક્ષણ પણ એમને એમના અભ્યાસમાં ખૂબ જ ઉપયોગી અને મદદરૂપ થઈ પડયું હતું.

દિન પ્રતિદિન ખર્ચનું પ્રમાણ વધતું જતું હતું. એને લીધે એમની પોતાની બચત થોડા જ સમયમાં વપરાઈ જતી હતી. ત્યારે ઓટાવા મંડળી તરફથી એમને ચેક્સ દ્વારા નાણાકીય મદદ મળવા માંડી હતી.

કેટલીક વાર તેમના બેંકના ખાતામાં મામૂલી બચત રહેલી હોય, કોઈ વખત માત્ર પાંચેક સેન્ટ જેટલી નજીવી રકમ હાથ પર બાકી રહી હોય અગર તો એમનું નાણાકીય ભંડોળ ખલાસ થઈ ગયું હોય એવા સંજોગોમાં તેમને ટપાલ મારફતે આકસ્મિક નાણાં મળી આવતાં હતાં. કોઈ કોઈ વાર તો ફી ભરવાનો સમય આવે એ પહેલાં મળી રહેતાં એ નાણાંને લીધે એમની મૂંઝવણ અને ચિંતા દૂર થઈ જતાં હતાં.

કામ કરીને આવક મેળવવાની ઘણી તકો તેમને મળી રહેતી હતી. નજીકમાં રહેતા અધ્યાપકોના ઘેર ઘરકામ કરવાની, તેઓ

સાંજના સમયે કોઈ ખાસ પ્રસંગ માટે બહાર જવાના હોય ત્યારે તેમનાં બાળકોને સંભાળવાની અને એવી અન્ય ફરજ બજાવવાની તકો તેઓ ઝડપી લેતાં હતાં. વળી તેઓ ક્રિસ્ટમસ કાર્ડ્સ અને અન્ય શુભેચ્છા કાર્ડ્ઝ વેચીને તેના કમિશનની કમાણી કરી લેતાં હતાં. નાતાલના દિવસોમાં વધારે કામના ભારણને લીધે પોસ્ટ ઓફિસો દસ બાર જેટલા વિદ્યાર્થીઓને કામ માટે ઉપયોગમાં લેતી હતી. એ કામમાં પણ ફેઈથ તથા તેમનાં બહેન જોડાઈ જતાં હતાં. કૉલેજમાં ચાર માસનું વૅકેશન રહેતું હતું તે વખતે તેઓ પોતાના વતનમાં જતાં હતાં ત્યારે પેલા કરવતના મૂળ કારખાનામાં તેઓ કામ કરવા જઈ આવતાં હતાં. આમ તેઓ જાત મહેનત દ્વારા પોતાના અભ્યાસ માટેનો ખર્ચ ઊભો કરવામાં સતત પ્રયત્નશીલ અને પ્રવૃત્તિશીલ રહેતાં હતાં.

**મંડળીઓએ દર્શાવેલી મમતા :**

તેમના કૉલેજ શિક્ષણના દ્વિતીય વર્ષ દરમિયાન તેમની સ્થાનિક માતૃ મંડળી પ્રીસ્ટનના લોકોના જાણવામાં આવ્યું કે ફેઈથ અને તેમનાં બહેનને શિક્ષણખર્ચમાં મદદરૂપ થવા માટે ઓટાવા મંડળી તરફથી આર્થિક સહાય આપવામાં આવે છે. એ જાણીને એમની માતૃમંડળીને થયું કે તેણે પણ એમના કૉલેજ શિક્ષણના ખર્ચ માટે તથા આ ક્ષેત્રની સેવા માટે એમને સહાયભૂત થવું જોઈએ. તેથી સ્થાનિક મંડળી તરફથી તેનાં આ બંને સભાસદ બહેનોને ઘણી આર્થિક સહાય મળવા લાગી. એ ઉમદા સખાવત થોડી મુદ્દત માટે જ નહિ પરંતુ એમના કૉલેજના અભ્યાસ સહિત અનુસ્નાતકના અભ્યાસનાં પાંચ વર્ષો સુધી ચાલુ રાખવામાં આવી. પોતાની આ પાત્ર પુત્રીઓ પર માતૃમંડળીનો કેવો અપ્રતિમ પ્રેમ ! આ બે મંડળીઓમાંથી મળેલા સલૂણા સહકાર બદલ બંને બહેનોએ પ્રભુ પ્રત્યે પુષ્કળ આભારી ભાવ પ્રદર્શિત કર્યો અને મંડળી પ્રત્યે પણ

અહોભાવ વ્યક્ત કર્યો. મંડળીઓ અને ઈશ્વરપિતાની સહાય સિવાય તેઓ પોતાનું શિક્ષણ પૂરું કરી શક્યાં હોત નહિ.

**મિશનરી સેવાની પૂર્વતાલીમ :**

કેનેડાની એમની મંડળી ખૂબ મોટી હતી. એના ઘણા સભાસદો જુદી જુદી જગ્યાએ રહેતા હતા અને એમ નાની નાની ઘણી પેટા મંડળીઓ જેવાં જૂથો વિવિધ સ્થળે વસેલાં હતાં. આવી નાની મંડળીઓ માટે કોઈ નિયત પાળક નિમાયેલા ન હતા. તેથી જ્યારે કૉલેજમાં અને ઈશ્વરવિદ્યાશાળામાં ગરમીની ચાર માસની રજાઓ હોય ત્યારે કૉલેજ અને સેમિનરીના વિદ્યાર્થીઓ આવી મંડળીઓમાં પાળકવિષયક સેવાઓ સ્વેચ્છાપૂર્વક આપતા હતા.

જેઓ મંડળીમાં પૂર્ણસમયી સેવા માટે જોડાવાની ઉત્કટ અપેક્ષા ધરાવતા હોય અને જેઓએ મિશનના નેશનલ બોર્ડમાં આવી ભરતી માટે નામ નોંધાવેલું હોય તેવા વિદ્યાર્થીઓને જ આ સેવા માટે પસંદ કરવામાં આવતા હતા. તેઓના કામ પર દેખરેખની અને માર્ગદર્શન આપવાની જવાબદારી આ મંડળીના પાળક સંભાળતા હતા. આવી નાનકડી મંડળીઓ રૂપી પ્રભુની દ્રાક્ષાવાડીમાં ઉનાળાની રજાઓમાં ઈ.સ. ૧૯૪૮ અને ૪૯માં બે વર્ષ સુધી બંને બહેનોએ સમર્પિત ભાવથી સેવાઓ આપી હતી.

**જુદાં પડેલાં જોડિયા બહેનો :**

આપણે એ તો જાણીએ છીએ કે ફેઈથ અને તેમનાં બહેન હોપ જોડિયાં બહેનો હતાં. હવે કમાવાની અને ભણવાની બેવડી જવાબદારીઓ એક સાથે અદા કરતાં કરતાં તેમના ખ્રિસ્તીશિક્ષણના અભ્યાસક્રમનું છેલ્લું વર્ષ આવ્યું. તે વખતે મિશનના મિશનરી સેવાકાર્ય માટેના ઉમેદવાર તરીકે તેમણે બોર્ડ ઓફ મિશનને અરજી કરી. એ જગ્યા માટે ખાસ શરતો અને લાયકાત નક્કી કરવામાં આવ્યાં હતાં. એમાંની એક શરત એવી હતી કે આવા ઉમેદવારોએ

માનસિક ચકાસણી કરાવીને મનોચિકિત્સકનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઈએ. તેથી ફેઈથ અને એમનાં બહેન આવી ચકાસણી માટે મનોચિકિત્સકની પાસે ગયાં. માહિતી પરથી મનોચિકિત્સકના ધ્યાન પર આવ્યું કે આ બંને બહેનો જોડિયાં બહેનો છે અને તેઓ સતત એકસાથે જ રહેલાં છે. વળી તેઓને ભાગ્યે જ જુદાં પડવાનું થયેલું છે એ પણ તેમણે જાણ્યું.

આમ બાળપણથી જ સતત સહવાસમાં રહેલાં હોવાને કારણે મનોચિકિત્સકે નિદાન કર્યું કે હવે આ બંને બહેનો સહેલાઈથી સ્વાભાવિક રીતે એકબીજાથી વિખૂટાં પડીને રહી શકશે નહિ. વળી તેમને એવો સંભવ પણ થયો કે આ સંજોગોમાં આ જોડિયાં બહેનો સારાં મિશનરી બની શકશે નહિ. આ કારણને લીધે મનોચિકિત્સકે બંને બહેનો જુદાં જુદાં રહે એવો ઉપચાર વિચાર્યો. તેથી તેમને જુદે જુદે સ્થળે અલગ અલગ રહેવાનો અનુભવ કરવા જણાવ્યું.

**પ્રેરિના વિશાળ પ્રદેશમાં :**

આ ઉપચારનો અમલ કરવા માટે એ વર્ષના ઉનાળાની રજાઓમાં ફેઈથનાં બહેન હોપ પોતાના જ રાજ્યના વિસ્તારમાં વતનમાં રહ્યાં અને ફેઈથને તેમના વતનની ૨૨૦૦ કિલોમિટર જેટલે દૂર આવેલા પ્રેરિના પ્રદેશમાં મોકલવામાં આવ્યાં. અહીં મબલખ ઘઉં પકવનારા ખેડૂતો પાસે પોતાની માલિકીની ૮૦૦થી ૩,૦૦૦ એકર જેટલી જમીન હતી. આવી પરિસ્થિતિમાં એ ખેડૂતોનાં ઘર એકબીજાના ઘરથી ઘણે દૂર દૂરના અંતરે આવેલા હોય એ સ્વાભાવિક છે.

મોટે ભાગે અહીં ફેઈથને એકલાં જ રહેવાનું થતું હતું અને પ્રેરિના વિશાળ ખુલ્લા પ્રદેશમાં ઘણા કિલોમિટર આવજા કરવાની થતી હતી. આ મુસાફરી તેઓ સાઈકલ દ્વારા કરતાં હતાં કારણ કે એક ઘેરથી બીજા ઘેર મુલાકાત માટે ચાલીને જવામાં તો ખાસ્સો

સમય લાગતો હતો. તેથી સાઈકલથી જવા આવવામાં સમયનો બચાવ થતો હતો.

કેટલેક સ્થળે તો આવાં ઘરો એકબીજાથી એક કિલોમિટર કે તેથી વધારે અંતરે વસેલાં હતાં. વરસાદની મોસમ હોય ત્યારે મુસાફરી માટે ઘોડો મંગાવવો પડતો હતો અને ઘોડા પર સવારી કરીને મુલાકાત અગર અન્ય કામ માટે ફેઈથને નિર્ધારિત સ્થળે જવું પડતું હતું. ઘોડા પર સવારી કરીને સફર કરવાનો અનુભવ આ અગાઉ તેમને થયેલો ન હતો. પલાણ વગર ઘોડાની ખુલ્લી પીઠ પર બેસીને જવા આવવામાં તેમને શરૂ શરૂમાં તો ઘણી બીક લાગતી હતી. પરંતુ પ્રભુની સેવાની ધગશ અને લગનીને લીધે વખત જતાં આ મુસાફરી તેમને ફાવી ગઈ.

**વિકટ વાતાવરણ વચ્ચે સફળતાનો સંતોષ :**

જે પાળકના હાથ નીચે ફેઈથને કામ કરવાનું હતું એ પાળકનું નિવાસસ્થાન ખૂબ દૂર હતું. ફેઈથના નિવાસસ્થાનથી પાળકના ઘરનું અંતર ૧૫૦ કિલોમિટર જેટલું હતું. ત્યાંથી તેઓ પાળક સાથે પત્રવ્યવહાર દ્વારા સંપર્કમાં રહેતાં હતાં અને મંડળીમાંના તેમના કામનો અહેવાલ તથા અન્ય માહિતી પાળકને મોકલતાં રહેતાં હતાં. એક વખત અહીં તેમની મંડળીમાં કેટલાક લોકોએ પૂર્ણ સભાસદ બનવાની માગણી કરી. તેથી ફેઈથે પાળકને વિનંતી કરી કે તેઓ અહીંની મંડળીમાં આવીને પૂર્ણસભાસદપણાનો વિધિ કરે અને મંડળીના લોકોને સંદેશા દ્વારા ઉત્તેજન આપે.

આ વિનંતીના પ્રતિભાવમાં પાળક પોતે ફેઈથના કાર્યક્ષેત્રવાળી મંડળીમાં આવ્યા. ત્યાં તેમણે પૂર્ણસભાસદપણાની ક્રિયા કરાવી અને પ્રભુભોજનનો પવિત્ર સંસ્કાર પળાવ્યો. પરંતુ તે વખતે ફેઈથ આ મંડળીમાં હાજર રહી શક્યાં નહિ. કારણ કે તે દિવસે પાળકની

મંડળીમાં કોઈ અન્ય સાથી કે મદદનીશ પાળક ન હોવાથી ફેઈથ એ મંડળીમાં ગયાં હતાં અને તેમણે ત્યાં ભક્તિસભા ચલાવી હતી.

ફેઈથનો ઉછેર એક નાનકડા શહેરમાં થયો હતો. એ શહેર ઉદ્યમી અને વધારે વસતીથી ભરચક હતું. એટલે દૂરદૂરને અંતરે આવેલાં છૂટાં છવાયાં ઘરોવાળી આ જગ્યા તેમને એકાંત જેવી અટૂલી લાગતી હતી. ત્યાં વીજળી અને વરસાદનાં તોફાનો પણ થતાં હતાં. તો પણ આવા સંજોગો અને વાતાવરણ વચ્ચે ટકી રહેવા માટે પ્રભુએ તેમને મક્કમતા, મનોબળ અને સામર્થ્ય પૂરાં પાડયાં હતાં અને તત્કાલીન સેવાકાર્યમાં પુષ્કળ આનંદ અને ઉત્તેજન સાથે સફળતાનો સંતોષ આપ્યો હતો.

**બાળકો સાથેના કામનો પ્રથમ અનુભવ :**

આ તબક્કે એક યાદગાર અને ઉત્તેજનદાયક પ્રસંગનો ઉલ્લેખ કરવાનું મન થાય છે. આત્મિક જાગૃતિ અને ધર્મશિક્ષણ માટે એક કેમ્પ યોજવામાં આવ્યો હતો. તેમાં ફેઈથને પણ જવાનું થયેલું હતું. પૂર્ણસમયી સેવામાં જોડાવાની ઈચ્છા રાખનારાં મહિલા ઉમેદવાર વિદ્યાર્થિનીઓ તેમાં આવ્યાં હતાં. તેઓ પણ ફેઈથની માફક અન્ય મંડળીઓમાં સ્વયંસેવક તરીકે ફરજ બજાવી રહેલાં હતાં અને અનુભવ કરી રહેલાં હતાં.

આ કેમ્પમાં ૪૦ બાળકો પણ આવ્યાં હતાં. બાળકોના કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનું સંચાલન પેલાં સ્વયંસેવક મહિલા ઉમેદવારોએ કરવાનું હતું. આ કેમ્પમાં સાથી સેવિકા બહેનો અને માસૂમ ભૂલકાંઓની સંગતમાં રહેવાનો અને કામ કરવાનો જે મોકો મળ્યો હતો તેને ફેઈથ પોતાના જીવનના યાદગાર પ્રસંગોમાંનો એક ખાસ પ્રસંગ ગણે છે. એમાં ફેઈથની જવાબદારી મુખ્ય સંચાલિકાઓમાંના એક તરીકેની હતી. તેમણે આગેવાન તરીકે સફળ સંચાલન કર્યું હતું. આ પ્રસંગ તેમને માટે ખૂબ આનંદી નીવડયો હતો. બાળકો

સાથે ટ્રકમાં મુસાફરી કરીને કેમ્પના સ્થળે જવા આવવાનો અને તેમની સાથે સંગતમાં રહેવાનો અનુભવ તેમને આ કેમ્પ દરમિયાન મળ્યો હતો. એ અનુભવ આગળ ઉપર તેમને ખૂબ કામ લાગ્યો હતો.

**હકારાત્મક ભલામણ :**

હવે ફેઈથ અને તેમનાં બહેનને અલગ અલગ રહેવા માટે મનોચિકિત્સકે નિયત કરેલો સમય પૂરો થયો. એ સમય પૂરો થતાં તેઓ પાછાં આવ્યાં. તેઓ ગયાં અને પરત આવ્યાં એ સમય દરમિયાન એમને કોઈ માનસિક પરિતાપ થયો ન હતો. હવે તો તેમના ખ્રિસ્તી શિક્ષણ અભ્યાસક્રમનું છેલ્લું વર્ષ હતું. તેઓ ફરીથી મનોચિકિત્સક પાસે ગયાં. તેમની સમક્ષ પોતાના કામ અને અનુભવોનું વર્ણન કર્યું. તેમણે બંને બહેનોના અનુભવો વિષે સાંભળ્યું અને તેમનો ઉત્સાહ જોયો. તેમને ખાતરી થઈ કે એ બંને બહેનો કોઈ પણ પ્રકારના માનસિક તનાવ કે ઉદ્વેગ વિના ખુશીથી અલગ અલગ એકબીજાથી દૂર દૂર વિખૂટાં રહી શકવાની ક્ષમતા ધરાવે છે. પછી તેમણે આ બંને બહેનો માટે બોર્ડ ઓફ મિશનને સાનુકૂળ અને સારી ભલામણ સાથે હકારાત્મક પ્રમાણપત્ર આપ્યું. તેમને અ કક્ષાના માર્કસ મળ્યા.

**હોપ માટે પલટાયેલો પંથ :**

બંને બહેનોએ બી. એ. પછી બે વર્ષનો અભ્યાસ પૂરો કર્યો. ત્યાર પછી તેઓ બોર્ડ ઓફ મિશનના સેવકપદ માટે સફળ ઉમેદવાર તરીકે પાત્ર થઈ શક્યાં. પરંતુ ત્યાર પછી હોપને માટે એક ભારે અવરોધ ઊભો થયો. એમના કાન અને નાકમાં ભારી તકલીફ શરૂ થઈ. તેને લીધે તેઓ તંદુરસ્ત હોવા બાબતે વૈદકીય પ્રમાણપત્ર તેમને પ્રાપ્ત થઈ શક્યું નહિ. વળી તેમને પીઠનો દુઃખાવો પણ શરૂ થયો. આમ તેમના જીવનમાં ઊંડી નિરાશા આવી ગઈ. આવા

વિપરિત સંજોગોમાં તેમણે ઈશ્વરની ઈચ્છા, દોરવણી અને આધીનતા સ્વીકારી લીધાં.

તેમણે નેશનલ બોર્ડ ઓફ મિશન્સને સર્વિસ માટે અરજી કરી. એના પ્રતિ ઉત્તરમાં એ સંસ્થાના આશ્રયે ચાલતી મંડળીના છૂટાછવાયા વિસ્તારોમાં વસતા નાનકડી મંડળી જેવાં જૂથોમાં માછીમારો અને ખાણના કામદારોના કુટુંબોમાં પ્રભુની સુવાર્તા સંભળાવવાની અને અન્ય ઉમદા સેવાકાર્યો કરવાની તક તેમને એટલે હોપને પ્રાપ્ત થઈ.

આ કામ તેમણે ખંતથી અને નિષ્ઠાપૂર્વક કર્યું. આખરે તેમણે ઈશ્વરવિદ્યાનો તેમનો નિયત અભ્યાસક્રમ પૂરો કર્યો. પછી તેઓ દીક્ષા પામ્યાં અને એક પાળક સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં અને તેમના એ પાળકપતિના પાળકક્ષેત્રમાં તેમના પાળકવિષયક સેવાકાર્યમાં આદર્શ સહાયકારી તરીકે ગ્રામ વિસ્તારોની ત્રણ મંડળીઓમાં ફરજ બજાવી. *

**ભારતમાં જવાની ઝંખના :**

હવે આ બાજુ ફેઈથનો રસ્તો સરળ થઈ ગયો હતો. એમને માટે તો પ્રભુના કાર્ય અર્થે મિશનરી તરીકે કયા દેશમાં જવું એની

---

* *પાળક સેવા પૂરી કરતાં અગાઉ શ્રીમતી હોપે ૧૦ વર્ષ સુધી કેનેડાના ઓન્ટેરિયો શહેરની મંડળીમાં સેવાકાર્ય કર્યું હતું. ત્યાંથી નિવૃત્ત થયા પછી તેમણે નજીકની મંડળીઓમાં ૬ વર્ષ સુધી ધર્મસેવા કરી હતી.*

*તેમની ઉજ્જ્વળ અને સફળ સેવા કારકિર્દીની કદર કરતાં મંડળીએ તેમને માટે નિવૃત્તિ સન્માન સમારંભ યોજ્યો હતો અને તેમાં તેમને* PASTER EMERITUS *(લાંબા સમય સુધીની સફળ સેવાઓ પછી નિવૃત્ત થવાના સમયે આપવામાં આવતું ખાસ બહુમાન) તરીકે બિરદાવવામાં આવ્યાં હતાં. એ વખતે એ વિસ્તારના સંસદસભ્યશ્રીએ અને કેનેડાના વડા પ્રધાનશ્રીએ શુભેચ્છાસન્માનના પત્રો પાઠવ્યા હતા.*

*શ્રીમતી હોપ માટે એ મોટા સન્માનનો પ્રસંગ હતો. સપ્ટેમ્બર ૧૯૯૫માં યોજાયેલા આ સમારંભમાં તેમના બહેન-બનેવી શ્રીમતી ફેઈથ અને રેવ. ડેવિડ બાઉમને ખાસ હાજરી આપી હતી.*

પસંદગી કરવાની જ બાકી રહી હતી. સંસ્થા તરફથી તેમને તેમની ઈચ્છા અનુસારનો દેશ પસંદ કરવાની તક આપવામાં આવી. જે દેશોમાં જવા માટે તેમના મનમાં વિચારણા ચાલી રહી હતી અને તેમને દર્શન હતું તેમાં મુખ્યત્વે કોરિયા અને ભારત એમ બે દેશો અગ્રતાક્રમે હતા. આમાંના કોઈ એક નિશ્ચિત દેશની પસંદગી માટે હજી સુધી ફેઈથને પ્રભુના પવિત્ર આત્મા તરફથી ચોક્કસ દોરવણી કે દર્શન પ્રાપ્ત થયેલાં ન હતાં. સ્થળ પસંદગી અંગે એમના મનમાં દ્વિધા પ્રવર્તેલી હતી. આવી નાજુક પળોમાં એમને એક પ્રસંગનું સ્મરણ થઈ આવ્યું. એમના નાનપણના સમયમાં એ પ્રસંગ બન્યો હતો. એ પ્રસંગ પરથી જાણે એમને ભારતમાં જવાનું દર્શન, દોરવણી, પ્રકાશ અને પડકાર મળી રહ્યાં હોય એવું એમને લાગ્યું હતું.

**પ્રસંગ આવો હતો :**

બનેલું એવું કે એક દિવસ ફેઈથ, એમનાં બહેન અને એમનાં માતા એમના દાદા સાથે રજાઓ ગાળવા માટે થોડા દિવસો માટે બહાર ગયાં હતાં. ત્યાં એક સુંદર તળાવ અને જંગલવાળી રળિયામણી જગ્યા આવેલી હતી. આ જગ્યા એમના ગામથી ઉત્તર દિશા તરફ આવેલી હતી. ત્યાં એક યુવાન યુગલ આવેલું હતું. તેઓ પતિપત્ની હતાં. તેઓ ભારતમાં મિશનરી હતાં. ત્યાંથી રજા ગાળવા માટે અહીં આવેલાં હતાં. પાંચ દિવસના એમના અહીંના મુકામ દરમિયાન તેઓ ફેઈથ અને તેમના કુટુંબીજનોના નિવાસસ્થાનની બાજુના ઓરડામાં ઊતરેલાં પડોશી જેવાં હતાં. તેઓની સાથેની વાતચીત અને સંબંધો દ્વારા આ કુટુંબ સાથે તેઓ પરિવારજન જેવાં બની ગયાં હતાં. તેમની પાસેથી ભારતના સેવાકાર્ય વિષે જાણવાની વૃત્તિ ફેઈથને થઈ. આવી જિજ્ઞાસા વચ્ચે એ મિશનરી યુગલે ફેઈથ અને પરિવારને પોતાના નિવાસના સ્થળે નિમંત્રણ આપ્યું. એને લીધે બંને પરિવારો એકત્ર મળ્યાં. સંગત

થઈ. તેમણે સાથે મળીને સ્તોત્રો ગાયાં. એ મિશનરીઓએ એક હિંદી ભજન શીખવ્યું. એ ભજન ખૂબ ભાવવાહી હતું. ફેઈથને એ ખૂબ ગમી ગયું. એ ગીતની ટેક 'જય જય યેશુ ... જય જય યેશુ' હતી. એ ગીત ગાવામાં ફેઈથ તથા પરિવારને ખૂબ જ આનંદ થયો. એનો સામાન્ય અર્થ પણ તેઓ સમજ્યાં. એ ગીતના શબ્દો એક નાનકડા કાગળ પર અંગ્રેજી લિપિમાં પેલા મિશનરીઓએ તેમને લખી આપ્યા. એ કાગળ ફેઈથે ઘણાં વરસો સુધી સાચવી રાખ્યો હતો.

આ સંગત પૂરી થઈ ગયા પછી એ મિશનરી દંપતી સાથે કેટલાંક વરસો સુધી ફેઈથે પત્રવ્યવહાર ચાલુ રાખ્યો. પછી પેલા ગીતવાળો કાગળ આડો અવળો મુકાઈ જવાથી ખોવાઈ ગયો. તેથી એ ગીતના અન્ય શબ્દો ફેઈથને યાદ રહ્યા નહિ. પરંતુ ગીતના આરંભની ધ્રુવપંક્તિ 'જય જય યેશુ ...' એમના મનમાં સતત યાદ રહી ગઈ હતી.

એક નોંધપાત્ર બાબત એ છે કે આ મિશનરી યુગલ સાથેની સંગતથી વિખૂટા પડતી વખતે અંતિમ સલામ સાથે એ યુગલે ફેઈથને જે શબ્દો કહેલા તે આ પ્રમાણે છે. 'સંભવ છે કે કોઈ દિવસે અમે તમને ભારતમાં જોઈશું.' પરસ્પરના પરિચય અને સંગત પરથી એ વચનમાં એ મિશનરીઓ એક ભવિષ્યવાણી બોલ્યાં હોય એવું હતું. આખરે ફેઈથની બાબતમાં આગળ જતાં એ વાણી તદ્દન સાચી પડી હતી.

પછી તો મિશનરી સેવાક્ષેત્ર માટેના દેશની પસંદગીમાં ફેઈથને માટે હવે ભારત દેશ અગ્રતા ક્રમે હતો. ઘણી આગ્રહી પ્રાર્થનાઓ, ભારે પરિશ્રમ અને ઈશ્વરની ઈચ્છાની જાણકારી પછી એમને માટે હવે એક જ વિકલ્પ અને એક જ પ્રત્યુત્તર હતો - ભારત. એ નિર્ણય કર્યા પછી કેટલાંક અઠવાડિયાં બાદ વિશ્વમાં બનેલી કેટલીક

ઘટનાઓ પરથી ખબર પડી કે કોરિયામાં યુધ્ધ ફાટી નીકળ્યું છે અને કોઈ પણ નવા મિશનરી માટે કોરિયામાં પ્રવેશવાના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. ફેઈથની આતુરતા સંતોષવા માટે પ્રભુએ ભારતનાં દ્વાર ખુલ્લાં રાખ્યાં હતાં.

**ભારતના પંથે પ્રયાણ અને આગમન :**

હવે ફેઈથનાં સોનેરી સ્વપ્નો સિધ્ધ થવાનો સમય પાકી ગયો. તેમનો વિશ્વાસ સફળ થયો. પ્રભુએ તેમને એક ધન્ય દિવસ આપ્યો. ઈ.સ. ૧૯૫૦ના સપ્ટેમ્બર માસની પહેલી તારીખે ફેઈથ અને તેમની સાથે અન્ય ચાર આશાસ્પદ યુવતીઓ સહિત કુલ પાંચ અપરિણીત મહિલા મિશનરીઓએ સ્વદેશ અમેરિકામાંથી સેવાની ધગશ સાથે વહાલાંઓની વસમી વિદાય લઈને ભારતના પંથે પ્રયાણ કર્યું. તેમની સાથે અન્ય ત્રણ અનુભવી મિશનરીઓ પણ હતા. તેઓ મિશનરી સેવામાં ચાલુ હતા.

એક માસની દરિયાઈ સફર પૂરી કર્યા પછી તેઓ ભારતમાં ઊતર્યાં અને મધ્યપ્રદેશના મંડલેશ્વર નામના એક ગામમાં આવી પહોંચ્યાં. અહીં તેમને યુનાઈટેડ ચર્ચ ઓફ કેનેડાના ઓવરસીસ મિશન બોર્ડના મિશનરી તરીકે રહેવાનું હતું. આ ગામ નર્મદા નદીના કિનારા પર વસેલું હતું. અહીં હિંદી ભાષી લોકોમાં તેમને કામ કરવાનું હતું. આ ગામમાં તેઓ એક વર્ષ સુધી રહ્યાં અને જવાબદારી સંભાળી. તે દરમિયાન હિંદી ભાષાનો અભ્યાસ કર્યો. પછી અહીંથી તેમને મસુરી જવાનું થયું ત્યાં તેમને હિંદી શિક્ષણના વર્ગોમાં પધ્ધતિસર અભ્યાસ કરવાનો હતો અને હિંદીની પરીક્ષા આપવાની હતી. અહીં સમગ્ર ભારતમાંથી નવા નવા મિશનરીઓ હિંદીનું શિક્ષણ લેવા અને પરીક્ષા આપવા માટે આવેલા હતા.

**મસુરીમાં મિશનરીનું મિલન :**

આ સ્થળે ફેઈથને એક મિશનરી દંપતીની મુલાકાત થઈ. એમને મળવાથી ફેઈથના આનંદની કોઈ પરિસીમા રહી નહિ. પંદર વરસ પહેલાં પોતાના દેશમાં પેલા સુંદર તળાવ અને જંગલના પર્યટન દરમિયાન એ મિશનરી પતિપત્ની એમને મળ્યાં હતાં. અને એ વખતે એમણે જ કહ્યું હતું કે સંભવ છે કે કોઈ દિવસે અમે તમને ભારતમાં જોઈ શકીશું. એમની એ અગમવાણી ઈશ્વરકૃપાથી આજે સાચી પડી હતી. તેઓ રજાઓ ગાળવા સારુ અહીં મસુરીમાં આવ્યાં હતાં. પહેલાં તો ફેઈથને થયું કે તેઓ તેમને પોતાને ઓળખી શકશે નહિ. પરંતુ એમના આશ્ચર્ય વચ્ચે એ મિશનરીઓએ ફેઈથને ઓળખી કાઢયાં અને પિકનિકવાળો પેલો પંદર વર્ષ પહેલાનો પ્રસંગ યાદ કરાવ્યો. તેમણે 'જય જય યેશુ ...*' વાળું જે ગીત ફેઈથને શીખવ્યું હતું તે ફેઈથને યાદ આવ્યું. અહીં તેઓ બધાં સમૂહમાં

---

**જય જય યેશુ**

*** ખ્રિસ્તનાં ગુણગાન**

(ભજનસંગ્રહ હિંદી-અંગ્રેજી ગીતો નં. ૫)

ટેક : જય જય યેશુ, જય જય યેશુ,
જય, પ્રભુ, જય, જયજયકાર, સિરજનહાર,
પાલનહાર, તારણહાર ...

૧. દીનોંકા દુઃખ હરનેવાલા, હિરદેમેં શાંતિ ભરનેવાલા,
જય જનરંજન, જય દુઃખભંજન, ............જય જયકાર.

૨. નરતન ધાર લિયો અવતારા દે નિજ પ્રાણ કિયો છુટકારા,
જય જગત્રાતા જય સુખદાતા ...............જય જયકાર.

૩. મૃત્યુબંધન ભંજનહારા, અક્ષય જીવન દેવનહારા,
રોગીન, શોકિન એક અધારા ...............જય જયકાર

૪. જય જયકાર કરો સબ પ્યારો, નરનારી એક સંગ પુકારો,
નારો મારો જય લલકારો .................જય જયકાર.

મળીને હવે એ ગીત પૂરી સમજ સાથે ગાવા લાગ્યાં. ફેઈથને અહીં ભારતમાં આવ્યા પછી જાણવા મળ્યું હતું કે હિંદી ભાષા બોલનારા ખ્રિસ્તી ભજનિકોમાં એ ગીત ખૂબ જ ગમતું, ગવાતું અને પ્રચલિત હતું. મંડલેશ્વરમાં તેમણે હિંદી ગીતો શીખવાની અને ગાવાની શરૂઆત કરી તેમાંનું સૌથી પહેલું એ ગીત હતું. અત્યારે પણ હિંદી ભજનોમાં આ ભજન તેમનું સૌથી પ્રિય ભજન છે.

ભારતમાં 'જય જય યેશુ' અને એવાં અન્ય હિંદી ગુજરાતી ગીતો ગાતાં ગાતાં ફેઈથે ખૂબ જ આનંદ અને સંતોષ સાથે પોતાની મિશનરી સેવામાં અડગ અને અવિરત પગરણનો પ્રારંભ કર્યો.

□

# ૫
# દાંપત્યજીવન અને ભારત-ગુજરાતમાં મિશનરી સેવા

**બેનમૂન બાઉમન :**

ઈ.સ. ૧૯૪૭માં આપણા ભારત દેશને આઝાદી પ્રાપ્ત થઈ હતી અને ૧૯૫૦ના જાન્યુઆરીની ૨૬મીએ દેશનું પ્રથમ પ્રજાસત્તાક પર્વ ઉજવવામાં આવ્યું. એ અરસામાં લોકો મિશનરીઓને સંસ્થાનવાદી ગણતા હતા. આવા સમયમાં ઈ.સ. ૧૯૫૧ના માર્ચ માસમાં રેવ. ડેવિડ બાઉમન એકત્રીસ વર્ષની ભરયુવાન વયે સેવાના ખાસ મિશન સાથે ભારતમાં આવ્યા હતા. શરૂઆતથી જ તેઓ ગુજરાતમાં ખેડા, વડોદરા અને પંચમહાલ જિલ્લાઓમાં ગામડાં ઘૂમનાર મિશનરી તરીકે આગળ વધતા જતા હતા. ગામડાંઓમાં વિવિધ સ્થળોએ ખ્રિસ્તીઓ તરફથી અને કેટલેક સ્થળે બિનખ્રિસ્તીઓ તરફથી પુષ્પોની માળા વડે તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવતું હતું. તેમનો આવકાર કરવામાં લોકો ઘણી ખુશી અનુભવતા હતા. હસતો ચહેરો, શરીરે પરિશ્રમનો પરસેવો, પોષાકની સાદગી અને ચહેરા પર નમ્રતાની ચમકવાળા બાઉમન સાહેબ એમના સેવાક્ષેત્રોના ગામડે ગામડે છવાઈ ગયા હતા અને લોકોમાં પ્રિય પાત્ર થઈ પડયા હતા.

**ગોધરા હૉસ્ટેલના કુમારોની દેખભાળ :**

ગુજરાતમાં આવ્યા પછી તેમણે દોઢેક વર્ષ જેટલા સમય સુધીનો ગાળો કોઈ ખાસ પ્રકારની જવાબદારી સિવાય સામાન્ય સેવાકાર્યો કરવામાં, ભાષાનું શિક્ષણ લેવામાં અને અનુભવ મેળવવામાં પસાર કર્યો હતો. વાસ્તવમાં તો ત્યારબાદ તેમની સૌ પ્રથમ નિમણૂક મેથોડિસ્ટ મિશનની ગુજરાત કોન્ફરન્સની ગોધરા ડિસ્ટ્રીક્ટમાં

આવેલી મેથોડિસ્ટ હૉસ્ટેલ, ગોધરામાં કરવામાં આવી. એ હૉસ્ટેલ શિક્ષણના પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતા કુમારો માટેની હતી.

આ હૉસ્ટેલના સુપરિન્ટેન્ડન્ટના સ્થાને તા. ૧-૧-૧૯૫૩ના નવા વર્ષે એટલે કે જાન્યુઆરીની પહેલી તારીખના ધન્ય દિવસે રેવ. ડેવિડ બાઉમને ચાર્જ સંભાળ્યો હતો. પ્રભુના ફિરસ્તા જેવાં નાનાં બાળકોની સાથે રહેવું અને આવા એક સારા સ્થળમાં રહીને ભાષાનો અભ્યાસ કરવો એ એમના જીવનનો એક અલભ્ય લહાવો હોવાનું તેઓ માનતા હતા. તેઓ જે કામમાં પ્રવૃત્ત થયા હતા એ કામને તેઓ આશીર્વાદિત અને ફળવંત સેવાકાર્ય ગણતા હતા.

અહીં ખ્રિસ્તી સંસ્થામાં રહીને જે બાળકો અભ્યાસ કરતાં હતાં તેઓ મોટે ભાગે ગુજરાતના ગ્રામ વિસ્તારોમાંથી આવેલાં બાળકો હતાં. તેઓ આર્થિક દષ્ટિએ સામાન્ય કક્ષાના ખ્રિસ્તીઓનાં સંતાનો હતાં. અહીં હૉસ્ટેલમાં રહીને મિશનની શાળામાં અભ્યાસ કરવાની સુવિધા તેમને મળેલી હતી. રેવ. બાઉમન તેમના સંસ્કાર, શિક્ષણ, ભોજન અને નિવાસ માટે વાત્સલ્યસભર કાળજી રાખતા હતા. આ કુમારોને તેઓ તળાવમાં તરવા માટે અને ગર્લ્સ હૉસ્ટેલમાં રહેતી તેમની બહેનોની સાથે પર્યટને લઈ જતા હતા.

ખાસ કરીને નાતાલની અગાઉના દિવસોમાં રેવ. બાઉમન આ છોકરાઓને પોતાના ઘેર બોલાવતા હતા. અહીં તેમને રમતો રમાડતા હતા, ગીતો ગવડાવતા હતા, નાસ્તો કરાવતા હતા અને તેઓને જુદી જુદી ટુકડીઓમાં ફાળવીને ક્રિસ્ટમસ કાર્ડઝ તૈયાર કરવાનું શીખવતા હતા. બાળકો આ કાર્ડઝ નાતાલની રજાઓમાં પોતાના ઘેર લઈ જતા હતા. એ જોઈને એમનાં માતા-પિતા ખુશ ખુશ થઈ જતાં હતાં.

**કૃષિ કાર્યક્રમો :**

પોતાના નિવાસસ્થાનના એ ક્ષેત્રનો ઉપયોગ રેવ. બાઉમન ખેડૂતો માટે પ્રયોગ અને નિદર્શન કેન્દ્ર તરીકે કરતા હતા.

ખેતીવિષયક સેમિનાર અને કેમ્પનું આયોજન કરીને તેઓ તેમાં ખ્રિસ્તી ખેડૂતોને નિમંત્રણ આપતા હતા. એમાં કૃષિક્ષેત્રના પ્રયોગો, નિદર્શન અને સારી ખેતી માટે વાર્તાલાપ ગોઠવતા હતા. એમાં કૃષિવિષયક અદ્યતન પધ્ધતિઓ પણ સમજાવવામાં આવતી હતી. વળી ખેતીવાડી કરતી વખતે ખેડૂતોને તેમના કામમાં પડતી મુશ્કેલીઓ, નડતા અવરોધો અને ઊભા થતા પ્રશ્નો સમશ્યાઓની ચર્ચા પણ આવા સેમિનાર-કેમ્પ દરમિયાન કરવામાં આવતી હતી. આવી પ્રવૃત્તિઓને પરિણામે સંબંધિત ખેડૂતોની વ્યાવસાયિક પરિસ્થિતિમાં તેમને જરૂરી માર્ગદર્શન મળી રહેતું હતું અને એમના કામમાં સુસજ્જ થવાની ક્ષમતા અને સમજ સાથે તેઓ પોતાના કૃષિવિષયક વ્યવસાયમાં પ્રગતિ કરી શકતા હતા.

**ગ્રામજનો સાથેનો સંપર્ક :**

રેવ. ડેવિડ બાઉમનને કેવળ હૉસ્ટેલના કામમાં જ સતત વ્યસ્ત રહેવું પડે એવું ન હતું. આ હૉસ્ટેલ પર ગૃહપતિ તથા અન્ય કર્મચારીઓ પણ હતા. તેથી રેવ. બાઉમન પોતે અવારનવાર પોતાની અનુકૂળતા અનુસાર ગ્રામવિસ્તારની જુદી જુદી મંડળીઓની વિવિધ મિટીંગોમાં અને મિશનરી સુવાર્તિક સેવાકાર્ય માટે બહાર જઈ શકતા હતા. ગામડાંઓની આવી મુલાકાતો દ્વારા તેમને હૉસ્ટેલનાં બાળકોનાં માતાપિતા તથા વાલીઓની મુલાકાત, પરિચય અને સીધા સંપર્ક થયા. વળી હૉસ્ટેલના કામની અસરને કારણે તેમને ગ્રામ્ય મંડળીઓના સભાસદોના સંપર્કમાં આવવાની અને તેમના સંસર્ગમાં રહેવાની સારી તક પ્રાપ્ત થતી હતી. સાથે સાથે અવારનવાર અન્યધર્મી લોકોના સંબંધમાં પણ આવવાનું થતું હતું. આવા અનુભવો, અભ્યાસ અને ઓળખાણ પરથી રેવ. ડેવિડ બાઉમન એવા તારણ પર આવ્યા હતા કે ગ્રામ વિસ્તારના ખ્રિસ્તી લોકો એવી સમજ ધરાવે છે કે ઈશ્વરનો પ્રેમ વિશાળ છે અને તે દરેક વ્યક્તિ પર વ્યક્તિગત પ્રેમ રાખે છે. જ્યારે અન્યધર્મીઓ

એવું માનતા હતા કે ઈશ્વર અજ્ઞાત છે. તે કોઈની સાથે વ્યક્તિગત પ્રેમસંબંધ રાખતા નથી.

આવા વિવિધ પ્રકારના ઊંડાણપૂર્વકના અભ્યાસ અને અનુભવો ઉપરાંત ગ્રામ્યમંડળીઓમાં રહેવાની અનુકૂળતા તેમને મળતી હતી. ગુજરાતના મિશનરી સેવાકાર્ય દરમિયાન ખાસ કરીને તેઓ કોઈ મંડળી પર પાળક અગર એવી કોઈ અન્ય હેસિયતથી બંધારણીય સત્તા પર રહેલા ન હતા. મોટે ભાગે તેમને ગ્રામ્ય મંડળીઓમાં પ્રવાસ કરવાનો રહેતો હતો. તેથી હૉસ્ટેલનાં અને ખેડૂતોનાં કામ ઉપરાંત મંડળીઓના વિવિધ કાર્યક્રમો અને ગ્રામભજનસભામાં ભાગ લેવાની ઉમદા મોકળાશનો માર્ગ તેમને માટે ઉઘાડો થયેલો હતો. એમને તો એ જ જોઈતું હતું. અને એ પ્રકારના સેવાકાર્ય માટે જ એમણે પ્રભુનું તેડું સ્વીકારેલું હતું. પ્રભુએ એમને માટે આવાં અનુકૂળ અને આવકારદાયક દ્વાર ઉઘાડયાં. જો તેમને તેમની પસંદગી પ્રમાણે જ કામ કરવાનું સ્વાત્તંત્ર્ય હોત તો ઘણાં વર્ષો સુધી આવી એક જ પ્રકારની વિશિષ્ટ સેવામાં તેઓ પ્રવૃત્ત રહ્યા હોત.

**નડિયાદમાં :**

સમય જતાં રેવ. ડેવિડની નિમણૂક નડિયાદમાં કરવામાં આવી. નિમણૂક અંગેના મેથોડિસ્ટ ચર્ચના ધારાધોરણ અનુસાર તેમને નડિયાદ ડિસ્ટ્રીક્ટના ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટના સ્થાને નીમવામાં આવ્યા. આ કામના કાર્યક્ષેત્ર માટે તેમનું કાર્યમથક નડિયાદ હતું. નડિયાદનો ડિસ્ટ્રીક્ટ વિસ્તાર અને ઈ.સ. ૧૮૮૭ની સાલમાં સ્થપાયેલી નડિયાદ મેથોડિસ્ટ મંડળી પોતાની આગવી વિશિષ્ટતા, રોનક અને જબરી જાગૃતિ માટે ગુજરાત કોન્ફરન્સમાં ખાસ જાણીતી છે. નડિયાદ શહેર સાક્ષરભૂમિ તરીકે ઓળખાય છે. નડિયાદનો મિશન વિસ્તાર, મિશન રોડ, મિશન હૉસ્પીટલ અને મેથોડિસ્ટ પ્રભુમંદિર ગુજરાતના રાષ્ટ્રિય ધોરી માર્ગોમાંના એક ધબકતા માર્ગ

પર આવેલાં છે. નડિયાદના ચર્ચ અને ડિસ્ટ્રીક્ટમાં ધર્મજાગૃતિ અને આત્મજાગૃતિનો જુવાળ અને ઉત્સાહ સારાં છે. ૩,૫૦૦ કરતાં વધારે સભ્ય સંખ્યા ધરાવતી આ મંડળી સંખ્યાની દૃષ્ટિએ ગુજરાતમાં મોખરે છે.

નડિયાદની આવી પ્રગતિશીલ ડિસ્ટ્રીક્ટના પાળકો અને સભાસદ ભાઈબહેનો સાથે ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે કામ કરવામાં રેવ. ડેવિડ બાઉમનને ખૂબ રસ પડયો હતો. એમની આ જવાબદારીમાં માત્ર વહીવટમાં જ રચ્યાપચ્યા રહેવાનું એમને ઓછું પસંદ હતું. વ્યક્તિગત, કૌટુંબિક તથા સામૂહિક મુલાકાતોમાં અને મંડળીઓની જાગૃતિના કાર્યક્રમોમાં તેઓ વિશેષ સંકળાયેલા રહેતા હતા. આ ક્ષેત્રમાં આવવાને લીધે હૉસ્ટેલનાં બાળકો સાથેનો તેમનો સંપર્ક તથા કૃષિવિષયક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહીને ખેડૂતો અને મંડળીના લોકો સાથેનો જે રીતનો તેમનો નાતો હતો તે ગુમાવવાનો થયો હતો. એનો વસવસો એમને થયો હશે.

**બે મિશનરીઓનું મહામૂલું મિલન :**

સ્વદેશ અમેરિકાથી ભારતમાં આવેલાં મિશનરીઓમાંથી રેવ. ડેવિડ બાઉમન અને કુ. ફેઈથ વેબર એ બે યુવાન, આશાસ્પદ અને અપરિણીત મિશનરીઓનાં પરસ્પરનાં મિલન, મેળાપ અને મુલાકાતોનાં સફળ પરિણામે તેઓ એકબીજાનાં સહાયકારી થયાં અને લગ્નગ્રંથિથી જોડાયાં. એ ઘટનાનો ઉલ્લેખ ખૂબ જ રસપ્રદ અને આનંદ પ્રેરક છે. મિશનસેવાનાં પાંચ વર્ષો સુધી કુ. ફેઈથ વેબર રાજસ્થાનમાં વાંસવાડામાં અને પછી મધ્યપ્રદેશના નિમચમાં ફરજ બજાવતાં હતાં. એ વર્ષો દરમિયાન લગ્ન માટેની કોઈ તકની કશી જ ઈન્તેજારી અગર વિચારણા તેમણે કરેલી ન હતી. આ બાબતને તેમણે પ્રાર્થના સહિત પ્રભુની ઈચ્છાની આધીનતામાં રહીને

તેમના સમર્થ હાથોમાં સોંપેલી હતી. એમને એવો ભરોસો અને ખાતરી હતાં કે ઈશ્વરની ઈચ્છા એ જ એમને માટે સર્વોત્તમ છે.

ઈ.સ. ૧૯૫૧થી ઈ.સ. ૧૯૫૫નાં પાંચ વર્ષોમાં જુદા જુદા પ્રસંગોએ તેમને રેવ. બાઉમન સાથે મળવાનું થયેલું હતું. સેમિનાર, શિક્ષણ, કોન્ફરન્સ, કેમ્પ જેવા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દરમિયાન તેમની વચ્ચે વાતચીત અને મુલાકાતો થતી હતી. છેવટે ઈશ્વરપિતાએ તેમને બંનેને લગ્નગ્રંથિથી જોડાવાની દોરવણી આપી. એમાં એમને બંનેની પાકી ખાતરી હતી કે એ પ્રભુની યોજના છે.

આ તરફ રેવ. ડેવિડ બાઉમન જ્યારે ભારતમાં આવ્યા ત્યારે તેઓ કુંવારા હતા એનો ઉલ્લેખ અગાઉ થઈ ગયેલો છે. સાડા ચાર વર્ષ સુધી તેઓ એકલા જ રહ્યા હતા. લગ્ન માટેના પાત્રની પસંદગીમાં તેમનો વ્યવહાર ક્યારેય એકપક્ષીય રહ્યો ન હતો. લગ્ન બાબતે તેમને માર્ગદર્શન કે તક મળેલાં ન હતાં. જીવનસાથીની પસંદગી અને લગ્નના પ્રસંગ માટે તેઓ સતત પ્રાર્થનામાં લાગુ રહેતા હતા.

આગળ જતાં એવું બન્યું કે ઈ.સ. ૧૯૫૪માં તેઓ ઉનાળાની રજાઓ ગાળવા માટે સાતતાલ આશ્રમમાં ગયા હતા. અહીં પ્રાકૃતિક પર્યાવરણમાં એકાંતમાં તેઓ પોતાના લગ્ન બાબતે પ્રભુની પાસેથી જવાબ અને દોરવણી માગવા માટે પ્રાર્થનામાં મશગૂલ રહેતા હતા. તેમના આશ્ચર્ય વચ્ચે તેમની આગ્રહી પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં પ્રભુએ તેમને જીવનસાથી તરીકે ફેઈથ વેબરનું નામ આપ્યું હતું. આ પહેલાં તેઓ ફેઈથને ઓળખતા ન હતા. આ તો વિસ્મયકારક ઘટના કહેવાય !

ડેવિડના ભારતમાં આગમન પછી રતલામ મુકામે લેન્ગવેજ સ્કૂલમાં ભાષાનો અભ્યાસ કરતી વખતે કુ. ફેઈથ વેબર પણ ત્યાં આવેલાં હતાં. આ અભ્યાસ દરમિયાન ડેવિડને કુ. ફેઈથ સાથે

ચર્ચ ક્વાયરમાં મુલાકાત થયેલી હતી. પરંતુ ત્યાર પછી કુ. ફેઈથ ક્યાં રહેતાં હતાં અને તેમની સાથે શી વાતચીત કરવી એ વિષે તેમને જરા સરખોય વિચાર આવ્યો ન હતો.

હવે ઈ.સ. ૧૯૫૪ના ઑક્ટોબર માસમાં ગુજરાતના ગોધરા શહેરની મંડળીમાં આદિવાસી લોકો માટેનો એક કાર્યશિબિર યોજવામાં આવ્યો હતો. એ વખતે રેવ. ડેવિડ બાઉમન ગોધરામાં રહીને સેવાકાર્ય સંભાળતા હતા. તેઓ આ શિબિરમાં ઉપસ્થિત રહેલા હતા અને તેના સંચાલન તથા વ્યવસ્થાની જવાબદારી સાથે સંકળાયેલા હતા. આ શિબિરમાં વિવિધ સંસ્થાઓના મિશન કર્મચારીઓ અને મિશનરીઓ ભાગ લેવા માટે આવેલા હતા. તેઓ ભારતમાં આ વિસ્તારના આદિવાસી જાતિના લોકોમાં મિશનરી સેવાકાર્ય કરનારાં સેવક સેવિકાઓ હતાં. એમાં આપણાં લાડીલાં મિશનરી મિસ ફેઈથ વેબર પણ શિબિરાર્થી તરીકે ગુજરાતના ગોધરામાં આવેલાં હતાં.

મિસ ફેઈથ વેબર અને ડેવિડ બાઉમન આ શિબિર દરમિયાન પરસ્પર વિશેષ પરિચયમાં આવ્યાં. તેમને બંનેને એવો અહેસાસ થયો કે તેઓ એક જ નાવનાં સહયાત્રીઓ અને એક જ પંથનાં પ્રવાસીઓ છે. વળી બંનેને એવી ખાતરી અને અનુભવ થયો કે લગ્ન અંગેની અરસપરસની વિચારણા, દરખાસ્ત અને આયોજનમાં પ્રભુનો હાથ છે. એ જ વર્ષમાં એટલે કે ઈ.સ. '૧૯૫૪માં કુ. ફેઈથ વેબરે રેવ. ડેવિડ બાઉમનને આમંત્રણ આપ્યું. એ સમય નાતાલનો હતો. ઈસુજયંતી અને નૂતન વર્ષના તહેવારો દરમિયાન મધ્ય પ્રદેશના નિમચ ગામમાં આ રીતે રેવ. ડેવિડ અને કુ. ફેઈથ વચ્ચે મુલાકાત થઈ. આ નિમચ ગામમાં મિશનરી સેવાર્થે કુ. ફેઈથ રહેતાં હતાં. આ મિલન વખતે તેમને બંનેને એકબીજા પ્રત્યે પ્રેમની લાગણી ઉદ્ભવી અને તેમને એક ખાસ પ્રકારના પરિચયમાં

આવવાનું આકર્ષણ થયું. પછી તેમની વચ્ચે પત્રવ્યવહાર ચાલ્યો અને તેમણે લગ્ન કરવાનો પાકો નિર્ણય કર્યો.

નિમચમાં થયેલી મુલાકાતને એક વર્ષ પૂરું થવા આવ્યું. પછી સર્વમાં માનયોગ્ય એવા લગ્નપ્રસંગના આનંદનો માંગલિક અવસર આવી ગયો.

**ડેવિડ અને ફેઈથનાં લગ્ન :**

બંને મિશનરીઓ પોતાના દેશથી દૂર દૂર આવેલા ભારત દેશમાં ઈ.સ. ૧૯૫૫ના ડિસેમ્બર માસની ૯મી તારીખે નિમચ પ્રભુમંદિરમાં લગ્નસંબંધથી જોડાઈ ગયાં. આ યાદગાર અવસર તેમના બંનેના સેવાકાર્યની પ્રગતિમાં એક અનોખો પ્રસંગ હતો. પછી વરરાજા રેવ. ડેવિડ બાઉમન પોતાનાં વહાલસોયાં વધૂ ફેઈથને ગુજરાતમાં નડિયાદ મુકામે લઈ આવ્યા. વરકન્યા ડેવિડ અને ફેઈથને તેમના દામ્પત્યજીવનના આરંભકાળે પોતાના ઉછંગમાં વસેલાં જોઈને નગર નડિયાદની સાક્ષરભૂમિ હરખાઈ ઊઠી. આમ નડિયાદ આ મિશનરી દંપતી માટે એક સ્મરણચિહ્ન બની ગયું.

**રજાઓ પછી વડોદરા અને ગોધરા :**

લગ્નના ૬ માસ પછી ઈ.સ. ૧૯૫૬ના જુલાઈમાં રેવ. ડેવિડ અને ફેઈથ રજાઓ ગાળવા અમેરિકા ગયાં. ત્યાંથી એક વર્ષ જેટલા સમય પછી પાછાં આવ્યાં ત્યારે નડિયાદને બદલે વડોદરામાં સજોડે નિમણૂક મળી. અહીં તેમને છોકરાઓની હૉસ્ટેલ સંભાળવાની હતી. હવે આ મિશનરી દંપતીને મિશનરી સેવાક્ષેત્રમાં એકસાથે સજોડે કામ કરવાનો મોકો પ્રાપ્ત થયો.

વડોદરા પછી તેમને ગોધરા જવાનું થયું. હવે શ્રીમતી ફેઈથને ફાળે વડોદરાની હૉસ્ટેલ પછી રેવ. બાઉમનની પેલી મૂળ ગોધરાની હૉસ્ટેલ સંભાળવાની જવાબદારી આવી અને રેવ. ડેવિડને કૃષિવિષયક ક્ષેત્ર અને પ્રોજેક્ટસમાં નિરીક્ષણ કરવાની અને

માર્ગદર્શન આપવાની કામગીરી દ્વારા શુભસંદેશના પ્રસારની જવાબદારી સોંપવામાં આવી.

હૉસ્ટેલના કુમારો પોતાનાં વતન, કુટુંબ અને વહાલસોયાં માતાપિતાથી દૂર દૂર અહીં આવીને રહેલા હતા. શ્રીમતી ફેઈથ આ બાળકોનાં માતાની માફક તેમની સારસંભાળ રાખતાં હતાં. માતૃવાત્સલ્ય સાથે તેઓની કાળજી લેવામાં અને તેમને ધાર્મિક શિક્ષણ આપવામાં ફેઈથ ખૂબ જ આનંદ માનતાં હતાં.

**પુત્રદાન :**

રેવ ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમનના આશીર્વાદિત અને સફળ દાંપત્યજીવનમાં ઈશ્વરપિતાએ એમને અનેક કૃપાદાન બક્ષેલાં છે. એમાં તેમને આપેલા બે સુંદર પુત્રરત્નોનાં કૃપાદાન મુખ્ય છે.

**દીકરાઓ સાથે**



**માર્ક - ફેઈથ - ફિલિપ - ડેવિડ**
**(દીકરો) - (માતા) - (દીકરો) - (પિતા)**

તે ભારતમાંથી ૧૯૫૬ના જુલાઈ માસમાં રજાઓ ગાળવા માટે સ્વદેશ અમેરિકામાં ગયાં હતાં. ત્યારે ત્યાં ઈ.સ. ૧૯૫૭ના જૂન માસની ૨૨મી તારીખે તમના પ્રથમ પુત્ર માર્ક સ્તેફનનો જન્મ ટેક્સાસ પ્રદેશના ઓડેસ્સા શહેરમાં થયો હતો.

ત્યાર પછી બે વર્ષ બાદ જ્યારે તેઓ ભારતમાં હતાં અને નડિયાદ ડિસ્ટ્રીક્ટની જવાબદારી સંભાળવા માટે નડિયાદમાં રહેતાં હતાં ત્યારે ઈશ્વરપિતાએ તેમને દ્વિતીય પુત્રનું દાન આપ્યું હતું. તેમના આ દ્વિતીય પુત્ર ફિલિપ ડેવિડનો જન્મ ગુજરાતના આણંદ શહેરમાં તા. ૧૭મી જુલાઈ ૧૯૫૯ના દિવસે થયો હતો.

આ મિશનરી દંપતી રેવ. ડેવિડ અને ફેઈથ પોતાનાં સેવાકાર્યો, પ્રવૃત્તિઓ અને વ્યવસ્થાઓ પરસ્પરના સહકારમાં રહીને સહમતીથી સમજપૂર્વક કરતાં હતાં. તેમના દાંપત્યજીવનમાં તેમને ઈશ્વરની કૃપા અને પ્રેમનો અનુભવ ભરપૂર પ્રમાણમાં થયેલો છે. તેમના કુટુંબમાં ઈશ્વરે પુષ્કળ આશીર્વાદો આપેલા છે અને અદ્ભુત કાર્યો કરેલાં છે. દાંપત્યજીવનની આ વાતોને આપણે અહીં અટકાવીએ છીએ. હવે પછી એને આ પુસ્તકના અંત ભાગમાં આગળ જોઈશું.

**ગોધરા હૉસ્ટેલ અને વડોદરા ડિસ્ટ્રીક્ટની જવાબદારી :**

તેમના સેવાસમયમાં ગોધરાની હૉસ્ટેલમાં શિક્ષણના પ્રાથમિક વિભાગના ૯૦ કુમારો અને વડોદરામાં ૧૫૦ કુમારો રહેતા હતા. આ છોકરાઓ પ્રભુના જ્ઞાનમાં, ખ્રિસ્તી વિશ્વાસમાં અને ધાર્મિક શિક્ષણમાં વૃધ્ધિ પામે તે માટે તેમને દોરવણી આપવાની જવાબદારી રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમનની હતી. આ બાળકોને સંભાળવાનો, તેમની સાથે કામ કરવાનો અને રમવાનો આ મઝાનો મૂલ્યવાન મોકો તેમને પ્રભુ તરફથી પ્રાપ્ત થયો હતો.

આ કામમાં તેઓ ગોઠવાઈ ગયાં હતાં અને બધું વ્યવસ્થિત ચાલતું હતું. એવામાં થોડા સમય પછી ફરી પાછું રેવ. ડેવિડ

બાઉમનને ગોધરાથી બહારની જવાબદારી સંભાળવાનું કામ આવ્યું અને ગોધરાથી તેમને બદલી વડોદરા ડિસ્ટ્રીક્ટના ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે થઈ. તેમનું કાર્યમથક વડોદરા થયું. તે ગોધરાથી ૫૦ કિલોમિટર જેટલું દૂર હતું. આ ફેરફારને પરિણામે રેવ. ડેવિડને દર અઠવાડિયે ત્રણથી ચાર દિવસો માટે વડોદરા ડિસ્ટ્રીક્ટમાં પોતાની જવાબદારી બજાવવા માટે જવાનું થતું હતું. તેથી એ દિવસો દરમિયાન તેમને તેમના કુટુંબથી અને તેમની હૉસ્ટેલનાં બાળકોથી અળગા રહેવું પડતું હતું.

આ બધાં કામો અને અલગ અલગ જગ્યાએ સંભાળવાનાં ક્ષેત્રોની વચ્ચે રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથને તેમના બંને નાના દીકરાઓના ઉછેર અને શિક્ષણ માટે પણ ધ્યાન રાખવાનું હતું. ખાસ કરીને મમ્મી ફેઈથ આ બાળકોને ઘરમાં શિક્ષણ આપતાં હતાં અને અમેરિકાના કાલવર્ટ ગૃહ પત્રવ્યવહાર દ્વારા તેમને નિયત અભ્યાસ કરાવતાં હતાં. શ્રીમતી ફેઈથ માટે જવાબદારીઓ વિશેષ હતી. હૉસ્ટેલમાં કોઈ કોઈ વખત ઘણાં અગત્યનાં આકસ્મિક કામ આવી પડતાં હતાં. બંને દીકરાઓને સંભાળવાના હતા અને તેમના શિક્ષણમાં નિયમિતતા જાળવવાની હતી. વળી રેવ. ડેવિડને તો બહારનાં કામોમાં ઘણો સમય આપવાનો રહેતો હતો.

આવા બધા સંજોગોમાં પ્રભુ તેમની પડખે હોવાની અને તેમની સહાય કરતા હોવાની તેમને ખાતરી હતી. પ્રભુ પ્રત્યેના વિશ્વાસમાં તેઓ સર્વ સંજોગોમાં દઢ રહેતાં હતાં.

**વેકેશન બાઈબલ સ્કૂલો :**

ભૂતકાળનાં એ વર્ષોમાં શાળાઓની લાંબી રજાઓમાં વેકેશન બાઈબલ સ્કૂલોની શરૂઆત કરી ત્યારે પ્રારંભે શહેરોમાં એનો અમલ કરવામાં આવ્યો હતો. પછી એ પ્રવૃત્તિ ગ્રામ વિસ્તારોમાં પણ શરૂ કરવામાં આવી. એક વખત આવા વેકેશન બાઈબલ સ્કૂલના

બાળકોના વર્ગોમાં બેસવા માટે અને તેનાથી પરિચિત થવા માટે રેવ. અને શ્રીમતી બાઉમને પુખ્તવયનાં સ્ત્રી-પુરુષોને નિમંત્રણ આપ્યું. આ વર્ગો ગામડામાં ચાલતા હતા તેમાં ઉપસ્થિત રહેનારાં સ્ત્રીપુરુષોને તેમાં ખૂબ રસ પડયો. એટલે આવાં મોટેરાંઓ માટે પણ રેવ. અને શ્રીમતી બાઉમને શિક્ષણવર્ગો શરૂ કર્યા.

આવી વેકેશન બાઈબલ સ્કૂલોના વર્ગોમાં રેવ. બાઉમન ઈસુનો ઉપદેશ ઉપરાંત ખ્રિસ્તી શિક્ષણના સિધ્ધાંતો અને પધ્ધતિઓની ચર્ચા કરતા હતા. આગળ જતાં આવા કામમાં જોડાવા માટે તેમણે યુવાન પાળકો અને યુવાન લેમેનોને અપીલ કરી. મોટે ભાગે આ યુવાનો ઈશ્વરવિદ્યાશાળાના વિદ્યાર્થીઓ હતા. તેઓ ઉનાળાની રજાઓમાં વતનમાં આવતા હતા ત્યારે તેઓ શિક્ષણકાર્યમાં સહકાર આપતા હતા. તેઓ સવારના સમયે વી. બી. એસ.માં શિક્ષણ આપવાનું કામ કરતા હતા.

આ યુવકોને માટે બપોરે વી. બી. એસ. ચલાવવામાં આવતી હતી. સેમિનરીના આ યુવાન સ્વયંસેવક વિદ્યાર્થીઓને ધર્મસિધ્ધાંતો અને ઈશ્વરવિદ્યાના તત્વજ્ઞાનનું શિક્ષણ આપવામાં આવતું હતું અને તેઓને વી. બી. એસ.નાં બાળકોના શિક્ષણકાર્ય માટે વિષયવસ્તુ અને પધ્ધતિ શીખવીને તૈયાર કરવામાં આવતા હતા. આવા સુંદર વાતાવરણ અને સહયોગને લીધે વી. બી. એસ.ના કામને વેગ મળ્યો અને સ્કૂલોની સંખ્યા વધતી રહી. વળી આ યુવાન સ્વયંસેવક વિદ્યાર્થી-શિક્ષકો પોતાનું થિયોલોજી કૉલેજનું શિક્ષણ પૂરું કરીને પોતાનાં કાર્યક્ષેત્રોમાં પાળક તરીકે નિમાયા ત્યારે તેમણે પોતાની મંડળીઓમાં વી. બી. એસ. શરૂ કરી. આમ વેકેશન બાઈબલ સ્કૂલની પ્રવૃત્તિ તેમનાં ક્ષેત્રોની મંડળીઓમાં શરૂ કરવામાં, તેનો ફેલાવો કરવામાં અને તેને માટે ઉત્સાહી સ્વયંસેવકો તૈયાર કરવામાં

રેવ. અને શ્રીમતી બાઉમનનો ફાળો અગ્રગણ્ય હતો. એની નોંધ લેવી જ ઘટે !

આ ઉપરાંત શૈક્ષણિક કૉલેજોમાં અભ્યાસ કરતાં યુવક-યુવતીઓનો ઉપયોગ પણ તેમણે વી. બી. એસ.ના શિક્ષણકાર્યમાં કરવા માંડયો. યુવાન વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ઉત્સાહ સાથે એમાં જોડાયાં. તેઓ પોતાની શક્તિ અને તાલંતોનો ઉપયોગ પ્રભુને નામે બાળકોના શિક્ષણમાં, બાળકોના કેમ્પમાં અને મંડળીની બાળવિષયક પ્રવૃત્તિઓમાં કરવા લાગ્યાં. દરેક વેકેશનમાં આ યુવાનોએ આવી શૈક્ષણિક કામગીરીમાં સેવા આપવા માટે સ્વયંસેવકો તરીકે આગળ આવવાની પ્રણાલી ચાલુ રાખી. રેવ. બાઉમનનું કામ વૃદ્ધિ પામતું ગયું. તેમણે રોપેલા રોપને ફળ આવ્યાં

**ધર્મજાગૃતિ સાથે વેકેશન બાઈબલ સ્કૂલ :**

મિશનરી બાઉમન દંપતીએ વી. બી. એસ.નો કાર્યક્રમ વિશેષ કરીને ગ્રામ્ય મંડળીઓમાં વેગપૂર્વક આગળ વધાર્યો. જ્યાં આવી સ્કૂલો શરૂ ના થઈ હોય ત્યાં શરૂ કરવાની કાર્યવાહી આરંભી. તેઓ પોતે પણ એક અઠવાડિયામાં આવા બે વર્ગો ચલાવતાં હતાં. એક વર્ગ એમના પોતાના રહેવાના સ્થળે સવારના સમયે અને બીજો વર્ગ ત્યાંથી નજીકના સ્થળે બીજા કોઈ ગામમાં બપોરે. પછી સાંજના સમયે તેઓ ગ્રામ્ય મંડળીઓના સભાસદો માટે શિક્ષણ અને ધર્મજાગૃતિનો કાર્યક્રમ રાખતાં હતાં. તેમાં ગ્રામજનો ઉમંગભેર ભાગ લેતા હતા. આવા કાર્યક્રમો તેઓ મે અને નવેમ્બર માસમાં લાંબી રજાઓના સમયમાં ગોઠવતાં હતાં.

**સન્ડે સ્કૂલ :**

ઈ.સ. ૧૯૮૦માં સન્ડે સ્કૂલની પ્રવૃત્તિને બસો વર્ષ પૂરાં થયાં હતાં. વિશ્વભરમાં એની ઉજવણી થઈ હતી. ગુજરાતમાં આ દ્વિશતાબ્દીની ઉજવણી વખતે શ્રીમતી ફેઈથ આગેવાનોમાંનાં એક હતાં.

એ સમયે ગ્રામ્ય મંડળીઓમાં સન્ડે સ્કૂલની પ્રવૃત્તિ જેવી જોઈએ એવી ચાલતી ન હતી. એમાં મંદતા હતી. એની જાગૃતિ માટે પ્રયાસો કરવામાં આવ્યા. એ અરસામાં ઈ.સ. ૧૯૭૮માં મસુરીમાં દસ દિવસનો એક અખિલ ભારતીય સેમિનાર યોજવામાં આવ્યો હતો. સન્ડે સ્કૂલના કામને વેગ આપવાના હેતુસર ક્રિશ્ચિયન એડયૂકેશન ડિપાર્ટમેન્ટ ઓફ ધી ઈવેન્જલિકલ ફેલોશીપ ઓફ ઈન્ડિયા (C. E. E. F. I.) સંસ્થાના આશ્રયે આ સેમિનારનું આયોજન કરવામાં આવેલું હતું. ગુજરાતના એક સંનિષ્ઠ, સેવાભાવી અને સાલસ આગેવાન માનનીય શ્રી એમ. એમ. દાસ ઘણાં વર્ષો સુધી આ સંસ્થાના એક્ઝિક્યુટિવ સેક્રેટરીના સ્થાને રહેલા હતા. શ્રી દાસ સાહેબે સન્ડેસ્કૂલના વિકાસમાં ખૂબ જ રસ લીધેલો હતો. તેઓ મિશનરી બાઉમનના મિત્ર હતા અને શ્રીમતી ફેઈથ બાઉમનના સન્ડે સ્કૂલના કામમાં તેમને પ્રોત્સાહન અને સહયોગ આપતા હતા.

આ સેમિનારમાં ગુજરાતમાંથી બે યુવાન પાળકો, ૧. રેવ. આર. ડી. પરમાર (હાલ ડિ. સુ. નડિયાદ ડિસ્ટ્રીક્ટ) અને ૨. રેવ. એસ. યુ. પરમાર (હાલ પાળક મેથોડિસ્ટ મંડળી, પીજ ભાગોળ, નડિયાદ)એ પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. તેઓ બંને મસુરીથી નવાં દર્શન, ઉત્સાહ અને તમન્ના સાથે પરત આવ્યા હતા. પછી આ ક્ષેત્રે સક્રિય કામગીરી શરૂ કરી હતી.

ત્યાર બાદ ડિસ્ટ્રીક્ટના ગ્રામ વિસ્તારની સન્ડેસ્કૂલના શિક્ષકો માટે ચાર દિવસના શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ત્રીસ શિક્ષકોએ ભાગ લીધો હતો. વળી આ સમય દરમિયાન સન્ડે સ્કૂલના કામને વેગ મળે તે માટે ઝુંબેશ ચલાવવામાં આવી હતી. એને પરિણામે ઈ.સ. ૧૯૭૯માં ઘણી સન્ડે સ્કૂલો શરૂ થઈ હતી. શ્રીમતી ફેઈથ બાઉમન અને રેવ. એસ. યુ. પરમાર આ સ્કૂલોની વારંવાર મુલાકાતો લેતાં હતાં અને ઉત્તેજન આપતાં હતાં.

ફરીથી ગ્રામ સન્ડે સ્કૂલોનાં ૪૪ શિક્ષકો માટે બે દિવસનો એક શિક્ષણ સેમિનાર ઈ.સ. ૧૯૮૦ના નવેમ્બર માસમાં દિવાળી વેકેશન દરમિયાન રાખવામાં આવ્યો હતો.

સન્ડે સ્કૂલોની આ બધી કાર્યવાહીમાં શ્રીમતી ફેઈથ બાઉમને ગુજરાત કોન્ફરન્સના ખ્રિસ્તી શિક્ષણના પ્રમોટર તરીકે આદર્શ આગેવાની પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં શ્રીમતી ફેઈથ બાઉમનની સાથે કુ. માનેક વિ. મેકવાન, રેવ. ડૉ. ડોમનિક ઈઝરાએલ (હાલ પ્રિન્સિપાલ, મેથોડિસ્ટ સેમિનરી, વાસદ), રેવ. એસ. યુ. પરમાર અને રેવ. આર. ડી. પરમારનો ફાળો પણ નોંધપાત્ર હતો.

**મહિલામંડળ અને મહિલા પ્રવૃત્તિઓ :**

શ્રીમતી ફેઈથ બાઉમનને ગુજરાત કોન્ફરન્સના મોટા ભાગની ડિસ્ટ્રીક્ટસમાં ડિસ્ટ્રીક્ટ ઈવેન્જલીસ્ટ તરીકેની ફરજ બજાવવાની થયેલી હતી. આ કામને કારણે તેમને ઘણી વખત ગામડાંઓની મુસાફરીમાં વ્યસ્ત રહેવાનું થતું હતું. તેઓ મહિલામંડળોને દોરવણી આપવામાં, બાળસેવાઓમાં, પાળકોની પત્નીઓને આગેવાનીનું શિક્ષણ આપવામાં, નાની ગ્રામ્યમંડળીઓમાં સંદેશો આપવામાં અને શાસ્ત્રશિક્ષણના વર્ગો ચલાવવામાં પ્રવૃત્ત રહેતાં હતાં.

આ બધું શિક્ષણકાર્ય તેઓ વિવિધ શૈક્ષણિક સાધનોના ઉપયોગ દ્વારા કરતાં હતાં. આ સાધનોમાં ફલેનલ ગ્રાફ, પપેટસ, ભીંતપત્રો, ચાર્ટસ, ચિત્રો, ફિલ્મસ્ટ્રીપ, દશ્ય-શ્રાવ્ય સાધનો જેવાં શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ કરીને તેઓ શિક્ષણને અસરકારક બનાવતાં હતાં.

આ કામના આયોજન અને અમલીકરણ માટે તેમને ઘણા દિવસો સુધી જુદે જુદે સ્થળે ગામડાઓમાં મુસાફરી અને મુકામ કરવાં પડતાં હતાં.

**પ્રશિક્ષણ કાર્ય :**

એમની નિવૃત્તિ પૂર્વેના છેલ્લાં ત્રણ વર્ષો ઈ.સ. ૧૯૮૩-૮૪, ૧૯૮૪-૮૫ અને ૧૯૮૫-૮૬માં શ્રીમતી ફેઈથ બાઉમને વાસદમાં આવેલી મેથોડિસ્ટ બાઈબલ સેમિનરીમાં પાર્ટ ટાઈમ પ્રવક્તા તરીકે ઈશ્વરવિદ્યાના અધ્યાપનની ફરજ બજાવી હતી.

પ્રવક્તા તરીકેની આ ફરજ દરમિયાન તેઓ સેમિનરીના વિદ્યાર્થીઓને ખ્રિસ્તી શિક્ષણ, ખ્રિસ્તી ભજનસેવા અને ભક્તિસભાની પધ્ધતિ તથા છેલ્લા વર્ષમાં ઈઝરાયલમાં પ્રબોધકોની ચળવળ એ વિષયો શીખવતાં હતાં.

**બાળકોના કેમ્પ :**

રેવ બાઉમને તેમના સેવાસમયનાં છેલ્લાં દસ વરસો દરમિયાન બાળકોના કેમ્પનું આયોજન સફળતાપૂર્વક કર્યું હતું. આ કેમ્પ માટે વેકેશનનો સમયગાળો તેમને ઓછો પડતો હતો. તેમાં વળી પાછો આ દિવસોમાં લગ્ન તથા ઉજવણીઓમાં ઘણો સમય વપરાઈ જતો હતો. એટલે સમયનો સદુપયોગ કરીને મળી શકે એટલા સમયમાં શક્ય એટલી વધારે પ્રવૃત્તિઓ અને બાળકેમ્પો ચલાવીને તેઓ ઓછા સમયનો વધારે ઉપયોગ કરવાનું આયોજન કરી લેતા હતા. આવા કેમ્પ દ્વારા ઘણાં બાળકોએ પોતાનું સમર્પણ કરીને તેમનાં જીવનો પ્રભુ ઈસુને ચરણે ધરેલાં હતાં.

**મંડળીઓમાં જાગૃતિ અને સ્વયંપોષિતપણાનું શિક્ષણ :**

ગુજરાત કોન્ફરન્સની કુલ પાંચ ડિસ્ટ્રીક્ટમાંથી ચાર ડિસ્ટ્રીક્ટમાં કુલ ૧૩ વર્ષો સુધી રેવ. બાઉમને ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવી હતી.

પોતાના એ સેવાસમય દરમિયાન રેવ. બાઉમન મંડળીઓના અદીક્ષિત સભ્યો (Lay men) માટેના ધર્મશિક્ષણની વ્યવસ્થા કરતા હતા. જ્યાં આવા સભ્યો રહેતા હોય એ ગામોમાં અને જ્યાં વધારે પ્રમાણમાં લેમેન ભાઈબહેનો ભાગ લઈ શકે એવા અનુકૂળ કેન્દ્રસ્થ

સ્થળે આ તાલીમવર્ગો ચલાવવામાં આવતા હતા. આ શિક્ષણવર્ગોનો સમય એક અઠવાડિયાનો અથવા તેથી વધારે દિવસોનો રાખવામાં આવતો હતો. વળી સાથે સાથે તેમણે પાળકો માટે, અદીક્ષિત આગેવાનો માટે અને બિનતાલીમી ઉપદેશકો માટે પણ ઓપવર્ગો શરૂ કર્યા હતા. એ દરમિયાન રેવ. બાઉમનને માન. ગુજરાત કોન્ફરન્સ તરફથી કારભારીપણાના કામ અને શિક્ષણ આપવાની જવાબદારી માટે પસંદ કરવામાં આવ્યા હતા. તેથી તેઓ આવા વર્ગોમાં અને અનુકૂળતા મળ્યેથી સંસ્થાઓમાં કારભારીપણાનું શિક્ષણ આપતા હતા. દશાંશ આપવા માટેના બાઈબલમાં બતાવેલા નિયમો અને સિધ્ધાંતોનું શિક્ષણ તેઓ ચાર્ટસ અને ચિત્રો દ્વારા ઉદાહરણો આપીને અસરકારક પધ્ધતિથી આપતા હતા. એમાં મંડળીઓ સ્વયંપોષિત બને એ આશય મુખ્ય હતો.

બીજી બાજુ મંડળીઓ સ્વયંપોષિત બને એ માટેના કાર્યક્રમો અને શિક્ષણની ઝુંબેશમાં તેમનું પ્રદાન મહત્ત્વનું હતું. એ કાર્યક્રમો ક્રમે ક્રમે મંડળીઓમાં વૃધ્ધિ પામતા રહે એનું સુરેખ આયોજન કરવામાં તેમનો ફાળો અગ્રગણ્ય હતો. એની અસરો હજી સુધી ગ્રામ્ય મંડળીઓમાં ચાલુ રહેલી છે. આ પ્રકારના તેમના આયોજન અને અમલ દ્વારા મંડળીઓમાં પાળકવિષયક સેવાઓમાં સ્વયંપોષિતપણાની દિશામાં સ્વેચ્છાપૂર્વકનો આર્થિક સહયોગ સારા પ્રમાણમાં મળતો થયેલો હતો.

**સામાજિક સેવાકાર્યો :**

રેવ. બાઉમનની ભારતમાંની સેવાઓના ઉત્તરકાળનાં વરસોમાં તેમને નીચે દર્શાવેલી બે પ્રકારની ખાસ ફરજ સોંપવામાં આવેલી હતી.

૧. ગ્રામ્ય આર્થિક જીવન કાર્યક્રમ.

૨. દશ્યશ્રાવ્ય શિક્ષણ.

આ બંને ક્ષેત્રોના નિયામક તરીકે તેમને નીમવામાં આવ્યા હતા.

આર્થિક જીવન કાર્યક્રમના તેમના વિભાગમાં પાચ ગ્રામસેવકોને નિમણૂક આપવામાં આવેલી હતી. આ ગ્રામસેવકો દ્વારા જેઓ ગામડામાં ખેતીના વ્યવસાયમાં જોડાયેલા હતા તેઓને વ્યક્તિગત માર્ગદર્શન અને શિક્ષણ આપવાનું કામ ચાલતું હતું. તેમની આર્થિક અને વ્યાવસાયિક પ્રગતિ માટે વિવિધ કાર્યક્રમો યોજાતા હતા. આ પ્રોજેક્ટમાં ગૃહોદ્યાન, નિર્ધૂમ ચૂલા, જાજરૂની આરોગ્ય વિષયક સુવિધા, કુટુંબ કલ્યાણ, પોષક આહાર, બાયોગેસ પ્લાન્ટ અને શાકભાજી તથા ફળની વાડી જેવા પ્રોજેક્ટસ આવરી લેવામાં આવ્યા હતા.

એના સંદર્ભમાં યુનાઈટેડ મેથોડિસ્ટ ચર્ચ કમિટી ઓન રિલિફ પાસેથી ગામડાના કૂવા અને અન્ય પ્રોજેક્ટસ માટે તેઓ ફંડ મેળવતા હતા. તેનો ઉપયોગ ગ્રામવિકાસના કાર્યક્રમો માટે કરવામાં આવતો હતો.

દુષ્કાળના સમયમાં કામને બદલે ભોજન (food for work) યોજના દ્વારા તથા ચર્ચ વર્લ્ડ સર્વિસ સંસ્થાના સૌજન્યથી મદદ મેળવીને રેવ. બાઉમન ગામડાંઓમાં અનાજની સહાય આપવાની વ્યવસ્થા પણ કરતા હતા.

ગ્રામ્ય આર્થિક જીવન કાર્યક્રમના આશ્રયે ચાલતાં કેટલાંક અસરકારક સેવાકાર્યોમાં ખેડૂતો માટેની બે દિવસની કાર્યશિબિરો મુખ્ય હતી. આ શિબિરો ગ્રામ્ય સેવા કેન્દ્ર, અંકલેશ્વરમાં યોજવામાં આવતી હતી. તેમાં આ ક્ષેત્રના તજજ્ઞશ્રીઓ સંચાલન અને શિક્ષણની ફરજ બજાવતા હતા. આ પ્રોજેક્ટ હેઠળ કામ કરતા કાર્મચારીઓને પણ અહીં તાલીમ આપીને સજ્જ કરવામાં આવતા હતા. જાણવા મળેલું છે કે ગ્રામ્ય સેવા કેન્દ્ર, અંકલેશ્વરના સંચાલક મંડળમાં રેવ. ડેવિડે હોદ્દેદાર તરીકે સેવાઓ આપેલી છે.

આ પ્રોજેક્ટને આશ્રયે એક ખૂબ જ નોંધપાત્ર શિબિર દેવગઢબારિયામાં યોજવામાં આવી હતી. તેમાં ૮૦ જેટલા

આદિવાસી ખેડૂતો આવ્યા હતા. ત્યાંના પાળકગૃહના ધાબા ઉપર આ મિટીંગ ચલાવવામાં આવી હતી. આ તાલીમાર્થી ખેડૂતો માટે રહેવાની, જમવાની, રાત્રિના આરામની અને શિક્ષણકાર્ય માટેની સમગ્ર વ્યવસ્થા આ એક જ સ્થળે હતી. આ શિબિરમાં થયેલા કામના પરિપાક રૂપે કેટલાક ખેડૂતોએ ખેતીના નવા તરિકાઓનો અમલ કર્યો હતો. ઘેર જઈને તેમણે શાકભાજીનાં વાવેતર કર્યાં હતાં, બગીચા બનાવ્યા હતા અને લીંબુ તથા પપૈયાની વાડીઓ તૈયાર કરી હતી. આમ શિબિરને સારી સફળતા મળી હતી.

**સુવાર્તાપ્રચાર અને ધર્મજાગૃતિ :**

બીજા વિભાગ દશ્યશ્રાવ્ય શિક્ષણમાં સુવાર્તાપ્રચાર અને ધર્મજાગૃતિના હેતુઓ માટે ફિલ્મ અને ચિત્રો બતાવવાની કામગીરીનો સમાવેશ થયેલો હતો. આ ફિલ્મો ગ્રામવિસ્તારોની મંડળીઓમાં પ્રભુમંદિરોમાં અને જ્યાં લોકો એકત્ર થઈ શકે એવી અનુકૂળતા હોય એવાં જાહેર સ્થળોમાં બતાવવામાં આવતી હતી. રેવ. બાઉમન વર્ષમાં બે વખત લગભગ એક એક માસનો પોતાનો મોટા ભાગનો સમય આ કામ માટે ઉપયોગમાં લેતા હતા.

તેમણે જબલપુરની ખ્રિસ્તી દશ્યશ્રાવ્ય સેવા સંસ્થામાંથી બે ફિલ્મ ભાડે લીધી હતી. એ ફિલ્મ બતાવવા માટે એક આખા માસ દરમિયાન ઘણાં સ્થળોમાં તેઓ જઈ આવ્યા હતા. દરરોજ સાંજે આ ફિલ્મ બતાવવામાં આવતી હતી. દેવળમાં, ગામના કેન્દ્રસ્થ સ્થળે, હાઈસ્કૂલોમાં અથવા અન્યત્ર સાનુકૂળ સ્થળે આ ફિલ્મ જોવા ઘણાં પ્રેક્ષકો ઉપસ્થિત રહેતાં હતાં. કેટલીક વખત તો હજારો પ્રેક્ષકોની હાજરી જોઈને રેવ. બાઉમન તથા તેમના સાથી સંચાલકોને અનહદ આનંદ અને ઉત્તેજન મળતાં હતાં.

વિશેષમાં પરદેશથી એક ખાસ ભેટ તરીકે મિશને મોકલાવેલી આર્થિક સહાય દ્વારા રેવ. બાઉમને સુવાર્તાપ્રચાર, ખ્રિસ્તી શિક્ષણ

અને ધર્મજાગૃતિ જેવા બહુવિધ હેતુઓ સફળ કરવા માટે નીચે દર્શાવેલી પાંચ ફિલ્મ ખરીદી હતી.

૧. King of kings (રાજાઓના રાજા - ઈસુ)

૨. The transformed life (જાખીનું જીવન ચરિત્ર)

૩. Return to Nazareth (ઈસુ જીવન દર્શન)

૪. Which will ye have (ઈસુના ક્રૂસાવરોહણ સમયના લૂંટારા બારાબાસના જીવન પર આધારિત કથાનક)

૫. Wheels of life (આરોગ્ય અને પોષણ)

આમાંની પ્રથમ ચાર ફિલ્મો બાઈબલ આધારિત હતી અને પાંચમી ફિલ્મ ગ્રામ આરોગ્ય અને સામાજિક સુધારણા માટેની હતી.

વળી રેવ. બાઉમને ફિલ્મસ્ટ્રીપની લાયબ્રેરીની પણ વ્યવસ્થા કરી હતી. તેમાં તેમણે ૧૭૦ જેટલી ફિલ્મસ્ટ્રીપો વસાવી હતી. એ ફિલ્મસ્ટ્રીપો તેમને એક મંડળી તથા કેટલાક દાતાઓ તરફથી ભેટમાં મળેલી હતી એને પાળકો તથા કોન્ફરન્સના આગેવાનો એમની પાસેથી સ્થાનિક મંડળીઓના ઉપયોગ માટે લઈ જતા હતા. આ ફિલ્મસ્ટ્રીપો તેઓ એક બે માસ સુધી પોતાની મંડળીમાં રાખી શકતા હતા.

આ ફિલ્મસ્ટ્રીપોની બનાવટ ઊંચી કક્ષાની હતી અને એ બાઈબલની વાર્તાઓ, ઉદાહરણો, જીવનચરિત્રો અને બાઈબલનાં સત્યો પર આધારિત હતી. એમાં નાનાં જૂથો બાઈબલનો અભ્યાસ અસરકારક રીતે કરી શકે અને સમજી શકે એવા ઉત્તમ અર્થ સમજાવેલા હતા.

તદુપરાંત રેવ. બાઉમન પાસે પાંચ ફિલ્મ પ્રોજેક્ટર પણ હતાં. એને પાળકો તથા આગેવાનો પેલી ફિલ્મસ્ટ્રીપની સાથે લઈ જતા હતા.

**પ્રભુની સેવા અંગે રેવ. બાઉમનની ફિલસૂફી :**

પુષ્કળ પ્રમાણમાં ભૌતિક સાધનો અને સંપત્તિના ઉપયોગ દ્વારા રેવ. બાઉમન આ બધી પ્રવૃત્તિઓ અને સેવાકાર્યો કરતા હતા. આ બધામાં ઈશ્વરવિદ્યાને વફાદાર રહેવાનું અને ખ્રિસ્તી સિધ્ધાંતોને સાચવી રાખવાનું તેઓ કદી ચૂક્યા નથી. તેઓ ખાતરીપૂર્વક એવું જણાવે છે કે પોતે પ્રભુ ઈસુના ઉપદેશ અનુસાર કામ કરી રહ્યા હતા. વળી તેઓના જણાવ્યા પ્રમાણે તેમણે પોતાનાં કામમાં પ્રભુને પૂરતું પ્રાધાન્ય આપેલું હતું. તેમણે ખ્રિસ્તી ઈશ્વરવિદ્યાના સિધ્ધાંતોમાં કદી પણ કશી બાંધછોડ કરેલી ન હતી.

કચડાયેલા વર્ગના લોકો અને આશાવિહીનોના ઉત્થાન માટે તેમને પ્રારંભમાં જે જુસ્સો અને આતુરતા હતાં તે છેવટ સુધી સતત ટકી રહેલાં હતાં. વળી તેમણે પોતે કરેલાં સેવાકાર્યોમાં જે પધ્ધતિ અને પ્રક્રિયા અપનાવ્યાં હતાં તેને લીધે તેમના જુસ્સામાં જરાય ઓછપ આવી ન હતી, બલકે તેમાં વધારો થતો રહ્યો હતો.

આ બધાં સેવાકાર્યોની વચ્ચે લોકોની સાથે વ્યસ્ત રહેતી વખતે, શૈક્ષણિક કાર્યવાહી કરતી વખતે તેમ જ પોષણ, આરોગ્ય, આર્થિક વિકાસ, વ્યાવસાયિક માર્ગદર્શન અને અન્ય સહાયનાં સેવાકાર્યો કરતી વખથે તેમને એ બાબત સતત ધ્યાનમાં રહેલી હતી કે આ બધું કરવા છતાં પણ જો તેઓ પોતે પ્રભુ ઈસુમાં રહેલી મહાન ઉધ્ધારક આશા એ લોકોને આપી શકે નહિ અને લોકોને તેનો અનુભવ કરાવી શકે નહિ તો એ તમામ સેવાકાર્યો નિરર્થક છે.

રેવ. બાઉમન એવું પણ માનતા હતા કે ખ્રિસ્તી વિશ્વાસ વિનાની કરણીઓ માત્ર રણકાર કરનાર પિત્તળ અને ઝમકાર કરનાર ઝાંઝના જેવી અર્થહીન છે. તેમને સતત મનમાં એવું રહેલું હતું કે તેઓ જે કંઈ કરે છે તેમાં જો તેઓ ખ્રિસ્તની સુવાર્તાનો

સંદેશો આપે નહિ તો ભારતમાં આવવામાં તેમનો કોઈ અર્થ રહેલો ન હતો.

વિશેષમાં તેઓ મક્કમપણે સ્વીકારતા હતા કે લોકોનો આર્થિક અને સામાજિક ઉત્કર્ષ કરવામાં આવે એ તો નજીવી મદદ માત્ર છે. પરંતુ તેમને અદ્દ્ભુત ઉધ્ધારની ખાતરી કરાવવામાં આવે અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા નવું જીવન આપવામાં આવે એ જ તેઓને માટે એક ઉમદા ભેટ છે. જો એ ઉમદા તારણની ભેટ પ્રભુ ઈસુની મારફતે લોકોને મળે એમાં તેઓ પોતે નિષ્ફળ જાય તો ભારતમાં આવવાના તેમના પોતાના મુખ્ય હેતુમાં તેમને નિષ્ફળતા મળેલી ગણાય એવું રેવ. બાઉમન માનતા હતા.

**સેવાકાર્યની પૂર્ણાહુતિ અને વસમી વિદાય :**

ઈશ્વરવિદ્યાની એ ફિલસૂફીને સતત દષ્ટિ સમક્ષ રાખીને પૂરી સભાનતા સાથે તેમણે ગુજરાતમાં મિશનરી સેવા કરી હતી. સાદગી, શ્રદ્ધા, સમર્પણ અને સેવાભાવનાથી રેવ. ડેવિડ બાઉમન અને શ્રીમતી ફેઈથ બાઉમન ઈ.સ. ૧૯૫૧ના માર્ચથી ઈ.સ. ૧૯૮૬ના મે માસ સુધીનાં ૩૫ વર્ષો દરમિયાન મિશનરી સેવામાં દઢતાપૂર્વક લાગુ રહ્યાં હતાં. એમણે એ સંનિષ્ઠ સેવાઓ પૂરી કરી ત્યાર પછી ગુજરાતમાં વિદેશી મિશનરીઓની આ ક્ષેત્રની સેવાઓનું સુવર્ણ પ્રકરણ સમાપ્ત થયેલું છે.

ગુજરાતમાં મેથોડિસ્ટ મિશનના મિશનરી કાર્યનો એટલે કે પરદેશી મિશનરીઓની પરંપરાનો સુવર્ણયુગ મિશનરી રેવ. ડૉ. વિલ્યમ બટલરના વડોદરામાં આગમન સાથે ઈ.સ. ૧૮૭૨થી શરૂ થયો હતો. સંતો સમા એ મિશનરીઓના આગમનની પરંપરામાં ઈ.સ. ૧૯૫૧ના માર્ચ માસમાં રેવ. ડેવિડ બાઉમન ગુજરાતમાં પધાર્યા હતા. તેના આગમન વખતે ગુજરાત કોન્ફરન્સમાં પરદેશથી

પધારેલા બધા મળીને ૨૨ મિશનરીઓ વિવિધ સ્થળે સેવા સંભાળી રહેલા હતા.

રેવ. અને શ્રીમતી બાઉમન નિવૃત્ત થયાં ત્યારે એમને નિવૃત્તિ સન્માન આપવા માટે ગ્રામ્યમંડળીઓમાં ઠેર ઠેર તેમને નિમંત્રણ આપવામાં આવ્યાં હતાં. તેમના માટે યોજવામાં આવેલા વિદાય સન્માન સમારંભોમાં તેમને પ્રતિક ભેટો આપવામાં આવી હતી અને ફૂલોના હારથી તેમનો ભાવપૂર્વક આદર કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં તેમણે કરેલી સેવાની કદર કરવામાં આવી હતી. આ સમારંભો તેમની સેવાની યશકલગી સમા હતા. મંડળીઓએ સ્વજન જેવાં પોતાનાં વહાલસોયાં મિશનરીઓને ભાવભરી વસમી વિદાયો આપી હતી.

તેમની નિવૃત્તિ અગાઉનાં ત્રણ વર્ષ દરમિયાન માત્ર તેઓ બે જ મિશનરીઓ બાકી રહેલાં હતાં. એ બે છેલ્લા મિશનરીઓએ તા.૨૨, મે ૧૯૮૬ના રોજ ભારતને અલવિદા કરી ત્યારે તે દિવસે તેમની વિદાય સાથે પરદેશી મિશનરીઓની પરંપરાનો યુગ સમાપ્ત થઈ ગયો.

સલામ રેવ. ડેવિડ બાઉમનને તથા શ્રીમતી ફેઈથ બાઉમનને !

□

## ૯

# બાઉમનની બિરાદરી

રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમનના વ્યાવહારિક જીવનના કેટલાક પ્રસંગોની રસપ્રદ વાતો ખાસ કરીને ખેડા અને પંચમહાલ જિલ્લાના ગ્રામ પ્રદેશ તેમ જ શહેરી વિસ્તારોમાંથી આપણા લોકો પાસેથી સાંભળવા મળેલી છે. તેમાંના થોડા પ્રેરક પ્રસંગોનો ઉલ્લેખ આ પ્રકરણમાં કરવામાં આવેલો છે. એ દ્વારા એમની સ્વાભાવિકતા, સરળતા, સેવાતત્પરતા અને એમના કૌટુંબિક ગૃહજીવનનો ખ્યાલ આવી શકશે.

**૧. દાદા અને બાપુજી :**

રેવ. ડેવિડ બાઉમન જ્યારે ગોધરામાં હૉસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટ હતા ત્યારે એ હૉસ્ટેલમાં ૧૫૦ કુમારો હતા. એક વખતે હૉસ્ટેલના એ છોકરાઓ અને કેટલાક આગેવાનોની એક સભામાં તેઓ વાર્તાલાપ આપતા હતા. એ પ્રસંગે વાતવાતમાં તેમણે કહ્યું કે મારે એક અથવા બે નહિ પણ એકસો પચાસ છોકરાઓ છે. એ સાંભળીને સૌ ખડખડાટ હસી પડયા હતા.

આ છોકરાઓ રેવ. બાઉમનને સાહેબ કહીને બોલાવતા હતા. આગળ જતાં રેવ. બાઉમન સાથે તેમનો પરિચય ગાઢ થયો ત્યારે તેમનામાં તેમને એક વત્સલ વડીલનાં દર્શન થયાં. એવા આત્મીય અનુભવ પછી છોકરાઓએ રેવ. બાઉમનને 'બાપુજી'ના નામે બોલાવવાનું શરૂ કર્યું હતું અને નાના છોકરાઓ તેમને 'દાદા'ના નામથી સંબોધન કરવા લાગ્યા હતા.

આ રીતે રેવ. બાઉમન ૧૫૦ છોકરાઓના બાઉમનદાદા તરીકે પ્રિય પાત્ર થયેલા હતા.

**૨. બાળકોના પ્યારા બાઉમન :**

બાળકોની સાથે કામ કરવામાં રેવ. બાઉમન અને શ્રીમતી ફેઈથ બાઉમન જીવનનો અનેરો આનંદ અનુભવતાં હતાં. બાળકોને પ્રવાસમાં લઈ જવાં, તેમને તળાવમાં તરવા લઈ જવાં અને બાઈબલના શિક્ષણ દ્વારા તેમને પ્રભુ ઈસુનું જ્ઞાન તથા ધર્મસંસ્કારો આપવા એ બધી બાબતોમાં તેમણે ખૂબ જ કાળજી રાખી હતી.

નાતાલના દિવસોમાં તેઓ તેમને ક્રિસ્ટમસ કાર્ડ બનાવતાં શીખવતાં હતાં. તેઓને પોતાના બંગલામાં બોલાવીને રમતો રમાડતાં હતાં અને નવાં નવાં ગીતો અને રાગ શીખવતાં હતાં.

હૉસ્ટેલમાં, સન્ડે સ્કૂલમાં, પ્રભુમંદિરમાં અને ગામડાંનાં ફળિયામાં રેવ. બાઉમનને જોઈને બાળકો ઘેલાં ઘેલાં થઈ જતાં હતાં અને તેમને વીંટળાઈ વળતાં હતાં.

સાચે જ તેઓ બાળકોના પ્યારા બાઉમન હતા.

**૩. બામણ સાહેબ :**

કેટલાંક ગામડાંઓમાં સાક્ષરતાનું પ્રમાણ નજીવું હતું. એવાં ગામડાંમાં લોકોને રેવ. બાઉમનના નામના ઉચ્ચારનો તથા નામનો અર્થ સમજાય તેવો ન હતો. જો કે સાક્ષરો પણ એ સમજી શકે તેમ નથી ! આ પુસ્તકના લેખકને પણ બાઉમન શબ્દના અર્થની જાણકારી નથી.

પેલા ગ્રામજનો, 'બ્રાહ્મણ' શબ્દને માનયોગ્ય ગણતાં હતાં અને રેવ. બાઉમનના નામમાં તેઓ બ્રાહ્મણ શબ્દના અપભ્રંશ સ્વરૂપ બામણ જેવો માનયોગ્ય અર્થ સમજતાં હતાં.

તેથી પંડિત જેવા પ્રેમાળ ધર્મગુરુ રેવ. બાઉમનને ગામડાગામમાં ઘણી વખત લોકો 'બામણસાહેબ' કહીને બોલાવતા હતા. આ સંબોધનમાં અતિશય આદરનો ગર્ભિત ભાવ સૂચક હતો.

**૪. દલિતોના બાઉમન :**

રેવ. બાઉમન વિષે આ પુસ્તક લખતી વખતે કેટલાક અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. એમાંથી એવું જાણવા મળ્યું હતું કે રેવ. બાઉમને શ્રીમંતો અને કુલિનો કરતાં દલિત વર્ગોમાં કચડાયેલા લોકોમાં અને અછતવાળા વિસ્તારોમાં વધારે સેવાકાર્યો કરેલાં છે.

એને લીધે કોઈ કોઈ લોકો એમના આ વધારે સેવાકાર્યોની ટીકા કરતા હતા. પરંતુ એ સેવાકાર્ય ટીકા કરવા પાત્ર કહી શકાય એવાં નથી કારણ કે રેવ. ડેવિડ બાઉમને પાળકક્ષેત્ર માટે અગર સુવાર્તિક મિશનરી ક્ષેત્ર માટે નહિ પણ આવા દલિત અને કચડાયેલા વર્ગોમાં કામ કરવા માટે જ પ્રભુનું તેડું સ્વીકારેલું હતું. આ તેમની એક આગવી ફિલસૂફી હતી.

પોતાની મિશનરી સેવા દરમિયાન સામાજિક સેવા અને દલિત લોકોમાં પ્રભુના કાર્યને તેમણે વચન અને વર્તન દ્વારા પ્રાધાન્ય આપેલું હતું.

**૫. કપડાંનું સાંધણકામ :**

રેવ. અને શ્રીમતી બાઉમન વડોદરા અને ગોધરાની હોસ્ટેલ પર ફરજ બજાવતાં હતાં, ત્યારે કેટલાંક છોકરાઓની ચડ્ડી કે ખમીસ ફાટેલાં હોવાના અથવા ફાટી જવાના પ્રસંગો બનતા હતા. આ છોકરાઓને આવા ફાટેલાં કપડાં સાંધવાનું આવડે નહિ એ સ્વાભાવિક છે.

આવા કુમારોના તથા કેટલીક વખત હૉસ્ટેલ અને બંગલાના કર્મચારીઓનાં ફાટેલાં કપડાં સાંધી આપવા માટે રેવ. બાઉમન તેમને શ્રીમતી ફેઈથની પાસે લઈ જતા હતા.

શ્રીમતી બાઉમન આવાં કપડાને હોંશે હોશે સાંધી આપતાં હતાં. કોઈ કોઈ કિસ્સામાં થીંગડા પણ મારી આપતાં હતાં.

એક વખત રેવ. બાઉમન બહારથી ઘેર આવ્યા. ત્યારે તેમણે બંગલાની પરસાળમાં એક માણસને અંગરખા વગર ઉઘાડે શરીરે બેઠેલો જોયો. પછી તેઓ અંદર ગયા અને અંગરખા વગરના પેલા માણસની વાત શ્રીમતી ફેઈથને જણાવી.

એ સાંભળીને શ્રીમતી ફેઈથ ઉતાવળાં ઉતાવળાં થઈ ગયાં. તેમણે કહ્યું કે એનું ફાટેલું પહેરણ તો તેમણે પોતે સીવવા માટે લીધેલું છે. તેથી તે ખુલ્લો છે. પછી એ સીવવાનું અને તેને પાછું આપવાનું વીસરાઈ જવાયું છે. રેવ બાઉમન દ્વારા એકદમ એ યાદ આવી ગયું. પછી તરત જ એ પહેરણને હેતના ટાંકા મારીને સુંદર સાંધા સાથે પેલા ભાઈને પહેરાવી દીધું. અને વિલંબ બદલ દિલગીરી વ્યક્ત કરી.

પેલું ફાટેલું પહેરણ સંધાઈ જવાને લીધે પેલો માણસ તો રાજીના રેડ થઈ ગયો.

**૬. ચાનો મારો, નહિ છુટકારો :**

આપણાં ગામડાંઓમાં અતિથિઓનો આવકાર કરવા માટે ચાની પ્રથા ચાલતી આવેલી છે. ભોજન કરાવ્યું હોય પણ ચા પીવડાવવાનું રહી ગયું હોય તો જમાડયા તો ખરા પણ ચાનો ભાવેય પૂછયો નહિ એવી ટીકાઓ થતી હોય છે. આ સંજોગોમાં ચા એ શિષ્ટાચારનો ખાસ સંકેત ગણાય છે.

રેવ. બાઉમન જ્યારે ગામડાઓમાં મુલાકાત અથવા અન્ય પ્રસંગે જતા હતા ત્યારે ચાનો સતત મારો ચાલતો હતો. તેમની આગળ ઘેરઘેર ચા ધરવામાં આવતી હતી. દિવસમાં પચીસ પ્યાલા જેટલી ચા થઈ જતી હતી. રેવ. બાઉમન વગર આનાકાનીએ એ પી જતા હતા.

ઘણી વખત પ્રમાણમાં વધારે ચા પિવાઈ ગઈ હોય ત્યારે પણ એમને ચા પીવાનો આગ્રહ કરાતો હતો. આવા પ્રસંગે ગ્રામજનોને

ખોટું ના લાગે તે માટે તેઓ ના પાડવાને બદલે ખુશીથી ચા પી લેતા હતા.

આમ જાણે કે ચાનો મારો થતો હતો, પણ તેમાંથી છુટકારો થતો ન હતો.

**૭. ભજિયાંની લારી આગળ :**

રેવ. ટી.જી. ગોહિલે કહેલી આ વાત છે : રેવ. ગોહિલ ઈ.સ. ૧૯૪૭ થી ૧૯૫૮ દરમિયાન મિશન સ્કૂલોના સુપરવાઈઝર હતા. ત્યારે ઈ.સ. ૧૯૫૧ પછીના અરસામાં રેવ. બાઉમન નડિયાદ ડિસ્ટ્રીક્ટના ડિસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડન્ટ હતા. ઘણી વખત તેમને બંનેને એકબીજાની સાથે પ્રવાસે જવાનું થતું હતું.

ડિસ્ટ્રીક્ટના પ્રવાસમાંથી પાછા તેઓ નડિયાદ પરત આવતા ત્યારે કેટલીક વાર પોતાના બંગલે ગયા પહેલાં રેવ. બાઉમનને ભૂખ લાગતી. આવા વખતે તેઓ લારીમાંથી ભજિયાં ખરીદતા હતા. અને પોતાના પદ કે પ્રતિષ્ઠાની પરવા રાખ્યા સિવાય સામાન્ય વ્યક્તિની માફક તેઓ સ્ટેશનની પાસે લારી આગળ ઊભા ઊભા કાગળના પડીકામાંથી ભજિયાં ખાતા હતા. અને પોતાની ભૂખ ભાગતા હતા.

ના કશો આંડબર, ના કશું અભિમાન કે નહિ કશી મોટાઈ ! એક અદના આદમી જેવો સાદો સીધો વ્યવહાર !!

**૮. મરઘાંનો ચોર :**

એક રાત્રે તેમના બંગલામાં ચોર આવ્યા. તેઓ ઘરફાડુ ચોર ન હતા. મરઘાં ચોરી જવા માટે આવેલા હતા. તેઓ ખડો ખોલીને તેમાંથી મરઘાં કાઢવા લાગ્યા.

ચોર આવ્યા હોય એવો ગણસારો લાગવાથી રેવ. બાઉમન જાગી ગયા. તેમને ખ્યાલ આવી ગયો કે ખડામાંથી મરઘાંની ચોરી થઈ રહી છે. એ ખડો હોસ્ટેલનાં મરઘાંનો હતો. એની બાજુમાં તેમની પોતાની માલિકીનાં મરઘાંનો ખડો હતો.

આ સંજોગોમાં કશા જ ઉશ્કેરાટ કે રઘવાટ સિવાય તેઓ ચોરને કહેવા લાગ્યા કે ભાઈ, એ ખડામાં તો હોસ્ટેલનાં મરઘાં છે. એ ના લેશો. એની બાજુમાં અમારાં પોતાનાં મરઘાંનો ખડો છે. એમાંથી જોઈએ એટલા મરઘાં લઈ જાઓ. એ સાંભળીને ચોર છાનામાના ચાલ્યા ગયા.

છે ને બાઉમનની બિરાદરી !

૮. ગર્લ ફ્રેન્ડને મળવા જતાં :

ગુજરાતની મેથોડિસ્ટ મંડળીના એક બુઝુર્ગ આગેવાન રેવ. આર. એમ. રાઠોડે કહેલી આ વાત છે :

ડેવિડ એક વખત એમનાં ગર્લ ફ્રેન્ડને મળવા જતા હતા. ચોખવટ કરી લઈએ કે એ ગર્લ ફ્રેન્ડ બીજાં કોઈ નહિ પણ કુ. ફેઈથ વેબર હતાં.

બંનેએ મુંબઈમાં મળવાનું નક્કી કર્યું હતું.

ડેવિડ ગોધરાથી મુંબઈ જવા નીકળેલા. અને વચ્ચે ગાડી રોકાવાને લીધે દાદર સ્ટેશનના પ્લેટફોર્મ પર ઊતર્યા હતા. એ જ વખતે રેવ. આર.એમ. રાઠોડ પણ અમદાવાદથી મુંબઈ જતા હતા. તેમણે ડેવિડને જોયા.

ડેવિડ દાદર સ્ટેશન પર ઊતરીને પ્લેટફોર્મ પરના પાણીના નળે મોં ધોતા હતા. તેમનો આખો ચહેરો સાબુના ફીણથી ઢંકાઈ ગયો હતો. તેઓ ઘસી ઘસીને સાબુ લગાવતા હતા. એ જોઈને રેવ. રાઠોડે તેમને પૂછયું કે સ્ટેશન પર આ શું માંડયું છે ?

ડેવિડે કહ્યું કે મારી ગર્લ ફ્રેન્ડને મળવા માટે હું મુંબઈ જાઉં છું. હું એને કેવો લાગીશ ?

ત્યારે પોતાની ટીખળવૃત્તિ માટે જાણીતા રેવ. રાઠોડે તેમને કહ્યું કે ડેવિડ, તમે તો ફેઈથને બહુ જ ગમશો.

એ સાંભળીને ડેવિડના ગોરા ગાલવાળા રૂપાળા મુખડા પર લાલિત્યની લાલિમા ફરી વળી હતી !

વાસ્તવમાં જેઓ ગર્લ ફ્રેન્ડને મળવા જતા હોય છે તેઓને આવું જ થતું હોય છે !

**૯. રેવ. બાઉમન અને ભીંડા :**

વડોદરાના શ્રી રતિકુમાર મેકવાને લખી જણાવેલી આ વાત છે. ઈ.સ. ૧૯૫૯ના અરસામાં શ્રી રતિકુમાર રેવ. બાઉમનને કોઈ કામ અંગે મળવા ગયા હતા. તેઓ તેમની ઓફિસે ગયા ત્યારે તેમને ખબર મળી કે રેવ. બાઉમન બહાર ગયા છે.


એટલે શ્રી રતિકુમાર તેમની રાહ જોઈને બેઠા. એવામાં તેમના જાણવામાં આવ્યું કે તેઓ ભીંડા તોડી લાવવા બગીચામાં ગયા છે.

હોસ્ટેલના છોકરાઓના ભોજન માટે રેવ. બાઉમન એકલા એકલા ભીંડા તોડી રહ્યા હતા. એ જાણીને શ્રી રતિકુમાર તેમની પાસે બગીચામાં ગયા. અને તેમની સાથે ભીંડા તોડવાના કામમાં લાગ્યા. ત્યારે રેવ. બાઉમને કહ્યું કે 'રહેવા દો. તમને ખુજલી થશે. મને તો ભીંડા તોડવાનો મહાવરો છે.' આ વખતે શ્રી રતિકુમારે રેવ. બાઉમનની ભૂરી આંખોમાં અને ગૌર ચહેરામાં પ્રભુ ઈસુનાં દર્શન કર્યાં હતા.

શ્રી રતિકુમારે જણાવ્યું કે આ કામ તો કર્મચારીશ્રીઓને અગર વિદ્યાર્થીઓને સોંપી શકાય. તેના જવાબમાં રેવ. બાઉમને કહેલું કે છોકરાઓને એ કામ સોંપવાથી તેમના અભ્યાસ અને આરામનો સમય બગડે છે. અને કર્મચારીઓને સોંપવાથી કેટલીક વખત કામમાં ચોકસાઈ અને વફાદારી જળવાતી નથી. એટલે વિદ્યાર્થીઓના હિતમાં શાકભાજી તોડવાનું આ કામ હું જાતે જ કરું છું.

વાત પૂરી કરતાં શ્રી રતિકુમારે લખ્યું છે કે આનું નામ મિશનરી. આ અને આવાં સેવાનાં અને ભલાઈનાં કામોને લીધે એક ભલા મિશનરી તરીકે રેવ. બાઉમન સાહેબને ગુજરાત કાયમ યાદ કરશે.


□



ગોધરામાં નવા નાખવામાં આવેલાં પાણી-પંપનું પાણી
શ્રીમતી બાઉમન પી રહ્યાં છે.



મોટર સાયકલ પર રેવ. અને શ્રીમતી બાઉમન



રેવ. પી. બી. રાઠોડ સાથે છ ગ્રામસેવકો




નવા મકાનના ઉદ્દ્ઘાટનવિધિમાં સંદેશો આપતા
રેવ. ડેવિડ બાઉમન



ભૂતપૂર્વ મિશનરી મેનીંગ્સ સાથે ગ્રામસેવકો અને
અન્ય અમેરિકન યુગલ



રેવ. અને શ્રીમતી ડેવિડ બાઉમન



ગ્રામસેવકો સાથે :
હાથશાળ પર
વણાટકામનું શિક્ષણ



રેવ. બાઉમનનો દીકરો માર્ક વાવડી ગામમાં ડેરીની
ગાયોનું દૂધ ગામનાં બાળકોને વહેંચે છે.

# ૯

# સફળ નિવૃત્તિ અને સ્વદેશગમન

**ઉપસંહાર :**

રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમન પ્રભુના અદના સેવક-સેવિકાના સ્વરૂપમાં મિશન રૂપી ક્ષેત્રના એક ખંતીલા ખેડૂત હતા. તેઓ ભૂમિને હળથી પરિશ્રમપૂર્વક ખેડવા અને તેમાં પ્રભુ ઈસુની સુવાર્તા રૂપી બીનું વાવેતર કરવા માટે ભારતમાં આવ્યા હતા.

એ બીમાંથી છોડ ઊગે અથવા વૃક્ષ થાય અને એને ફળ લાગે તેની તેમણે સતત સાવધાની રાખી હતી. એમના સેવાકાર્યની સફળતા સ્વરૂપે ગુજરાતમાં સુવાર્તિક કામમાં પ્રગતિ થયેલી છે. અને પ્રભુના નામને માન, મહિમા, સ્તુતિ અને ગૌરવ મળેલાં છે. વળી મબલક, પ્રમાણમાં ફળ મળેલાં છે એ ખાતરીપૂર્વકની વાત છે.

રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથના સ્વદેશગમન સાથે ગુજરાતમાં પ્રેમાળ, પ્રતિષ્ઠિત અન પ્રતિભાસંપન્ન પરદેશી મિશનરીઓની પ્રેરક પ્રવૃત્તિઓની પરંપરા પૂરી થયેલી છે. આ મિશનરી દંપતી એ પરંપરાનાં છેલ્લાં મિશનરીઓ તરીકે ૩૫ વર્ષની સુદીર્ઘ સફળ અને યશસ્વી સેવાનો ભવ્ય અને ઉમદા વારસો મૂકી ગયેલાં છે. એનો પર્યાય મળવો મુશ્કેલ છે.

**અનુજોમાં ઊતરેલો સંસ્કારવારસો :**

અગાઉ 'દામ્પત્ય જીવન અને.....મિશનરી સેવા' પ્રકરણના 'પુત્રદાન' શીર્ષક હેઠળ અટકાવેલી વાતને અહીં પૂરી કરીએ.


રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમનનું દાંપત્યજીવન સહમતી, શાંતિ, સેવા અને આત્મિક સમૃદ્ધિથી છલકાતું હતું. એ

દાંપત્યજીવનમાં પ્રભુએ તેમને આપેલા પ્રતિદાન સમા બે દીકરાઓ માર્ક સ્તેફન અને ફિલિપ ડેવિડને તેમણે ઈશ્વરના જ્ઞાનમાં તથા પ્રસન્નતામાં ઉછેર્યા છે. અને બંને દીકરાઓ પ્રભુએ તેમને આપેલી શ્રેષ્ટ ભેટ, ઉત્તમ આશીર્વાદ અને અખૂટ ધન જેવા છે.

મોટા દીકરા માર્ક સ્તેફનનો જન્મ અમેરિકામાં અને નાના ફિલિપ ડેવિડનો જન્મ તેમના સેવાક્ષેત્ર ગુજરાતની અમૂલનગરી નામે ઓળખાતા આણંદ શહેરમાં થયો હતો.

માર્કે વૂડ સ્ટોક લેંગ્વેજ સ્કૂલ મસુરીમાં અભ્યાસ કરીને ઈ.સ. ૧૯૭૫ના જૂન માસમાં હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યું હતું. વળી જ્યારે કુટુંબ રજા ગાળવા ઓહાયોમાં હેનરીએટા મુકામે ગયું હતું. ત્યારે માર્કે ઈલિરિયાની લોરેન કન્ટ્રી કોમ્યુનિટી કૉલેજમાં દાખલ થઈને અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી તેઓ મિનેસોટા યુનિવર્સિટીની કૉલેજમાં દાખલ થયા હતા. તેમાં અભ્યાસ કરીને ઈ.સ. ૧૯૮૦માં વિનયન ક્ષેત્રની પદવી પરીક્ષા પાસ કરી હતી. વચગાળાના સમયમાં તેઓ ભારતમાં પાછા આવ્યા હતા. અને ડૉ. ઓલ્સનની સાથે ભારતની ઉત્તર સરહદે મસુરીની આજુબાજુના ડુંગરાળ ગ્રામ પ્રદેશમાં સુવાર્તાનું કામ કર્યું હતું.

ઈ.સ. ૧૯૮૦માં માર્કનાં લગ્ન રોચેસ્ટરની કન્યા જેનિસ ડ્રેવ્સની સાથે થયાં હતાં. પોતાનાં માતાપિતાને પગલે આ દંપતી માર્ક-જેનિસને પણ મિશનરી સેવાકાર્ય માટે ભારતમાં આવવાની અદમ્ય ઈચ્છા હતી. પરંતુ આ કામને માટે તેમને વિઝા મળી શક્યો નહી. તેથી તેઓ ભારતમાં આવી શક્યાં નહિ. એનો એમને ખૂબ જ રંજ થયો હતો. પછી તેમણે અન્ય કોઈ દેશમાં જવાનું નક્કી કર્યું. એમની આતુરતા અનુસાર એમને ઇન્ડોનેશિયામાં જવાની અનુકૂળતા પ્રાપ્ત થઈ શકી. મેન્નોનાઈટ સેન્ટ્રલ કમિટીના આશ્રયે કૃષિવિષયક પ્રવૃત્તિઓ અને યોજના અનુસાર મિશનરી સેવાકાર્ય



ફિલિપ - ક્રિસ્ટીના - માર્ક - જેનિસ - ફેઈથ - ડેવિડ -
બેન્જામીન - રાહેલ - સારાહ

માટે તેઓ થોડા સમય માટે ઈન્ડોનેશિયામાં ગયાં હતાં. અને ઇ.સ. ૧૯૮૩-૮૬ અને ઈ.સ. ૧૯૮૯-૯૨ સુધીનાં છ વર્ષોમાં ખેતીવાડી મિશનરી તરીકે પ્રભુનું કામ કર્યું. વચ્ચેના સમયમાં ત્રણ વર્ષોમાં ઇ.સ. ૧૯૮૬થી ૧૯૮૯ માં તેઓ એક વર્ષ મિન્નેપોલિસમાં અને બે વર્ષ સુધી ફિલાડેલ્ફિયામાં રહ્યાં હતાં. અહીં ઇસ્ટર્ન કૉલેજમાં તેમણે એટલે માર્ક સ્તેફને એમ.બી.એ. (માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન) નો અભ્યાસ કર્યો હતો.

હાલમાં તેઓ તેમના કુટુંબ સાથે મેડિસન વિસ્કોનસીનમાં રહે છે. તેમના દામ્પત્યજીવનમાં ઈશ્વરપિતાએ તેમને એક પુત્ર અને બે પુત્રીઓ એમ ત્રણ સંતાનોનાં દાન આપેલાં છે. એમના સૌથી મોટા દીકરા બેન્જામીનનો જન્મ ઈ.સ. ૧૯૮૨માં મિન્નેપોલિસમાં,

દીકરી સારાહનો જન્મ ઈ.સ. ૧૯૮૪માં ઈન્ડોનેશિયામાં બોર્નિયામાં અને નાની દીકરી રાહેલનો જન્મ મિન્નેપોલિસમાં તા.૨-૧-૧૯૮૭ના રોજ થયો હતો.

રેવ. બાઉમન દંપતીના દ્વિતીય પુત્ર ફિલિપ ડેવિડ તેમની સ્કૂલ કક્ષાની શૈક્ષણિક કારકિર્દી વૂડસ્ટોક શહેરની શિક્ષણસંસ્થામાં અભ્યાસ કરીને ઈ.સ. ૧૯૭૭ના જૂનમાં પૂરી કરેલી છે. પછી તેઓ ઈમોરી એન્ડ હેનરી કોલેજમાં દાખલ થયા. સદરહુ કૉલેજ વર્જિનિયા પ્રદેશના ઈમોરી શહેરમાં આવેલી છે. એમાં અભ્યાસ કરીને ઈ.સ. ૧૯૮૧માં તેઓ ગ્રેજ્યૂએટ થયેલા છે.

ફિલિપ ડેવિડે પોતાના સેવાકાર્યની શરૂઆત ઈ.સ. ૧૯૮૧ના ઉનાળામાં કરી હતી. પ્રારંભે તેમણે કોઈનોનિયા પાર્ટનર નામની સંસ્થાના આશ્રયે જ્યોર્જિયામાં ફરજ બજાવી. ત્યાર બાદ મેન્નોનાઈટ મંડળીના સૌજન્ય અને સહકાર દ્વારા કારભારીપણાના એકવર્ષીય કાર્યક્રમ હેઠળ રિચમંડ શહેરમાં કામ કર્યું. પછીના સમયમાં કોમ્યુનિટિ ઓફ ધ સર્વન્ટ સંસ્થાના સહકારમાં એ જ શહેરના અંતરિયાળ વિસ્તારમાં ઓછી આવક મર્યાદાવાળા ગરીબ લોકોમાં તેમણે સેવાકાર્ય કર્યું.

તેમનાં લગ્ન ક્રિસ્ટીના બ્રોડવે નામની કન્યા સાથે ઈ.સ. ૧૯૮૩માં થયેલાં છે. લગ્ન પછી શ્રીમતી ક્રિસ્ટીના બોસ્ટન યુનિવર્સિટીની એક કોલેજમાં દાખલ થયાં હતાં. આ કૉલેજ બોસ્ટન શહેમાં આવેલી છે. આ બાબત ઉલ્લેખનીય છે કે આ જ કૉલેજમાં તેમના સસરા રેવ. ડેવિડ બાઉમને થિયોલોજીના શિક્ષણનો અભ્યાસ કર્યો હતો. ઈશ્વરવિદ્યાની આ સુવિખ્યાત કૉલેજમાં અભ્યાસ કરીને ક્રિસ્ટીનાએ થિયોલોજીની ડિગ્રી પ્રાપ્ત કરેલી છે. એ અભ્યાસ પૂરો કર્યા પછી તેઓ મેસેચ્યૂસેટ્સના નિધમ શહેરની ફર્સ્ટ યુનાઈટેડ

ચર્ચ ઓફ ક્રાઈસ્ટ મંડળીમાં સાથી પાળક તરીકે ધર્મસેવા બજાવી રહેલા છે.

ફિલિપ ડેવિડ બોસ્ટનની મંડળીમાં વહીવટી વ્યવસ્થાના સંચાલક તરીકેની જવાબદારી સાથે સેક્રેટરીની ફરજ સેવાભાવના સહિત સંભાળે છે. આ દંપતીએ પોતાનું ઘર આરલિંગ્ટન શહેરમાં બનાવેલું છે.*

**પ્રવૃત્તિશીલ નિવૃત્ત જીવન :**

મિશનરી બાઉમન દંપતીએ મે ૧૯૮૬ સુધી ખૂબ જ નિષ્ઠાપૂર્વક પોતાની મિશનેરી સેવાઓ બજાવી. પછી તેઓ સ્વદેશ અમેરિકામાં ગયાં. ત્યાં રજાનો સમય તેમણે ગાળ્યો. અને ૧૯૮૭ના જૂન માસની ૩૦મી તારીખે પરમ સંતોષ સાથે મિશનરી સેવામાંથી નિવૃત્ત થયા.

નિવૃત્તિ પછી તેમણે લોરેન શહેરમાં પોતાનું સ્થાયી નિવાસસ્થાન રાખેલું છે. મિશનરી સેવામાંથી નિવૃત્ત થયેલાં આ જાગૃત આત્માઓ ઠરીને બેસી રહે એવા ન હતા. ત્યાં જઈને તા.૧ જુલાઈ, ૧૯૮૭ થી તા. ૩૦ જૂન, ૧૯૯૨ સુધીનાં પાંચ વર્ષો સુધી તેમણે સિયોન મેથોડિસ્ટ ચર્ચ, લોરેનના પાળક તરીકે સેવાઓ આપી હતી.

આ મંડળી ઓહાયો રાજ્યના લોરેન શહેરમાં આવેલી છે. રેવ. બાઉમનના નિવાસસ્થાનથી તે પાંચેક કિલોમીટર જેટલી દૂર

---

* *આ પ્રભુભક્ત દંપતી હાલ મેસેચ્યૂસેટ્સના બોસ્ટન શહેરમાં રહે છે. તેમનાં લગ્નજીવનનાં ૧૧ વર્ષો પછી ઈશ્વરે તા. ૨-૮-૯૫ના રોજ તેમને પુત્રદાન આપેલું છે. જૂના કરારમાં હાન્નાની પ્રાર્થનાને પરિણામે તેની માંગણી મુજબ પ્રભુએ આપેલા પુત્રનું નામ હાન્નાએ 'સમૂએલ' પાડયું હતુ. સમૂએલ એટલે માગી લીધેલો.*
*એ જ પ્રમાણે ફિલિપ અને ક્રિસ્ટીનાના દાંપત્યજીવનમાં તેમની વિનંતીઓ સાંભળીને ઈશ્વરે આપેલા એ પુત્રનું નામ તેમણે 'સમૂએલ' રાખ્યું છે.*
*પોતાના આ વહાલસોયા પૌત્રને રમાડવામાં અને તેને આશીર્વાદ આપવામાં તેના દાદા-દાદી રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમન ખૂબ જ આનંદ અનુભવે છે.*

છે. એ પૂર્વ ઓહાયો કોન્ફરન્સની નોરવોક ડિસ્ટ્રીક્ટની એક નાની જાગૃત મંડળી છે.

શ્રીમતી ફેઈથ બાઉમન તેમના પાળક પતિ રેવ. ડેવિડ સાથે મંડળીના કુટુંબોની મુલાકાતમાં સાથીદાર બનતાં હતાં. અને મંડળીનાં સેવાકાર્યોમાં પણ સહાયકારી તરીકે સહકાર આપતાં હતાં. તદુપરાંત એ સમયમાં નોરવોક ડિસ્ટ્રીક્ટના મિશન્સનાં ડિસ્ટ્રીક્ટ સેક્રેટરી તરીકે પણ તેઓ જવાબદારી સંભાળતાં હતા.

નિવૃત્તિ બાદ ઈ.સ. ૧૯૮૮માં શ્રીમતી ફેઈથ અને રેવ. બાઉમન ભારતના પ્રવાસે આવેલા હતા. તે વખતે તેમની સાથે ૧૦ પ્રવાસીઓનું એક જૂથ પણ હતું. તેમના આ પ્રવાસનો મુખ્ય હેતુ ગુજરાતમાં મંડળીના કાર્યનો અભ્યાસ, અવલોકન, ઉપરાંત ઉત્તર ભારતનાં જોવાલાયક સ્થળોનું નિરીક્ષણ કરવાનો હતો.

ત્યારબાદ ફરીથી ઈ.સ. ૧૯૯૧ના ઑક્ટોબરથી ડિસેમ્બર સુધીના સમયમાં તેઓ ભારતમાં લાંબા પ્રવાસે આવેલાં હતાં. વળી ઈ.સ. ૧૯૯૨ના જાન્યુઆરીમાં તેમના દીકરા માર્ક સ્તેફન અને તેમના કુટુંબની મુલાકાત માટે ઈન્ડોનેશિયાની સફરે જઈ આવ્યાં હતાં.

આ પુસ્તકની હસ્તપ્રત તૈયાર થઈ રહી હતી ત્યારે ઈ.સ. ૧૯૯૫ના જાન્યુઆરી માસમાં તેઓ ગુજરાતમાં પધાર્યાં હતાં. અને વડોદરા તથા મેથોડિસ્ટ બાઈબલ સેમિનરી, વાસદમાં મુકામ રાખીને ગુજરાતની મંડળીઓમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા અને શુભેચ્છા મુલાકાત માટે જઈ આવતાં હતાં. આ સમય દરમિયાન આ પુસ્તકના લેખક સાથે પણ નડિયાદમાં તથા વાસદમાં તેમની મુલાકાત થઈ હતી. ત્યારે આ પુસ્તકની હસ્તપ્રતનું લખાણ તેમની સમક્ષ વાંચી સંભળાવવામાં આવ્યું હતું. તેમની સાથે ચર્ચા અને પરામર્શ કરવામાં આવ્યાં હતાં. તેમણે નિર્દિષ્ટ કરેલા સામાન્ય

સુધારા-વધારા આ પુસ્તકના લખાણમાં કરવામાં આવ્યા હતા. તેના વાચન પછી રેવ. ડેવિડ બાઉમન અને શ્રીમતી ફેઈથ બાઉમને સદરહુ પુસ્તક પરત્વે સંતોષ, આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. તેમની સ્વીકૃતિ પછી આ પુસ્તકની અંતિમ હસ્તપ્રત તૈયાર કરવામાં આવી હતી.

**સમાપન :**

મિશનરી સેવામાંથી નિવૃત્ત થયા પછી રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમને પાંચ વર્ષ સુધી લોરેનના સિયોન યુનાઈટેડ મેથોડિસ્ટ ચર્ચના પાળક તરીકે કામ કર્યું હતું. એ સેવામાંથી તેઓ ૩૦-૬-૧૯૯૨ના રોજ નિવૃત્ત થયેલાં છે. આ નિવૃત્તિ બાદ તેઓ બંને ઈલિરિયા યુનાઈટેડ મેથોડિસ્ટ હોમમાં માનદ્ સેવાઓ આપે છે. આ હોમમાં વૃદ્ધો અને નિવૃત્ત થયેલાંઓ પોતાની ઉત્તરાવસ્થાના સમયમાં રહે છે. રેવ. બાઉમન દંપતી એક અઠવાડિયામાં બે વખત એ હોમમાં જાય છે. ત્યાંના નિવાસીઓ સાથે તેઓ સંગત કરે છે. તેમની આગળ તેઓ બાઈબલ વાંચી સંભળાવે છે. અને વાર્તાઓ વાંચે છે. વળી તેઓ તેમની વચ્ચે ગીતો ગાય છે અને સંગીતનાં વાજિંત્રો વગાડે છે.

આયુષ્યના અંતિમ વર્ષોમાં અહીં આશ્રયસ્થાનમાં આશ્રય લઈ રહેલા વયોવૃદ્ધો અને નિવૃત્તોના જીવનમાં આલંબન બનવાનું આ એક ખૂબ આશીર્વાદિત કામ કરવામાં હાલ રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમન વ્યસ્ત રહે છે. એ રીતે તેમની નિવૃત્તિના સમયમાં વૃદ્ધોને સહાનુભૂતિ મળી રહે એવી એક સામાજિક પ્રવૃત્તિ તેઓ કરી રહેલાં છે.

અહીં એક સ્મરણીય અને રસપ્રદ બાબતની નોંધ કરતાં આનંદ થાય છે કે રેવ. બાઉમનની સ્વયંસેવાવાળા આ હોમમાં ડૉ. મેલ ઓ. વિલ્યમ્સ પણ નિવૃત્ત થયા પછી આવીને રહેલા છે. એ ડૉ.

મેલ બોર્ડ ઓફ મિશન્સના ભૂતપૂર્વ સેક્રેટરી હતા. તેમણે રેવ. બાઉમનને મિશનરી તરીકે તૈયાર કરવામાં અને તેમને આ સેવાર્થે ભારતમાં મોકલવા માટે તેમના વ્યક્તિગત જીવનમાં ખૂબ ઊંડો રસ લીધેલો હતો. અને તેમને ઉત્તેજન આપેલું હતું. રેવ. બાઉમન સહિત ઘણા મિશનરીઓને તૈયાર કર્યા હતા.

બોર્ડ ઓફ મિશન્સના આશ્રયે ડૉ. મેલ ઓ. વિલ્યમ્સે ૧,૨૦૦ નવા મિશનરીઓની ભરતી કરીને તેમને વિવિધ દેશોમાં મિશનરી સેવા માટે મોકલ્યા હતા.

આવા સ્થળે ઇલિરિયા યુનાઈટેડ મેથોડિસ્ટ હોમમાં માનદ સેવાઓ આપવામાં સંતોષ માની રહેલાં છે. અને ખાસ કરીને અન્ય વયોવૃદ્ધો તથા નિવૃત્તોની સાથે તેમના સ્વજન જેવા ડૉ. મેલ વિલ્યમ્સની સેવા કરવાનું સૌજન્ય અને અહોભાગ્ય પ્રાપ્ત થયાને લીધે રેવ. ડેવિડ નિવૃત્તિના આનંદ અને સંતોષની અનુભૂતિ અનુભવે છે.

અંતે....

અંતે ડેવિડ અને ફેઈથ સ્વદેશ તજીને પ્રભુને નામે ભારતમાં આવ્યાં. વિદેશને વતન માનીને ગુજરાતમાં વચન, વર્તન અને વાણી દ્વારા પ્રભુ ઈસુના શુભસંદેશનો ઉત્તમ નમૂનો આપ્યો અને ગુજરાતના લોકોને પોતીકા માનીને અપનાવી લીધા. એનું સ્મરણ કરતાં રેવ. ડેવિડ અને શ્રીમતી ફેઈથ બાઉમનના આ મહાસમર્પણ, સેવા અને સંગતને લીધે ગુજરાતના લોકો વતી એમના પ્રત્યે આભારી ભાવ દર્શાવતાં કૃતકૃત્યતા અનુભવું છું.

પુસ્તક સમાપન કરતાં પ્રાર્થના છે કે ઈશ્વરપિતા રેવ. બાઉમન દંપતીના સેવાકાર્યને વિશેષ ફળવંત બનાવે !.

□

# ડેવિડ બાઉમન

(ગામડાં જગાવનાર મિશનરી)

લેખક : સુરેન્દ્ર આસ્થાવાદી

## લેખકનાં અન્ય પુસ્તકો

૧. યુસફ : સંકટોનો સામનો કરનાર
પ્રકાશક : ખ્રિસ્તી આધ્યાત્મિક જીવન કેન્દ્ર,
ભરૂચ-૩૯૨૦૦૧.

૨. મુક્તિને માર્ગે (ઈસુ જીવન કથા) પદ્યમાં
પ્રકાશક : ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
અમદાવાદ-૩૮૦૦૦૬ .

૩. જીવનને જીવી જાણનારા
પ્રકાશક : મિત્રમંડળ, ખ્રિસ્તી આધ્યાત્મિક
જીવન કેન્દ્ર, ભરૂચ-૩૯૨૦૦૧

૪. મેરીનું બાઈબલ (ત્રિઅંકી નાટક)
પ્રકાશક : નડિયાદ - બાઈબલ સોસા. ઓફ ઇન્ડિયા,
(ગુજરાત ઓક્ઝિલિયરીના સૌજન્યથી)

૫. જોસફ વાન સોમરન ટેલર
પ્રકાશક : આઈ.પિ. મિશન ટ્રસ્ટ
મેનેજર્સ, ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસા.,
અમદાવાદ- ૩૮૦૦૦૬.

૬. છુટકારો : (Here is Freedom)નો અનુવાદ

## : આગામી પુસ્તકો :

૧. ડેમોલ : પ્રથમના ખ્રિસ્તી પરિવારોનો ઇતિહાસ

૨. જીવનને ઉજાળનારા

Desi. & Printed by : JENSON Computers, A'BAD.-8. • Ph. 2147641